Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૧૨
તા.૦૭-૦૯-૨૦૧૭, ગુરૂવાર
સંવત ૨૦૭૩ ભાદરવા વદ - ૦૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૫ સૂર્યાસ્ત : ૦૬:૫૨

તાપમાન: ડીસા ૩૧.૨, અમદાવાદ ૩૩.૫, ગાંધીનગર ૩૪.૦, વડોદરા ૩૩.૦, સુરત ૩૨.૨, નલિયા ૩૧.૨

ચાંદી : ૪૦૬૦૦ સોનું : ૩૦૧૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# પેન્શન યોજનાઓમાં ફેરફાર કરવા તૈયારી

### ૧૬થી વધુ સ્થળોએ એક સાથે એનઆઈએ દ્વારા તપાસ : વૃદ્ધાવસ્થા પેન્શન, વિધવા પેન્શન તેમજ દિવ્યાંગ પેન્શનમાં વધારો કરવાની હિલચાલ : બજેટ પર ૧૦થી ૧૨ હજાર કરોડનો વધારાનો બોજ પડી શકે

નવીદિલ્હી

સરકારે સામાજિક પેન્શન યોજનાઓમાં મોટા ફેરફાર કરવા માટેની તૈયારી કરી લીધી છે પરંતુ હજુ સુધી સરકારની નજર જીએસટી બાદ એકત્રિત કરવામાં આવેલા રેવન્યુ ઉપર કેન્દ્રિત છે. જીએસટી બાદ આવેલા રેવન્યુના આધાર પર ફેરફારોને અમલી કરી શકાય છે કે કેમ તેના ઉપર ગંભીરતાપૂર્વક વિચારણા ચાલી રહી છે. અંદાજ મુજબ નેશનલ સોશિયલ આસીસ્ટન્ટ પ્રોગ્રામ (એનએસએપી) જેના હેઠળ વૃદ્ધાવસ્થા સાથે સંબંધિત પેન્શન, વિધવા પેન્શન અને દિવ્યાંગ પેન્શન આપવામાં આવે છે. તેનાથી બજેટ ઉપર ૧૦થી ૧૨ હજાર કરોડના વધારાનો બોજ પડશે. હાલમાં તેનું બજેટ ૯૦૫૦૦ કરોડ રૂપિયાની આસપાસ છે. પેન્શન યોજનામાં આ ફેરફાર બાદ સરકારને આશરે ૨૨૦૦૦ કરોડ રૂપિયાનો ફંડ એકત્રિત કરવાની જરૂર પડશે. સરકારે પેન્શન સ્કીમના ફંડિંગમાં પણ મોટાપાયે ફેરફાર માટેની તૈયારી કરી છે. કેન્દ્ર સરકાર હાલની જેમ તમામ ખર્ચ પોતે ઉઠાવવાના બદલે ૪૦ ટકા રકમ રાજ્ય સરકાર પાસેથી એકત્રિત કરી શકે છે. જો આમાથી રાજ્ય સરકારનો હિસ્સો એટલે કે ૪૦ ટકા રકમને દૂર કરી દેવામાં આવે તો પણ આશરે ૧૦૦૦૦ કરોડનો બોજ કેન્દ્ર સરકાર ઉપર પડશે. પ્રસ્તાવ મુજબ કેન્દ્ર સરકાર વૃદ્ધાવસ્થા સાથે સંબંધિત પેન્શનને ૨૦૦ રૂપિયાથી વધારીને ૫૦૦ રૂપિયા કરી શકે છે. આ રીતે સરકાર વૃદ્ધાવસ્થા પેન્શનમાં અઢી ગણો વધારો કરી શકે છે. આમાં કેન્દ્ર સરકારનું યોગદાન ૩૦૦ રૂપિયા રહેશે. અને રાજ્ય સરકારનું યોગદાન ૨૦૦ રૂપિયા રહેશે. હાલમાં પેન્શન યોજનાઓ આશરે ૩.૫ કરોડ લોકોને આવરી લે છે. આનુ નેટવર્ક ૮.૭૨ કરોડ સુધી હોઈ શકે છે. ૧૮થી ૩૯ વર્ષની વિધવાઓને પણ પેન્શન આપવાની દરખાસ્ત છે. સાથે સાથે તેમને બીજા લગ્ન માટે આર્થિક મદદ પણ કરવામાં આવશે. હજુ સુધી વિકલાંગ પેન્શન મેળવવા માટે ૮૦ ટકા વિકલાંગતા જરૂરી રહે છે અને હવે સરકાર અડધી રકમ એટલે કે ૪૦ ટકા રકમ તૈયાર કરે છે. સાથે સાથે પેન્શનને ૩૦૦ રૂપિયાથી વધારીને ૫૦૦ રૂપિયા કરશે. ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા આ પ્રસ્તાવને તૈયાર કરી લેવામાં આવ્યા બાદ હવે નાણા મંત્રાલયની ખર્ચ સંબંધિત સમિતિ સમક્ષ તેને રજૂ કરવામાં આવશે. ત્યારબાદ ફંડ સાથે જોડાયેલું ચિત્ર સ્પષ્ટ થશે.

## વિચાર વૈભવ...

'મેં જોબ છોડી દીધી'
'ક્યાં હતી?'
'ટાઈમ્સમાં'
'ટાઈમ્સમાં?'
'હા'
'કેમ છોડી દીધી?'

'રોજ સવારના પહોરમાં ઠંડીમાં અને વરસાદમાં બધાનાં ઘરે ટાઈમ્સ નાખવા જવામાં બહુ ત્રાસ થતો હતો. વિચારતા એમ લાગ્યું કે આના કરતાં તો જોબ છોડી દેવામાં જ મજા છે. બસ, આ વિચારનો તુર્ત અમલ કર્યો અને જોબ છોડી જ દીધી.'

*****

કોણ જાણે કેમ પણ અહં-કારક્ષેત્રે મનને 'ટ્રેસિંગ પેપર' 'કાર્બન પેપર' કે 'ડ્રોઈંગ પેપર' બનવામાં રસ નથી પણ 'બ્લોટિંગ પેપર' બનવામાં જ રસ છે. પ્રાપ્તિ હોય અણુ જેટલી પણ પ્રદર્શન હોય મેરૂ જેટલું. વાસ્તવિકતા હોય 'બુંદ' જેટલી પણ જાહેરાત હોય 'સાગર' જેટલી. યોગ્યતા હોય કણ જેટલી પણ ફરિયાદી હોય મણ જેટલી. પરિણામ? મન સતત તનાવગ્રસ્ત અને ચિંતાગ્રસ્ત. ભયગ્રસ્ત અને દંભગ્રસ્ત. યાદ રાખજો. દૂધના ઊભરાને દૂધ માની લેવામાં છેવટે તો લમણે પીડા જ ઝીંકાય છે.

- શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ

## સાર સમાચાર...

### ૧૪ બળવાખોર સભ્યોને ગેરલાયક ઠરાવવા માંગ

અમદાવાદ

રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવાર એહમદભાઈ પટેલને મત આપવાના કોંગ્રેસપક્ષના સ્પષ્ટ વ્હીપનો અનાદર કરી ભાજપ સાથે જોડાયેલા અને વ્હીપની વિરૂધ્ધમાં મતદાન કરનારા ૧૪ બળવાખોર ધારાસભ્યોને બંધારણની અનુસૂચિ-૧૦ની જોગવાઈ મુજબ, ગેરલાયક ઠરાવવા ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા મોહનસિંહ રાઠવા અને ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષના દંડક શૈલેષ પરમાર દ્વારા આજે ગુજરાત વિધાનસભા અધ્યક્ષ સમક્ષ એક મહત્વની પિટિશન દાખલ કરવામાં આવી છે. આ અંગે ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષના દંડક શૈલેષ પરમારે જણાવ્યું હતું કે, વ્હીપના ભંગ બદલ બંધારણની અનૂસૂચિ-૧૦ મુજબ તેમ જ રીપ્રેઝન્ટેશન ઓફ ધી પીપલ એક્ટને સાથે વાંચતા છ વર્ષ સુધી આ બળવાખોર ધારાસભ્યો કોઈપણ પક્ષના કે અપક્ષ તરીકે ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠરી શકે છે. તાજેતરની રાજ્યસભાની ચૂંટણી વખતે કોંગ્રેસપક્ષ દ્વારા પક્ષના તમામ ધારાસભ્યોને કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર એહમદ પટેલની તરફેણમાં મતદાન કરવા સ્પષ્ટ વ્હીપ જારી કરાયો હતો પરંતુ ભાજપ સાથે જોડાઈ ગયેલા ૧૪ બળવાખોર ધારાસભ્યોએ પક્ષના વ્હીપનો અનાદર કરી વ્હીપથી વિરૂદ્ધ મતદાન કર્યું હતું. જેને પગલે કોંગ્રેસપક્ષ તરફથી અમે સિનિયર એડવોકેટ અને પ્રદેશ કોંગ્રેસ લીગલ સેલના અધ્યક્ષ પંકજ ચાંપાનેરી મારફતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ સમક્ષ પિટિશન દાખલ કરી છે.

# ગુજરાતમાં સ્વાઈન ફલુથી વધુ ૫ મોત, મૃતાંક ૩૮૨

### સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધીને ૫૯૧૯

અમદાવાદ

કિલર સમાન સાબિત થઇ રહેલા અને દરરોજ મોટી સંખ્યામાં લોકોને પોતાના સકંજામાં લઇ રહેલા સ્વાઈન ફલુના કારણે ગુ-જરાતમાં વધુ પાંચ લોકોના મોત થયા છે. જ્યારે ૧૨૭ નવા કેસ સપાટી ઉપર આવ્યા છે. પાંચના મોત સાથે જ મોતનો આંકડો વધીને ૩૮૨ થઇ ગયો છે જ્યારે વધુ ૧૨૭ કેસો નોંધાતા જાન્યુઆરીથી લઇને ત્રીજી સપ્ટેમ્બર સુધી કેસોની સંખ્યા વધીને ૫૯૧૯ સુધી પહોંચી ગયો છે. કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થયો છે. સ્વાઈન ફલુથી મોતના મામલામાં ગુજરાત સૌથી અગ્રણી રાજ્ય પૈકી થઇ ગયું છે. ૨૦૦૯ બાદથી સ્વાઈન ફલુના કારણે ગુજરાતમાં ૧૭૦૧ મોત થયા છે.

કિલર સ્વાઈન ફલુને કાબૂમા લેવામાં સફળતા મળી રહી છે તેવા ગુજરાત સરકારના દાવાઓ છતાં સ્વાઈન ફલુના કારણે દરરોજ મોતનો સિલસિલો જારી રહ્યો છે. એકલા અમદાવાદ શહેરમાં સ્વાઈન ફલુના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. અમદાવાદમાં સ્થિતિ ચિંતાજનક છે. એકંદરે જુદા જુદા ભાગોમાં સ્વાઈન ફલુથી મોટી સંખ્યામાં લોકો ગ્રસ્ત થયા છે. નવા નવા કેસ દર્શાવે છે કે ગુજરાતમાં હાલત કફોડી બનેલી છે. સરકારી આંકડા દર્શાવે છે કે, છેલ્લા ૧૮ દિવસના ગાળામાં સ્વાઈન ફલુના કારણે ૧૩૮ના મોત થઇ ચુક્યા છે.

# પાલનપુરમાં બંગડી ધોવાના બહાને વૃદ્ધા સાથે ઠગાઇ કરતો ગઠિયો ઝડપાયો




પાલનપુર

પાલનપુરના અંબીકાનગર વિસ્તારમાં આવેલી ગૌતમ સોસાયટીમાં બંગડીઓ ધોવાના બહાને સોનુ ઉતારી લેતા એક ગઠિયો રંગે હાથ ઝડપાઈ જતા તેને પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો.

પાલનપુર શહેરના પોષ વિસ્તાર ગણાતા એવા અંબીકા નગર વિસ્તારમાં આવેલી ગૌતમ સોસાયટીમાં રહેતા ભાનુબેન શાહ નામના વૃદ્ધા બપોરના સમયે ઘરની બહાર કુતરાને રોટલી ખવડાવતા હતા. તે સમયે સોસાયટીમાં બે ગઠિયા ફરતા હતા. જેમણે ભાનુબેન પાસે તેમના હાથમા પહેરેલી બંગડીઓ ધોવા માટે માગી હતી. ભાનુબેને પહેલા ના પાડી પરંતુ પછી બંગડીઓ ઉતારી આપી હતી. જે બંગડીઓ ધોવા આવેલા ગાંઠિયાઓએ કોઈક કેમીકલમા નાખી હતી. જેથી ભાનુબેનને પોતાની સાથે કઈક અજુગતુ થયાનો અહેસાસ થતા તેમણે બુમાબુમ કરતા સોસાયટી ના લોકો દોડી આવ્યા હતા. જોકે, આ તકનો લાભ લઈ બંગડી ધોવા આવેલા બે ગઠિયા પૈકી

અનુસંધાન પાના નં.૬

# કોંગ્રેસ ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા ઓક્ટોબર સુધી પૂર્ણ

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીઓને લઈ ગુજરાત કોંગ્રેસ દ્વારા હવે તેના સંભવિત ઉમેદવારોની પસંદગી અને ટિકિટ ફાળવણીની પ્રક્રિયા તેજ બનાવી છે. ગુજરાત કોંગ્રેસની સ્ક્રીનીંગ કમીટી દ્વારા આ મામલે મહત્વપૂર્ણ ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. કોંગ્રેસ દ્વારા ઓક્ટોબર માસના અંત સુધીમાં અથવા તો તે પહેલા ઉમેદવારોની પસંદગીની અને ટિકિટ ફાળવણીની પ્રક્રિયા પૂર્ણ કરી દેવાય તેવી પૂરી શકયતા છે. ગુજરાત કોંગ્રેસ દ્વારા આ વખતની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં

અનુસંધાન પાના નં.૬

# ટેરર ફંડિંગ : જમ્મુ કાશ્મીર અને દિલ્હીમાં દરોડાથી ભારે ચકચાર

નવી દિલ્હી

ત્રાસવાદીઓ અને અલગતાવાદીઓ ઉપર સકંજો વધુ મજબૂત કરવા અને તેમની ગતિવિધિ ઉપર બ્રેક મુકવાના હેતુસર નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ) દ્વારા આજે સવારથી જ કાશ્મીર અને દિલ્હીમાં દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હવાલા ઓપરેશનમાં સામેલ રહેલા કારોબારીઓને સકંજામાં લેવામાં આવી રહ્યા છે. ટેરર ફંડિગ અને અલગતાવાદી ગતિવિધીઓ માટે નાણાનો ઉપયોગ કરવામાં સામેલ રહેલા લોકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. આજે સવારમાં જ શ્રીનગર અને ઉત્તર કાશ્મીરના જુદા જુદા ભાગોમાં વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. જુની દિલ્હીના પાંચ વેપારીઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા. તેમના તમામ દસ્તાવેજો અને અન્ય કાગળોમાં તપાસ કરવામાં આવી રહી છે. શંકાસ્પદ સ્થળો પર વ્યાપક સર્ચ કામગીરી હાથ ધરવામાં આવી હતી. એક ફ્રી લાન્સફોટો જર્નાલિસ્ટ સહિત બે લોકોની ધરપકડ કરવામાં આવ્યાના એક દિવસ બાદ આજે સવારે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. પથ્થરમારામાં સામેલ રહેલા ફોટોગ્રાફરની ધરપકડ કરવામાં આવ્યા બાદ કેટલીક નક્કર વિગત સપાટી પર આવી હતી. સોશિયલ મિડિયા મારફતે સુરક્ષા જવાનોની સામે સમર્થન એકત્રિત કરવા માટેના પ્રયાસ પણ ચાલી રહ્યા હતા.

# "વિકાસ ગાંડો થયો છે" - ના મુદ્દે ભાજપ-કોંગ્રેસ વચ્ચે શાબ્દિક ઢીસુમ-ઢીસુમ







ડીસા

આગામી ડિસેમ્બરમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. જેને લઈ ભાજપ કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષોએ અત્યારથી જ તૈયારીઓ આરંભી દીધી છે. ભાજપ માટે ચૂંટણી એજન્ડામાં હંમેશા વિકાસ કેન્દ્રમાં રહ્યો છે. ત્યારે સામે કોંગ્રેસ વર્ષોથી પરિવર્તનની વાત આગળ લાવી ભાજપ સરકારની નિષ્ફળતા ગેર-રીતિ કે અન્ય કોઈ વિરોધી એજન્ડા રહ્યો છે. પરંતુ હવે સોશિયલ મીડીયાના જમાનામાં ચૂંટણી પ્રચાર પણ વધારે વેગવંતો એટલે કે હાઈટેક બન્યો છે. છેલ્લા કેટલાક વર્ષોથી ભાજપ અને કોંગ્રેસ સહિત રાજકીય પક્ષો સોશિયલ મીડિયાને વધુ મહત્વ આપી રહ્યા છે. ત્યારે એકાદ મહિનાથી સોશિયલ મીડીયામાં ભાજપ વિરોધી વાકયુદ્ધ ફાટી નીકળ્યું હોય તે રીતે રોજેરોજ અવનવા ભાજપ વિરોધી ટીખળો આપી રહી છે. જેમાં આઘા રેજો હવે વિકાસ ગાંડો થયો છે. વિકાસ રઘવાયો થયો છે. ભુરાટો થયો છે. જેવી ટીખળો લોકોના મોબાઈલની સાથે માનસપટ ઉપર વાઈરલ થઈ રહી છે. વિવિધ વોટ્સઅપ ગ્રુપ કે ફેશબુકમાં દિવસના આવા હજારો મેસેજ ફરી રહ્યા છે. જેમાં કોંગ્રેસની સામે હવે ભાજપ પણ તેમાં જોડાયું છે. ભાજપ દ્વારા સોશિયલ મીડિયામાં આવી ટીખળોના વિરોધમાં સુત્રો ફરતા થયા છે. તેમાં પણ કેન્દ્રમાં તો વિકાસની વાત જ છે. ઘરે ઘરે ફરતી થયેલી આવી ટીખળો રાજકીય પક્ષો માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની છે. તેના ચૂંટણી સમયે કેવા પરિણામ જોવા મળશે તે આવનાર સમય જ બતાવશે પરંતુ હાલમાં આ ટીખળને લઈ બનાસકાંઠા જિલ્લાના ભાજપ તથા કોંગ્રેસના અગ્રણીઓ શું મત ધરાવે છે? તે જાણવાનો પ્રયાસ કર્યો છે.

**અમૃતભાઈ દવે મહામંત્રી, જિલ્લા ભાજપ**

સોશિયલ મીડિયામાં ફરતી ટીખળોનો અમારા આઈટીસેલ દ્વારા જડબાતોડ જવાબ અપાઈ રહ્યો છે. છેલ્લા ૨૨ વર્ષથી રાજ્ય અને ત્રણ વર્ષથી કેન્દ્ર સરકાર દ્વારા થયેલા વિકાસકામો પ્રજા સમક્ષ મુકીએ છીએ. તેનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

ગુજરાતની રાજ્યસભાની ચુંટણીમાં છેલ્લી ઘડીએ રોમાંચક જીત મેળવી ઉત્સાહમાં આવેલી કોંગ્રેસ હવે ભાજપના રસ્તે ચાલવા માંડી છે અને સોશ્યલ મિડિયા પર એક્ટિવ થઈ ચુકયું છે, જેના કારણે સોશ્યલ મિડિયા પર ભાજપ-કોંગ્રેસનું ઢીસુમ-ઢીસુમ બરાબરનું જામ્યું છે.હાલમાં કોંગ્રેસ ભાજપને ઘેરવા વિકાસ ગાંડો થયો છે નો વિડીયો બનાવી લોકોમાં ચર્ચા જગાવી રહ્યું છે.તો સામે ભાજપ પણ કોંગ્રેસની ઈંટનો જવાબ પથ્થરથી આપી વિકાસગાથા ગાઈ રહ્યું છે, ત્યારે જોવાનું એ રહે છે કે ગુજરાતની સમજુ પ્રજા ૨૦૧૭ માં કોને સાથ આપે છે.કમળને કે પછી પંજાને !!

**દિનેશ ગઢવી (જિલ્લા કોંગ્રેસ અગ્રણી)**

વિકાસનો પાયો કોંગ્રેસે નાખ્યો હતો. કોઈપણ સરકાર લોકોને પ્રાથમિક સુવિધા આપે તે તેની ફરજ છે. રોડ, વીજળી, પાણી આપવું તે સરકારની ફરજ છે. તેને વિકાસમાં ન ખપાવી શકાય. કોંગ્રેસે પર્યાવરણની જાળવણી સાથે વિકાસની કેડી કંડારી હતી. જયારે ભાજપ સરકાર પર્યાવરણના ભોગે, ખેડૂતોના ભોગે વિકાસની ગુલબાંગો પોકારે છે. ગુજરાતનો વિકાસ ગુજરાત ની ખમીરવંતી પ્રજાને આભારી છે. ગુજરાતના વિકાસ મોડેલનો ખોટો જશ લઈ ભાજપ હવે દેશવાસીઓને પણ ગુમરાહ કરી રહ્યો છે. જીવન જરૂરી ચીજ વસ્તુઓના વધતા જતા ભાવો સાથે પેટ્રોલ-ડીઝલના આસમાનને આંબતા ભાવ જ પુરવાર કરે છે કે...વિકાસ ગાંડો થયો છે.

# વડગામ તાલુકામાં સ્વાઈન ફલૂના ૧૨થી વધુ કેસ નોંધાયા

### ત્રણ દર્દીઓના મોત : છ દર્દીઓ સારવાર હેઠળ
### આરોગ્ય વિભાગ દ્વારા ૩૨૨૩૭૩ લોકોને આસેલ્ટામીવીર ટેબલેટનું વિતરણ

તા.પ્રતિ વડગામ

રાજયમાં જેટગતિએ પ્રસરેલ સ્વાઈન ફલૂએ વડગામ તાલુકામાં પણ કહેર મચાવ્યો છે મેતા, કોદરમ, જલોત્રા, નાંદોત્રા, જોઈતા, ચંગવાડા હતાંવાડા, માહી, ભલગામ, મુમનવાસ, બાવલચુડી એદ્રાણા વગેરે ગામોના કુલ ૧૨ દર્દીઓને સ્વાઈનફલૂ થયો હોવાના અહેવાલ સાંપડ્યા છે જેમાં ત્રણ દર્દીઓના મોત નિપજ્યાં છે તથા ત્રણ દર્દીઓ સાજા થઈ ગયા છે અને છ દર્દીઓ જુદા - જુદા સ્થળે સારવાર હેઠળ હોવાનું તાલુકા આરોગ્ય અધિકારી ડો.વી.એ. ગઢવીએ જણાવ્યું હતુ.

સ્વાઈન ફલૂના પગલે પાંચડા - પિલુચા - જલોત્રા - છાપી - મેતા - નાંદોત્રા - કાલેડા - કોદરમ - પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને વડગામ - મેમદપુર - મોરીયા રેફરલ હોસ્પિટલ વિસ્તારના ગામોમાં આરોગ્યની ટીમો બનાવી સર્વે કરી ૩૨૨૩૭૩ લોકોને ઓસેલ્ટામીવીર ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું છે તથા દર્દીના નજીક રહેલ ૧૦૩ દર્દીઓની સઘન તપાસ કરી ટેબલેટ સહિતની સારવાર કરવામાં આવી છે.

આમ વડગામ તાલુકામાં સ્વાઈન ફલૂની બિમારીએ માથું ઉચક્યું છે. જેથી ઘેર ઘેર માંદગીના ખાટલા ઢળાયા છે પરંતુ મહામારીને નાથવા આરોગ્ય તંત્રના આગોતરા આયોજનથી આમ પ્રજાએ રાહત અનુભવી છે.

**સારવાર હેઠળના દર્દીઓની યાદી**

બાબુજી મગનજી ભીલ (મેતા)
માંઘીબેન નોપાભાઈ ખોખરીયા
કલ્પેશભાઈ ખાનાભાઈ રાઠોડ(ચંગવાડા)
રજબઅલી રહીમભાઈ નાંદોલીયા
મકસુદાબેન રજજબઅલી નાંદોલીયા
રહીમભાઈ ઈબ્રાહીમભાઈ નેદરીયા (હતાવાડા)

**સ્વાઈન ફલૂમાં મૃત્યુ પામેલ દર્દીની યાદી**

સલમાબેન નજીરભાઈ મોસીન માહી તા.૧૭/૫/૧૭, જેઠીબેન મફાભાઈ સેનમા - મુમનવાસ તા.૧૬/૮/૧૭, ભાવનાબેન કરશનભાઈ દેવીપૂજક - બાવલચુડી તા.૨૨/૮/૧૭

## ભીલડી પી.એસ.આઈ.સ્વાઈન ફલૂમાં સપડાયા

બનાસકાંઠા જિલ્લામાં સ્વાઈન ફલૂએ સકંજો કસ્યો છે ત્યારે ભીલડી પી.એસ.આઈ. ભરતભાઈ એન. મોઢવાડીયા અંબાજી મહામેળા અગાઉ રજા લઈ વતન પોરબંદર ગયા હતા. રજા પૂરી થયા બાદ તેવો ફરજ ઉપર હાજર થઈ તા.૩૧/૮/૧૭ સુધી અંબાજી મેળાના બંદોબસ્તમાં વ્યસ્ત હતા. તે દરમ્યાન તબિયત નરમ જણાતા તેમણે તા.૫/૯/૧૭ ના રોજ પાલનપુર સિવિલ લેબોરેટરી ટેસ્ટ કરાવ્યા હતા જે ટેસ્ટ સ્વાઈન ફલૂ પોઝીટીવ આવ્યો હતો. જેથી હાલમાં તેઓ સિવિલમાં સારવાર હેઠળ છે.



સૂર્યોદય - ૬.૨૫ સૂર્યાસ્ત - ૭.૫૨

## તિથિદર્શન

ભાદરવા વદ-૧ ગુરૂવાર ૨૦૭૩

૬ ગુ. | ૪રા.શુ. | ૫ લ.સુ.બુ. મં. | ૭ | ૩ | ૮ શ. | ૨ | ૯ | ૧૧ ચં. | ૧ | ૧૦ કે. | ૧૨

વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ ભાદરવા વદ :એકમ ગુરૂવાર પંચક નક્ષત્ર : પૂર્વભાદ્રપદ બપોરે ૧૨.૫૭ પછી ઉત્તર ભાદ્રપદ યોગ: શુલ કરણ: તૈતીલ આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ.શ.ષ.સ.)સવારે ૬.૫૯ પછી મીન (દ.ચ.ઝ.થ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**ક્ષતે પ્રહારા નિપતન્ત્યમીક્ષ્ણં**
**ધન ક્ષયે વર્ધતે જઠરાગ્નિઃ**
**આપત્સુ વૈરાણિ સમુદ્ર ભવન્તિ**
**છિદ્રેષ્યનર્યા બહુલી ભવન્તિ**

‘સુભાષિત રત્ન ભાંડાગારનો આ શ્લોક ‘સામાન્ય નીતિ’ નામના બીજા પ્રકરણમાંથી છે, જેમાં વ્યવહારુ અને અનુભવની વાત છે :- એક સામાન્ય અલિખિત નિયમ છે કે જે જગ્યાએ આપણને શરીરમાં ક્યાંક વાગેલું હોય, છે (દા.ત. પગમાં આંગળી પર ઠેસ વાગી હોય એ જ આંગળી વારંવાર કોઈ સાથે ભટકાય કે કુચલાય અને દુખતી આંગળીમાં વધારે પીડા થાય છે.), એટલે ઘવાયેલાં અંગ પર જ વાગ્યા કરે. જ્યારે ધન ક્ષીણ થઈ, પૈસા ન હોય ત્યારે જ નવી નવી જરૂરિયાત ઊભી થાય. ઘરમાં નાસ્તાના ડબ્બા ભર્યા હોય ત્યારે ભૂખ નથી લાગતી. ખાવાની ઈચ્છા નથી થતી, પણ ગરીબી કે અન્નની અછત હોય ત્યારે જ ભૂખ ખૂલે છે. ખાવાની ઈચ્છા પણ વધારે થાય છે. સામાન્યતઃ બધાની સાથે આપણા સંબંધ સારા હોય પણ જ્યારે આપણને આપત્તિ આવી પડે ત્યારે દુશ્મનો પણ વધી જાય છે અને નવા નવા દુશ્મનો પણ ઊભા થવા લાગે છે. એટલે જ્યાં છિદ્ર- દ્રોષ અને નિર્બળતાઓ હોય ત્યાં વારંવાર અનર્થો અને અનિચ્છનીય, અયોગ્ય ઘટનાઓ પણ થવા લાગે છે, અચાનક આવી પડે છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) ભાઇ-બહેનની મદદ મળે. વ્યર્થ ચિંતા દૂર થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) મૂંઝવણમાંથી માર્ગ મળે. જીવનસાથી દ્વારા માન મેળવી શકશો.**
**મિથુન : (ક.છ.ઘ.) કુટુંબમાં મતભેદ ઊભા થાય. નવિન જવાબદારી આવી પડે.**
**કર્ક : (ડ.હ.) કુટુંબથી દૂર રહેવું પવડે. આકસ્મીક ધન લાભ મેળવી શકશો.**
**સિંહ : (મ.ટ.) માનસિક અસ્વસ્થતા રહે. જીવનસાથી સાથે વિવાદ ઊભો થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) આર્થિક લેવડ-દેવડમાં સંભાળવું. કોર્ટ-કચેરીના કાર્યમાં નિષ્ફળતા મળે.**
**તુલા : (ર.ત.) આરોગ્ય બાબતે સાવચેત રહેવું. આર્થિક મૂંઝવણ સતાવે.**
**વૃશ્ચિક :(ન.ય.) પરિવારમાં યશ, વૃધ્ધિ રહે. માંગલિક પ્રસંગનું આયોજન થાય.**
**ધન : (ભ.ફ.ધ.) પ્રવાસમાં નિષ્ફળતા, કુટુંબજીવનનો સુખદ અનુભવ થાય.**
**મકર : (ખ.જ.) મનમાં વ્યગ્રતા રહે. નાણાંકીય સમસ્યા હલ થાય.**
**કુંભ : (ગ.શ.સ.) જીવનસાથીથી સ્નેહ રહે. આકસ્મીક મુસાફરી થાય.**
**મીન : (દ.ચ.જ.થ.) માર્ગમાં અવરોધ દૂર થાય. પરિશ્રમનો ભરપૂર લાભ ઉઠાવી શકશો.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

કૌટુંબિક પ્રણયભાવનાને કવિતામાં વ્યકત કરનાર કવિશ્રી બોટાદકરની પુણ્યતિથિ છે.

એમનું પુરૂ નામ દામોદર ખુશાલદાસ તેમનો જન્મ સૌરાષ્ટ્રના બોટાદ ગામમાં થયો હતો. જન્મ ૨૭-૧૧-૧૮૭૦.

શ્રી બોટાદકર મુગ્ધ પ્રકૃતીના ભાવુક અને કવિ હતા તેમણે ગુજરાતી સાહિત્યમાં પ્રકૃતિ, કાવ્યો, ખંડકાવ્યો, ઊર્મિકાવ્ય અને રાસ અર્પિને તેને સમૃધ્ધ કર્યું છે.

બોટાદકર આ સંસારને ૭ મી સપ્ટેમ્બર ૧૯૨૪ ના રોજ છોડીને હંમેશને માટે ચાલ્યા ગયા.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## નિફ્ટી ફ્યુચર ૧૦૦૧૩ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ...!!!

**તા ૦૬.૦૯.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૯૯૪૪) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૯૯૦ પોઈન્ટના પ્રથમ અને ૧૦૦૧૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૯૯૦૯ પોઈન્ટ થી ૯૮૮૭ પોઈન્ટ, ૯૮૭૩ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૦૧૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) મહેન્દ્રા & મહેન્દ્રા (૧૩૨૩) :- ઓટો ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૩૧૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૩૦૯ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૩૪૭ થી રૂ.૧૩૫૫ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૩૫૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) કોટક બેન્ક (૯૯૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૯૮૬ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૯૭૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૦૧૩ થી રૂ.૧૦૧૭ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) ઓરબિંદો ફાર્મા (૭૫૦) :- રૂ.૭૨૭ પ્રથમ તેમજ રૂ.૭૧૯ ના બીજા સપોર્ટથી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૭૭૧ થી રૂ.૭૮૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) બાટા ઇન્ડિયા (૬૯૬) :- ફૂટવેર સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૭૦૬ થી રૂ.૭૧૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૬૮૧ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) ACC લિમિટેડ (૧૮૦૮) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૭૯૦ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! સિમેન્ટ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૮૩૩ થી રૂ.૧૮૪૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૮૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૭૦૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૬૬૪ થી રૂ.૧૬૫૧ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૭૧૭ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) તાતા સ્ટીલ (૬૫૫) :- રૂ.૬૬૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૭૪ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૬૩૭ થી રૂ.૬૩૦ નો ભાવ દશાવિ તેવી સંભાવના છે....!! રૂ.૬૭૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) હિન્દ પેટ્રો (૪૭૯) :- PSU ઓઈલ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૪૯૪ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૪૬૧ થી રૂ.૪૫૦ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) સન ફાર્મા (૪૭૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૪૯૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૪૬૧ થી રૂ.૪૪૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૪૯૭ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) HDFC લિમિટેડ (૧૭૭૬) :- રૂ.૧૭૯૦ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૮૦૮ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૭૫૭ થી રૂ.૧૭૪૪ નો ભાવ દશાવિ તેવી સંભાવના છે....!! રૂ.૧૮૦૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

# પાલનપુરથી અંબાજી સુધી સફાઇ મહાઅભિયાન



પાલનપુર

શ્રી બનાસકાંઠા કિસાન વિકાસ મંડળ, ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અને વિવિધ સહયોગીઓ સંસ્થાઓના સ્વંયસેવકો દ્વારા પાલનપુર મુકામે ધનિયાણા ચાર રસ્તાથી અંબાજી સુધી સફાઈ મહા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મગરવાડા માણીભદ્ર વીર મહારાજ મંદિરના પૂજય મહંતશ્રી વિજય સૂરીશ્વરજી મહારાજ, પૂજય મહંતશ્રી દયાલપુરીજી મહારાજ, અગ્રણીઓ સર્વશ્રી ડૉ.સુરેન્દ્ર ગુપ્તા., શ્રી ડૉ. ગીરધરભાઇ પટેલ, શ્રીમતી કુમુદબેન જોષી, શ્રી ભગવાનભાઇ કુગશીયા, શ્રી ગિરીશભાઇ જગાણીયા વગેરેએ ઉપસ્થિત રહી સ્વચ્છતા વિશે પ્રેરણાદાયી પ્રવચન આપ્યુ. હતું.

# ડીસા જી.જી.માળી વિદ્યાસંકુલમાં શિક્ષકદિનની ઉજવણી

ડીસા

મહાત્મા જ્યોતીરાવફુલે એજ્યુકેશન ટ્રસ્ટ ડીસા સંચાલિત શ્રી ગોરધનજી ગીગાજી માળી વિદ્યાસંકુલ તથા શેઠ શ્રી દલાજી લાલાજી ગેલોત પ્રા.શાળા ખાતે શિક્ષકદિનની ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે શાળાના આચાર્ય હિતેશભાઈ પી.પઢિયાર દ્વારા ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણના જીવન કાર્યો અને શિક્ષક દિનના મહત્વ વિશે માહિતગાર કર્યા હતા.

# ડીસાની આદર્શ હાઈસ્કૂલમાં શિક્ષકદિનની ઉજવણી

ડીસા

ગત તા.૫-૯-૨૦૧૭ ને મંળવારના રોજ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસે “શિક્ષકદિન” શ્રી.એન.જે.આદર્શ હાઈસ્કૂલ ડીસા ખાતે ઉજવવામાં આવ્યો.જેમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તે હેતુથી તેઓને વિષય શિક્ષકો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.વિદ્યાર્થીઓ સંપુર્ણ ભારતીય પહેરવેશ ધારણ કરીને શિક્ષકની ફરજ બજાવી ઉત્તમ શિક્ષણકાર્ય કરનારા વિદ્યાર્થીઓને ઈનામ પણ એનાયત કરવામાં આવશે એવી જાહેરાતથી વિદ્યાર્થીઓએ વિષય સજ્જતા સાથે શિક્ષણકાર્ય કર્યું.વિદ્યાર્થીઓ વિષય શિક્ષકો સાથે સાથે સેવક ભાઈઓની ફરજો પણ કેટલાક વિદ્યાર્થીઓએ બજાવી હતી.૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ આ કાર્યક્રમને સફળ બનાવ્યો.છેલ્લા બે તાસમાં તેમના પ્રતિભાવોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો.સેવક ભાઈઓને તથા સુંદર શિક્ષણકાર્ય કરનાર વિદ્યાર્થીઓને ઈનામ તેમજ દરેક વિદ્યાર્થીને પ્રોત્સાહિત ઈનામ પણ આપવામાં આવ્યું.

# થરાદની નર્મદા નહેરમાં ઠાલવતા ગંદા પાણીને આખરે બંધ કરાયું

### પંથકમાં આવતા દુષીત પાણીથી પ્રજાના આરોગ્યને ખતરા અંગે અખબારમાં સર્વ પ્રથમ પ્રકાશ ફેંકાયા બાદ પાલિકા પણ જાગી

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના ગામોમાં ભરાયેલા દુષીત પાણીનો નિકાલ નહેરમાં કરવાના કારણે શહેર અને ગ્રામિણ વિસ્તારોમાં ગંદુ પાણી આવતું હોવાના કારણે પ્રજાજનોમાં આક્રોશની લાગણી ફેલાવા પામીછે.આ દુષીત પાણીના કારણે પ્રજાનું આરોગ્ય જોખમાવાની દહેશત અંગે આજે સર્વ પ્રથમ રખેવાળ અખબારે પ્રકાશ ફેંકતાં પાલિકા પણ જાગી હતી.આખરે બુધવારથી પાણી નાખવાનું બંધ કરવામાં આવ્યું હતું.

થરાદ તાલુકાના ખાનપુર અને નાગલા ગામમાં દોઢ મહીના પહેલાં ભરાયેલા વરસાદી પાણીનો નિકાલ નહેરમાં કરવાના કારણે પાણી ડહોળું બનવા પામ્યું છે. નગરપાલિકા દ્વારા અભેપુરા ઓફટેકમાં તથા પાણી પુરવઠાબોર્ડ દ્વારા દેવપુરા અને ભાપી પાસે નહેરમાંથી પંપ વાટે પાણી ફીલ્ટર પ્લાન્ટમાં લઈને તાલુકાના ગામોમાં પીવા માટે આપવામાં આવે છે. જોકે આ પાણી રિફાઈન કર્યા વગર માત્ર બ્લીચીંગ પાવડર નાખીને જ આપવામાં આવતું હોવાના કારણે પાણીમાં અશુદ્ધીઓ યથાવત રહેવા પામે છે. થરાદ શહેર સહિત તાલુકાના ભાપી, ભાપડી, માંગરોળ, પીલુડા, હાથાવાડા, કેશરગામ, દાંતીયા, વળાદર સહીતના ગામોમાં છેલ્લા કેટલાક દિવસોથી ગંદુ અને ડહોળુ પાણી આવતું હોવાની ફરીયાદો સાથે તાલુકાના ગામોમાં આવતા આવા દુષીત પાણીથી પ્રજાજનોમાં રોષ સાથે આક્રોશની લાગણી ફેલાવા પામી હતી.

જોકે નહેરમાં નાંખવામાં આવતા દુષીત પાણી અને તેનાથી થનારી પ્રતિકુળ અસરો અંગે લોક હૈયા ના ધબકાર રખેવાળ અખબારમાં સર્વ પ્રથમ અહેવાલ પ્રસિધ્ધ કરવામાં આવતાં પાલિકા પણ સફાળી જાગી હતી.અને નહેરમાં પાણી નહી નાંખવાની રજુઆત કરી હતી.આખરે બુધવારથી નહેરમાં પાણી નાંખવાનું બંધ કરવામાં આવ્યું હોવાનું નગરપાલિકાન પુર્વ પ્રમુખ પથુભાઈ રાજપુતે જણાવ્યું હતું.જોકે હવે પાણીનો નિકાલ ક્યાં કરવામાં આવશે તે માટે ઉચ્ચસ્તરેથી સુચના આવશે.પણ બુધવારની સવારે નવ વાગ્યેથી મુખ્ય નહેરમાં પાણીનો નિકાલ કરતાં મશીન બંધ કરી દેવામાં આવ્યા છે.અને માલસણ અને માડકા માયનોર નહેરમાં નિકાલ કરવાની કામગીરી ચાલુ હોવાનું જણાવ્યું હતું.

# કોતરવાડા ગામે મા નર્મદા મહોત્સવ યાત્રાનુ આગમન



નટુજી ઠાકોર

પ્રતિનિધિ કોતરવાડા

ગુજરાત સરકાર દ્વારા તારીખ ૬ સપ્ટમ્બર થી ૧૫ સપ્ટેમ્બર સુધી મા નર્મદા મહોત્સવ યાત્રા નુ આયોજન કરવામાં આવ્યું હતું જેના ભાગ રૂપે આજે બનાસકાંઠા ના દિયોદર તાલુકાના લુદ્રા ગામે થી રાજય સરકાર ના પ્રધાન શંકરભાઈ ચૌધરી અને કેશાજી ચૌહાણ દ્વારા છ જેટલા નર્મદા યાત્રા રથની આરતી ઉતારી લીલી ઝંડી આપી નર્મદા યાત્રા ના રથોનુ પ્રસ્થાન કરવામાં આવ્યું હતું ત્યારબાદ સૌ પ્રથમ વાર દિયોદર ના ફાફરાળી ગામે થી આ યાત્રા ની શરૂઆત કરવામાં આવી હતી ત્યાં ભવ્ય સામૈયુ કરવામાં આવ્યું. હતું ત્યારબાદ દિયોદર ના.કોતરવાડા ગામે મા નર્મદા મહોત્સવ યાત્રા નુ આગમન થાતા બાલીકાઓ એ કળશ દ્વારા ભવ્ય વાજતે ગાજતે સામૈયુ કરવામાં આવ્યું અને મા નર્મદા જળની આરતી કરવામાં આવી હતી ત્યાર પછી શીવ શંકર ભગવાન ના મંદિર માં મીટીગ કરવામાં આવી હતી જયારે રાજય કક્ષાના. મંત્રી અને દિયોદર તાલુકાના ધારાસભ્ય કેશાજી ચૌહાણે મા નર્મદા યાત્રા વિશે ખેડૂતોને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી આ પ્રસંગે પરાગભાઈ જોષી નાગજીભાઈ દેસાઈ દિયોદર ઉપ પ્રમુખ રાઈબેન ઠાકોર લાલજીજી ઠાકોર સીવાજી ઠાકોર સરપંચ મગનજી ઠાકોર તા,ક,મંત્રી કનુભાઈ પરમાર મુકેશભાઈ જોષી વિરલભાઈ વગેરે કાર્ય કરતાઓ વડીલો યુવાનો અને બહેનો મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

# સરકારે જાહેર કરેલ પેકેજનું પુરેપુરા વળતર માટે થરાદમાં કિસાન સંઘ સભા ગજવશે

### તાલુકાના ગામે ગામ ફરીને જોરશોરથી પ્રચાર કરી અસંખ્ય ખેડુતોને એકઠા કરવાનો પ્રયાસ



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકા ભારતીય કિસાનસંઘે અગાઉ તાલુકાના વહીવટીતંત્રને લેખિતમાં રજુઆત કરી આધાઅધુરા નહી પણ સરકારે જાહેર કરેલા પુરેપુરા નુકશાન વળતરના પેકેજની માંગણી કરી હતી.અન્યથા મોટાકાર્યક્રમની ચિમકી ઉચ્ચારી હતી.જે ગુરૂવારે થરાદમાં યોજાનાર હોઈ હજારોની સંખ્યામાં ખેડુતો ઉમટવાની તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવતાં વહીવટીતંત્રમાં પણ દોડધામ મચવા પામી છે.

થરાદ પંથકમાં અતિવૃષ્ટી અને પુરના કારણે અનેક ગામોના ખેડુતોને ભારે નુકશાન થવા પામ્યું હતું.જેમના માટે સરકાર દ્વારા રાહત પેકેજ આપવાની ઘોષણા કરવામાં આવી હતી.જોકે તેમાં પણ વ્યાપક લાલીયાવાડી અને અસંતોષ ઉઠતાં થરાદ તાલુકા ભારતીય કીસાનસંઘે ખેડુતોના મુદ્દે બાંયો ચડાવી છે.થરાદ તાલુકા ભારતીય કિસાનસંઘના પ્રમુખ માધાભાઇ પટેલ,પુર્વ પ્રમુખ કાનજીભાઇ પટેલ સહીત આગેવાનોએ મળીને મહીના પુર્વે તાલુકાના ખેડુતો માટે નાયબકલેક્ટર,મામલતદાર તથા ટીડીઓ અને વેટરનરી વિભાગ તથા ધારાસભ્યને મળીને લેખિત રજુઆત કરી હતી.

જેમાં થરાદતાલુકાના અસર પામેલા તમામ કિસાનમિત્રોને કેશડોલ, પશુમરણ, મકાનસહાય, ઘરવખરી સહાય, જમીનધોવાણ, પાકધોવાણ, વહેણથી ખેતરોમાં કોતરો પડવા જેવી તમામ બાબતોમાં પ્રામાણિકતાથી અનુ પુરેપુરૂ તથા સાચુ સર્વે કરવાની માંગણી કરવામાં આવી હતી.તેમજ આધુ અધુરુ નહી પણ સરકારે જાહેર કરેલ પુરેપુરુ રાહત પેકેજ આપીને પ્રજાને પહેલાંની માફક બેઠી કરવાની વિનંતી કરવામાં આવી હતી.જો થરાદ તાલુકાના આમ પ્રજાને સંતોષકારક સર્વેકે ચુકવણું નહી કરવામાં આવેતો બાદ મોટો કાર્યક્રમ આપવામાં આપવાની ચિમકી આપી હતી.જેના પગલે કિસાનસંઘના હોદ્દેદારો દ્વારા તાલુકાના ગામેગામ ફરીને ખેડુતોનો જુવાળ ઉભો કરીને ગુરુવારની બપોરે થરાદમાં લઈ આવવાના પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# આગથળા સંસ્કાર વિદ્યાલય એથ્લેટીક્સમાં પ્રથમ નંબરે



દેવજી રાજપૂત

પ્રતિનિધિ લાખણી

ગત તા.૪ સપ્ટેમ્બર ૨૦૧૭ ના રોજ વિનય-વિદ્યામંદિર લવાણા ખાતે રમાયેલ એથ્લેટીક્સની વિવિધ સ્પર્ધામાં આગથળા ગામની શ્રી ગુરૂકૃપા સંસ્કાર વિદ્યાલયના વિદ્યાર્થીઓ વિવિધ કેડરની રમતોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતુ.જેમાં ૧૦૦ અને ૨૦૦ મીટર દોડમાં મહેશ કસ્તુરજી ઠાકોર પ્રથમ નંબરે આવ્યો હતો.૪ટ૧૦૦ મીટરની હરીફાઈમાં કિરણ સોલંકી, મહેશ ઠાકોર, શૈલેષ ઠાકોર અને નીકાજી ઠાકોર પણ પ્રથમ ક્રમે રહ્યા હતા.

૮૦૦ મીરટની દોડમાં શાળાની વિદ્યાર્થીની કુ.જેમીબેન કસ્તુરજીએ પ્રથમ નંબર મેળવ્યો હતો.૫૦૦૦ મીટરની દોડમાં કિરણ દિનેશજી સોલંકીએ બીજો ક્રમ મેળવ્યો હતો.લાંબી કુદમાં નીકાજી ઠાકોરે ૨૨.૫ ફુટથી પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યુ હતું.જે બદલ શાળા સંચાલક ડો.ઉકાજી તથા આચાર્ય રાણાજી રાજપૂતે વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવી જિલ્લા કક્ષાની સ્પર્ધાની શુભેચ્છા પાઠવી હતી.

# સંસ્કૃતિ વિદ્યાલય દિયોદરમાં શિક્ષકદિનની ઉજવણી કરાઈ

તા.પ્રતિનિધિ દિયોદર

૫મી સપ્ટેમ્બર ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસને શિક્ષકદિન તરીકે ઉજવાય છે.દિયોદરની સંસ્કૃતિ વિદ્યાલયમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી.શરૂઆતમાં શાળાનાં બાળકોને શિક્ષકદિનનું મહત્વ સમજાવવામાં આવ્યુ હતું અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.ત્યારબાદ પ્રાથમિક અને માધ્યમિક શાળાનાં બાળકોએ પોતાના સહધ્યાયીઓને શૈક્ષણિક કાર્ય કરાવ્યું હતું.ઉજવણીનાં અંતે વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો વર્ણવ્યા હતાં.

# બ્રહ્માકુમારીઝ આયોજીત દેશનું સૌથી વિશાળ મિડીયા મહાસંમેલન મળશે

### દેશ-વિદેશના ૩૦૦૦ મિડીયા મહાનુભાવો ભાગ લેશે : આબુ તળેટી સ્થિત શાંતિવન ખાતે તૈયારી પુરજોશમાં

ડીસા

આંતરરાષ્ટ્રીય અધ્યાત્મ સંસ્થા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા આયોજીત રાષ્ટ્રીય મિડીયા મહાસમ્મેલન આબુ તળેટી સ્થિત શાંતિવન ખાતે આગામી ૧૫ સપ્ટેમ્બરથી ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૭ સુધી યોજાશે.

બ્રહ્માકુમારીઝ મિડીયાના શશીકાન્ત ત્રિવેદીના જણાવ્યાનુસાર દેશ-વિદેશના ખ્યાતનામ મિડીયા જગત સાથે સંકળાયેલા દિગ્ગજો મહાનુભાવો, એડીટર્સ, પત્રકારો, ત્રિદિવસીય આ સમ્મેલનમાં “રાજયોગ દ્વારા સુખ-શાંતિની પ્રાપ્તિ અને મિડીયાની ભૂમિકા” વિષે ખુલ્લા અધિવેશનમાં પોતાના વિચારો રજૂ કરશે તથા વિવિધ મિડીયા જગતના વિષયે સંગઠિત કાર્યશાળા યોજાશે. સાથે પ્રસિધ્ધ કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવેલ છે.

૧૫ સપ્ટે.૧૭ ના રોજ સાંજે ૬ કલાકે ભવ્ય સ્વાગત સમારંભ યોજાશે.તથા તા.૧૬-૯-૨૦૧૭ ના રોજ સવારે ૧૦ વાગે ઉદઘાટન સમારંભ યોજાશે. મહાસંમેલનમાં ભાગ લેવા ઈચ્છતા પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનીક મિડીયાના કર્મીઓએ સ્થાનિક બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્ર પર પોતાનું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.વધુ વિગત માટે મો.૯૮૯૮૩૧૮૫૬૪ અથવા ૦૯૪૧૪૧૫૬૬૧૫ નો સંપર્ક કરવો.આ સંમેલનમાં દેશ-વિદેશના ૩૦૦૦ પત્રકારો ઉપસ્થિત રહેશે શાંતિવન ખાતે તેની વ્યવસ્થા હેતુ તૈયારી પુરજોશમાં ચાલુ છે.

# મુમુક્ષુ ધ્રુવીલ દોશીએ ગચ્છાધિપતિના આશિર્વાદ મેળવ્યા

## શ્રી સંઘે મુમુક્ષુનું બહુમાન કર્યું...!!



પ્રતિનિધિ મીઠીપાલડી

પાલડી મીઠી(બનાસકાંઠા)ની પુણ્યશાલી તેમજ દિયોદર તાલુકાની ધર્મ નગરી મીઠી પાલડી નગર ના મુમુક્ષુ શ્રી ધ્રુવિલ હસમુખલાલ દોશી નું ગત તા ૩/૯/૨૦૧૭ ના રોજ સુરત કૈલાશનગર ખાતે ચાતુર્માસ અર્થે બિરાજમાન પ.પૂ.આ.ભ.શ્રી વિજય જગતચંદ્ર સુરીશ્વરજી મ.સા.( ડહેલાવાલા )ની નિશ્રામાં પ્રવજયા નું શુભ મુર્હત મેળવ્યા બાદ.. તુરંતજ મુમુક્ષુ ધ્રુવીલ દોશી તેમજ પરિવાર સહિત...નવસારી મધ્યે શ્રી આદિનાથ શ્વે.મુ.પૂ.જૈન સંઘના આંગણે ચાર્તુમાસ અર્થે બિરાજમાન પ.પૂ.આ.ભ.ગચ્છાધીપતી શ્રીમદ્ વિજય શ્રી અભયદેવસુરી શ્વરજી મ.સા.ડહેલાવાલા પાસે પહોંચ્યા હતા, ત્યા મુમુક્ષુએ ગચ્છાધીપતી ને વંદન કરી આશિર્વાદ મેળવ્યા હતા. પૂજય ગચ્છાધિપતિએ મુમુક્ષુને વાસક્ષેપ સહ આશિર્વાદ આપ્યા બાદ શ્રી સંઘે મુમુક્ષુનું બહુમાન પણ કર્યું હતું..!!

# ડીસા સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં શિક્ષક દિનની ઉજવણી



ડીસા

સેંટ ઝેવિયર્સ સ્કૂલ ડીસામાં વિદ્યાર્થીઓએ શિક્ષક દિનની ઉજવણીમાં રસપૂર્વક ભાગ લીધો હતો. જેમાં ૩૮ વિદ્યાર્થીઓ, બહેનો, શિક્ષક અને અન્ય કર્મચારીઓ તરીકે જોડાયા હતા અને ઉત્સાહપૂર્વક એમની ફરજ અદા કરી હતી. ધો.૧૨ ની વિદ્યાર્થીની ગેલોત ઈષિકાએ આચાર્ય તરીકેની ફરજ ખુબ જ ઉત્સાહથી નિભાવી હતી.

શિક્ષક દિનના દિવસે ભાગ લીધેલ તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને શાળા પરિવારે બિરદાવ્યા હતા. બાળકો પણ ખુબ જ ખુશ થઈ ગયા હતા. શાળા પરિવારે ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનના સંદેશનું મહત્વ સમજાવ્યું હતું.

# ડીસાના જી.જી.માળી વિદ્યાસંકુલમાં સાયકલોનું વિતરણ

ડીસા

ગઈકાલ તા.૬/૦/૧૭ ના રોજ મહાત્મા જયોતીરાવ ફુલે એજયેશેકન ટ્રસ્ટ ડીસા સંચાલિત શ્રી ગોરધનજી ગીગાજી માળી વિદ્યાસંકુલ ખાતે સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં શાળાના પ્રમુખ બાબુલાલ ગીગાજી માળી અને એમ.પી.દાદાના હસ્તે શાળાની વિદ્યાર્થીનીઓ અને તેમના વાલીઓને ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહિત કર્યા હતા તથા તેમના હસ્તે સાયકલનું વિતરણ કરાયું હતું.

# આદર્શ વિદ્યાલય ગાંગોલ શાળા જિલ્લા કક્ષાએ કબડ્ડી સ્પર્ધામાં ચેમ્પિયન



ચેતન કોઠારી

પ્રતિ. રૈયા

ચાલુ સાલે જિલ્લા કક્ષાનો શાળાકીય રમતોત્સવ પાલનપુર મુકામે યોજાઈ ગયો.જેમાં અંડર-૧૯ કબડ્ડી સ્પર્ધામાં શ્રી આદર્શ વિદ્યાલય ગાંગોલ શાળાના ભાઈઓની ટીમ વિજેતા બનેલ છે.ટીમના ખેલાડીઓમાં ચૌધરી હરેશ, ચૌધરી રાહુલ, ઠાકોર શંભુ, ઠાકોર વિક્રમ, ચૌધરી કિરણ, ચૌધરી મહેન્દ્ર, ઠાકોર જેસુંગ વગેરેએ સારુ પ્રદર્શન બતાવી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામેલ છે.જે બદલ શાળાના મેનેજીંગ ટ્રસ્ટી તથા બનાસબેંકના ડિરેક્ટર, ઈશ્વરભાઈ ટી.પટેલ, તથા શાળાના આચાર્ય તથા સ્ટાફ પરિવારે ખેલાડીઓને બિરદાવ્યા હતા.

# ધોનીએ ઈતિહાસ રચ્યો : દુનિયાને પ્રથમ વિકેટ કીપર



ભારતીય ક્રિકેટ ટીમના સર્વશ્રેષ્ઠ સુકાનીઓમાં એક મહેન્દ્રસિંહ ધોની આજે ૩ સપ્ટેમ્બરને વિકેટકીપર એક નવો કીર્તિમાન રચી દીધો છે. પૂર્વ સુકાનીએ શ્રીલંકાની વિરૂધ્ધ પાંચમી વનડેમાં અકિલા ધનંજયને સ્ટપ કરતા જ વનડેમાં સૌથી વધુ સ્ટંપિગ કરવાની સદી પુરી કરી હતી. તે એક દિવસીય ક્રિકેટમાં આ સિધ્ધિ હાંસલ કરનાર એક માત્ર વિકેટકીપરક છે ત્યારબાદ શ્રીલંકાનો પૂર્વ વિકીટકીપર કુમાર સંગકારા છે. જેણે ૯૯ સ્ટંપિંગ કર્યા હતાં.

સૌથી વધુ સ્ટંપિગ કરનાર વિકેટકીપરમાં મહેન્દ્રસિંહ ધોની ભારત ૧૦૦, કુમાર સંગકારા શ્રીલંકા ૯૯ ,રોમેશ કાલુવિથરાના શ્રીલંકા ૭૫ મોઈન ખાન પાકિસ્તાન ૭૩ અને એડમ ગિલક્રિસ્ટ ઓસ્ટ્રેલિયા ૫૫ સ્ટંપિગનો રેકોર્ડ ધરાવે છે.

# સાઈ હોપ વેસ્ટઈન્ડિઝ માટે નવી આશા તરીકે ઉભર્યો છે

### ૧૭ વર્ષ બાદ ઈંગ્લેન્ડમાં વિન્ડિઝની જીત

વેસ્ટઈન્ડિઝના સાઈ હોપે જોરદાર આશા વિન્ડિઝ છાવણીમાં જગાવી છે. મંગળવારે વેસ્ટઈન્ડિઝે ઈંગ્લેન્ડ પર પ્રથમ ટેસ્ટ મેચ જીત મેળવીને પોતાની તાકાતનો પરિચય આપ્યો હતો. ૨૦૦૦થી ઈંગ્લેન્ડમાં વેસ્ટઈન્ડિઝની પ્રથમ ટેસ્ટ મેચ જીત થઈ છે. એટલે ૧૬ વર્ષ બાદ વિન્ડિઝે ઈંગ્લેન્ડની જમીન પર ટેસ્ટ મેચ જીતી લીધી છે જ્યારે હેડિંગ્લે ખાતે સાઈ હોપે એક નવો ઈતિહાસ સર્જ્યો છે. ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ મેચમાં બંને ઈનિંગ્સમાં સદી બનાવનાર વેસ્ટઈન્ડિઝના બેટ્સમેનોની યાદીમાં તે જોડાઈ ગયો છે. ખુબ ઓછા વિન્ડિઝના બેટ્સમેનો આ સિદ્ધિ હાસલ કરી શક્યા છે. ઈંગ્લેન્ડ સામે બીજી ટેસ્ટ મેચમાં તમામ અપેક્ષાઓની વિરુદ્ધમાં ઉલ્લેખનીય જીત મેળવવામાં હોપે ચાવીરુપ ભૂમિકા ભજવી હતી. તે ૧૦૭ રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો. સાઈ હોપે હેડિંગ્લે મેદાન પર અંગત સિદ્ધિ પણ હાસલ કરી હતી. બીજી ઈનિંગ્સમાં તે ૧૧૮ રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો. આની સાથે જ વિન્ડિઝે પાંચ વિકેટે ૩૨૨ રન બનાવીને મેચ જીતી લીધી હતી. બ્લેકવુડે પણ ૪૧ રન બનાવ્યા હતા. ૧૭ વર્ષ અગાઉ વિન્ડિઝે ઈંગ્લેન્ડમાં અગાઉ જીત મેળવી હતી. હાલમાં વિન્ડિઝની પ્રતિષ્ઠા ખુબ જ ખરાબ થઈ ગઈ છે. આખરે વિન્ડિઝે ફરીવાર પોતાની પ્રતિષ્ઠાને જગાવવાના પ્રયાસ કર્યા છે. તેની પ્રથમ ટેસ્ટ મેચમાં ત્રણ દિવસની અંદર જ ઈનિંગ્સ અને ૨૦૯ રને હાર થઈ હતી. એજબેસ્ટનમાં ખરાબરીતે હાર થયા બાદ અહીં શાનદાર વાપસી કરી હતી. એક દિવસમાં ૧૯ વિકેટો પ્રવાસી ટીમે ગુમાવી હતી. મંગળવારના દિવસે વિન્ડિઝે અંતિમ દિવસે જ ૩૨૨ રન પૈકીના ૩૧૭ રન બનાવીને ઈતિહાસ સર્જ્યો હતો. આની સાથે જ ટેસ્ટ મેચ જીતવા હેડિંગ્લેમાં સેકન્ડ હાઈએસ્ટ ચોથી ઈનિંગ્સનો ટોટલ બન્યો હતો.

# વર્લ્ડ કપ ક્વોલિફાયર્સ : નોર્વે પર જર્મનીની ૬-૦થી જીત થઈ

**ટીમ સ્પીરીટ**

આગામી વર્ષે યોજાનાર વર્લ્ડ કપ ફુટબોલ માટે ક્વાલિફાઈંગ મેચોનો દોર જારી રહ્યો છે. ગ્રુપ એફની એક મેચમાં ઈંગ્લેન્ડે જોરદાર ફાઈટબેક કર્યા બાદ સ્લોવાકિયા ઉપર ૨-૧થી જીત મેળવી હતી. સ્લોવાકિયાએ વેમ્બ્લે ખાતે રમાયેલી આ મેચમાં પ્રથમ હાફમાં ત્રીજી મિનિટે જ લીડ મેળવીને ઈંગ્લેન્ડની છાવણીમાં ખળભળાટ મચાવી દીધો હતો. લોબોક્ટાએ ત્રીજી મિનિટમાં ગોલ ફટકારીને સ્લોવાકિયાને ૧-૦ની લીડ અપાવી દીધી હતી પરંતુ ઈંગ્લેન્ડ તરફથી પ્રથમ હાફમાં ૩૭મી મિનિટમાં ઈરિક ડેયરે જોરદાર ગોલ ફટકારીને પોતાની ટીમને બરોબરી ઉપર લાવી દેવામાં સફળતા મેળવી હતી. આ જીતની સાથે જ ઈંગ્લેન્ડ હવે સ્લોવાકિયા ઉપર ૫ પોઈન્ટની લીડ ધરાવે છે અને તે ગ્રુપ એફમાં ટોપ ઉપર છે. જો સ્લોવેનિયા અને લિથુનિયા સામે રમાનારી અંતિમ બે ક્વોલીફાયર મેચ પૈકી માત્ર હારને ટાળવાને સફળ રહેશે તો પણ ઈંગ્લેન્ડની ટીમ રશિયામાં રમાનાર વર્લ્ડકપમાં ક્વોલીફાઈ થવામાં સફળ થઈ જશે. સ્કોટલેન્ડની સ્થિતિ પણ બીજા નંબરની છે. માલ્ટા ઉપર ૨-૦થી જીત મેળવ્યા બાદ તેણે પણ આશા જીવંત રાખી છે. જ્યારે ગ્રુપ સીની એક મેચમાં ટીમો વેરનેર દ્વારા જોરદાર ઈન્ટરનેશનલ કેરિયર શરૂ કરીને જર્મની તરફથી ધરખમ દેખાવ કર્યો હતો. નોર્વે ઉપર જર્મનીએ ૬-૦થી જીત મેળવી હતી. જર્મનીએ નોર્વે ઉપર ૧૦૦ ટકા દેખાવનો રેકોર્ડ જાળવી રાખ્યો હતો. મેસુટ હોજીએ લાંબા ગાળા બાદ પ્રથમ ઈન્ટરનેશનલ ગોલ ફટકારીને પોતાની ટીમને લીડ અપાવી હતી. ત્યારબાદ ડ્રેગ્સલર સાત મિનિટ બાદ વધુ એક ગોલ ફટકાર્યો હતો.




વેરનરે ત્યારબાદ વધુ એક ગોલ ફટકાર્યો હતો. આ બંને ગોલ થોમસ મિલર દ્વારા સેટઅપ કરવામાં આવ્યા હતા. જર્મની તરફથી રમતા આઠ મેચો પૈકી છ ગોલમાં થોમસ મુલરની ચાવીરુપ ભૂમિકા રહી છે. ગોરેટજા અને મારિયો ગોમેજે વધુ બે ગોલ કરીને ટીમને અભૂતપૂર્વ લીડ અપાવી હતી. હવે જર્મની બીજા ક્રમ પર રહેલી નોર્થન આયર્લેન્ડ ઉપર પાંચ પોઈન્ટની લીડ ધરાવે છે. નોર્થન આયર્લેન્ડ ચેક ગણરાજ્ય ઉપર ૨-૦થી લીડ મેળવીચુક્યું છે. નોર્વે અને ચેકગણરાજ્યની ટીમો ફેંકાઈ ચુકી છે. ગ્રુપ ઈમાં પોલેન્ડ પ્રથમ ક્રમાંક ઉપર છે. કઝાકિસ્તાન ઉપર પોલેન્ડે ૩-૦થી જીત મેળવી હતી જ્યારે ડેનમાર્કે અરમેનિયા ઉપર ૪-૧થી જીત મેળવી હતી. અન્ય એક મેચમાં રોમાનિયા સામે મોન્ટેગારોએ ૧-૦થી જીત મેળવી હતી.

**ગ્રુપ એફની એક મેચમાં ઈંગ્લેન્ડની પણ સ્લોવાકિયા ઉપર ૨-૧થી જીત : નોર્વે અને ચેકગણ રાજ્ય ટીમ બહાર થઈ જર્મનીએ ચેમ્પિયન જેવો દેખાવ કરી રોમાંચ જગાવ્યો**

## સ્પોર્ટ્સ ક્વીઝ

ડો.પી.ડી.શર્મા

**સવાલ :**

૧.હાલમાં જ બ્રહ્માસ મુકામે યોજાયેલ યુથ કોમનવેલ્થ ગેમ્સમાં ટેનીસમાં ગર્લ્સ સીંગલ્સની તેમજ 'મિકસડબલ્સ' ની ઈવેન્ટમાં ગોલ્ડમેડલ જીતનાર ખેલાડી કોણ ?'

૨. હાલમાં જ અમેરિકામાં અનાહીમ મુકામે આયોજીત યુએસ બેડમીન્ટનમાં 'મેન્સ સીંગલ્સ' ની ફાઈનલ કયા બે ભારતીય ખેલાડીઓ વચ્ચે રમાઈ હતી ?

૩. 'મહિલાઓ માટે પણ આઈપીએલ શરૂ કરવાનો હવે સમય છે' હાલમાં જ આ સલાહ કોણે આપી હતી ?

૪.હાલમાં જ યુએસ ઓપન બેડમીન્ટન ચેમ્પિયનશીપ કયા ખેલાડીએ જીતી હતી ?

૫. હાલમાં વર્લ્ડ સ્વીમીંગ ચેમ્પિયનશીપમાં સૌથી વધુ ગોલ્ડમેડલ જીતનાર મહિલા ખેલાડી કોણ છે ?

૬. હાલમાં જ કયા સ્વીમરે વર્લ્ડ સ્વીમીંગ ચેમ્પિયનશીપમાં ૫૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોક ઈવેન્ટ ૨૬ સેકન્ડ થી ઓછા સમયમાં પૂર્ણ કરી ઈતિહાસ સર્જ્યો હતો ?

૭. આ વર્ષે કેટલા દર્શકોએ મહિલા ક્રિકેટ વર્લ્ડકપની ફાઈનલ નિહાળી હતી ?

૮.હાલમાં જ પ્રો કબડ્ડી લીગની પાંચમી સીઝનનો પ્રારંભ કયારે અને કયાં થયો હતો ?

૯. આ વખતે પ્રો.કબડ્ડી લીગની પાંચમી સીઝનમાં કુલ કેટલી મેચો રમાશે ?

૧૦. આ વર્ષે પ્રોકબડ્ડી લીગની પાંચમી સીઝનમાં કુલ કેટલી ટીમોએ ભાગ લીધો હતો ?

૧૧. આ વર્ષે પ્રો કબડ્ડી લીગની પાંચમી સીઝનની પ્રથમ મેચ કઈ બે ટીમો વચ્ચે રમાઈ હતી ? તથા કઈ ટીમ વિજેતા બની હતી ?

૧૨. હાલમાં વિશ્વમાં કેપ્ટન તરીકે સૌથી ઓછી ટેસ્ટ ઈનીંગમાં ૧૦ ટેસ્ટ સદી કરનાર ખેલાડી કોણ ?

૧૩. અત્યાર સુધીમાં વર્લ્ડ સ્વીમીંગ ચેમ્પિયનશીપમાં સૌથી વધુ વ્યક્તિગત ગોલ્ડમેડલ જીતનાર ખેલાડી કોણ છે ?

**જવાબ :**

૧.હાલમાં જ બ્રહ્માસ મુકામે યોજાયેલ યુથ કોમનવેલ્થ ગેમ્સમાં ટેનીસમાં ગર્લ્સ સીંગલ્સની તેમજ 'મિકસડબલ્સ' ની ઈવેન્ટમાં ગોલ્ડમેડલ જીતનાર ખેલાડી અમદાવાદની આંતરરાષ્ટ્રીય ટેનીસ ખેલાડી ઝીલ દેસાઈ છે.

૨. હાલમાં જ અમેરિકામાં અનાહીમ મુકામે આયોજીત યુએસ બેડમીન્ટનમાં 'મેન્સ સીંગલ્સ' ની ફાઈનલ ભારતના પી કશ્યપ અને એચએસ પ્રણોય એમ બે ભારતીય ખેલાડીઓ વચ્ચે રમાઈ હતી.

૩. 'મહિલાઓ માટે પણ આઈપીએલ શરૂ કરવાનો હવે સમય છે' હાલમાં જ આ સલાહ ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કેપ્ટન મિતાલી રાજે આપી હતી.

૪.હાલમાં જ યુએસ ઓપન બેડમીન્ટન ચેમ્પિયનશીપ ભારતના એચએસ પ્રણોયે નામના ખેલાડીએ જીતી હતી.

૫. હાલમાં વર્લ્ડ સ્વીમીંગ ચેમ્પિયનશીપમાં સૌથી વધુ ગોલ્ડમેડલ જીતનાર મહિલા ખેલાડી અમેરીકાની લેજન્ડરી સ્વીમર કેટી લેડેકી છે.

૬. હાલમાં જ બ્રિટનના એડમ પેરીએ નામના સ્વીમરે વર્લ્ડ સ્વીમીંગ ચેમ્પિયનશીપમાં ૫૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોક ઈવેન્ટ ૨૬ સેકન્ડ થી ઓછા સમયમાં પૂર્ણ કરી ઈતિહાસ સર્જ્યો હતો.

૭. આ વર્ષે આશરે ૧૫ કરોડ દર્શકોએ મહિલા ક્રિકેટ વર્લ્ડકપની ફાઈનલ નિહાળી હતી.

૮.હાલમાં જ પ્રો કબડ્ડી લીગની પાંચમી સીઝનનો પ્રારંભ ૨૮ જુલાઈના રોજ હૈદ્રાબાદ મુકામે થયો હતો.

૯. આ વખતે પ્રો.કબડ્ડી લીગની પાંચમી સીઝનમાં કુલ ૧૩૮ મેચો રમાશે.

૧૦. આ વર્ષે પ્રોકબડ્ડી લીગની પાંચમી સીઝનમાં કુલ ૧૨ ટીમોએ ભાગ લીધો હતો.

૧૧. આ વર્ષે પ્રો કબડ્ડી લીગની પાંચમી સીઝનની પ્રથમ મેચ તેલુગુ ટાઈટન્સ અને તમિલ થાલાઈવાસ એમ બે ટીમો વચ્ચે રમાઈ હતી અને તેમાં તેલુગુ ટાઈટન્સની ટીમ ૩૨-૨૭ થી વિજેતા બની હતી.

૧૨. હાલમાં વિશ્વમાં કેપ્ટન તરીકે સૌથી ઓછી ટેસ્ટ ઈનીંગમાં ૧૦ ટેસ્ટ સદી કરનાર ખેલાડી ઓસ્ટ્રેલિયાના ડોનાલ્ડ બ્રેડમેન ફકત ૨૦ ટેસ્ટ ઈનીંગમાં સદી કરી હતી.

૧૩. અત્યાર સુધીમાં વર્લ્ડ સ્વીમીંગ ચેમ્પિયનશીપમાં સૌથી વધુ વ્યક્તિગત ગોલ્ડમેડલ જીતનાર ખેલાડી અમેરીકાના માઈકલ ફ્લેપ્સ છે.

-ડો.પી.ડી.શર્મા (અમદાવાદ)

# શિખર ધવનની વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં ૧૦ મી સદી



**ખેલના મેદાનમાંથી**

કમલેશ કંસારા

શિખર ધવન એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચોમાં ૧૦ કે તેથી વધુ સદી નોંધાવનાર ભારતનો નવમો અને વિશ્વનો ૪૭ મો ખેલાડી બન્યો છે. શ્રીલંકા વિરૂદ્ધ ઓવલમાં રમાયેલ ચેમ્પિયન ટ્રોફીની મેચમાં શિખર ધવને ૧૨૮ બોલમાં ૧૫-૪ અને ૧-૬ ની મદદથી ૧૨૫ રન બનાવ્યા ત્યારે શિખરે વન-ડે ક્રિકેટમાં ૧૦ મી સદી નોંધાવી હતી.

ડાબોડી બેટસમેન શિખર ધવને પોતાની ૭૮ મી વન-ડે મેચીન ૭૭ મી ઈનીંગ્સમાં ૧૦ મી સદી નોંધાવી હતી. જે ભારતને માટે સૌથી ઓછી ઈનીંગ્સમાં ૧૦ સદી નોંધાવનાર બેટસમેન બન્યો છે.

આ પહેલા ભારતને માટે સૌથી ઓછી ઈનીંગ્સમાં ૧૦ સદી બનાવવાનો રેકોર્ડ વિરાટ કોહલીના પાસે હતો. જેણે શ્રીલંકા વિરૂદ્ધ મીરપુર-ઢાકામાં ૧૩ માર્ચ ૨૦૧૨ ના રોજ રમાયેલ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચમાં ૧૪૮ મીનીટમાં ૧૨૦ બોલ પર ૭-૪ ની મદદથી ૧૦૮ રન બનાવ્યા હતા. જમોડી બેટસમેન વિરાટ કોહલએ ૧૦ સદી બનાવવામાં ૮૩ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચોની ૮૦ ઈનીંગ્સનો સમય લીધો હતો.

એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઓછી ઈનીંગ્સમાં ૧૦ સદી બનાવવાનો રેકોર્ડ દક્ષિણ આફ્રીકાના કવીંટન ડી.કોક પાસે છે.જેણે પોતાની દસમી સદી ૫૫ મી એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચની ૫૫ મી ઈનીંગ્સમાં ફટકારી હતી. ઈંગ્લેન્ડ વિરૂદ્ધ સેન્ચ્યુરીયનમાં ૯ ફેબ્રુઆરી ૨૦૧૬ ના રોજ રમાયેલ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચમાં કોકે ૧૪૭ મીનીટમાં ૧૧૭ બોલ પર ૧૬-૪ અને ૪-૬ ની મદદથી ૧૩૫ રન બનાવ્યા બાદ આ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. કવીન્ટન ડી.કોકે ૨૦૧૩ થી અત્યાર સુધી ૮૫ એક દિવસીય મેચમાં ૧૨ સદી અને ૧૪ અર્ધશતક સાથે ૩૫૧૯ રન કર્યા છે.

દક્ષિણ આફ્રીકાના હાશીમ અમલાએ એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રીકેટમાં બીજી સૌથી ઓછી ઈનીંગ્સમાં ૧૦ સદી બનાવવામાં સફળતા મેળવી છે. ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ૨૮ ઓગ.૨૦૧૨ ના રોજ રમાયેલ સાઉથેમ્પટનની મેચમાં અમલાએ ૨૦૯ મીનીટમાં ૧૨૪ બોલ રમીને ૧૬-૪ ની મદદથી ૧૫૦ રન બનાવ્યા. ત્યારે તે ૫૯ મી એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચ હતી. અમલાની આ ૫૭ મી ઈનીંગ્સ હતી. જેમાં તેમણે સૌથી ઓછી ઈનીંગ્સમાં ૧૦ સદી બનાવવામાં બીજો નંબર મેળવ્યો હતો.

અમલાએ અત્યાર સુધી ૧૫૬ એક દિવસીય મેચમાં ૧૫૩ ઈનીંગ્સ રમીને ૨૫ સદી અને ૩૩ અર્ધી સદી નોંધાવી છે. અમલાએ વન-ડે ક્રીકેટમાં ૭૧૮૬ રન બનાવ્યા છે. શ્રીલંકા વિરૂદ્ધ ૩ જુન, ૨૦૧૭ ના રોજ ઓવલમાં રમાયેલ ચેમ્પિયન ટ્રોફીની ત્રીજી મેચમાં અમલાએ ૨૦૨ મીનીટમાં ૧૧૫ બોલ રમીને ૫-૪ અને ૨-૬ ની મદદથી ૧૦૩ રન બનાવ્યા ત્યારે તેણે સૌથી ઓછી ઈનીંગ્સમાં ૨૫ સદી બનાવવાનું ગૌરવ પ્રાપ્ત કર્યુ છે. અમલાએ પોતાની ૧૫૪ મી ઈનીંગ્સ દરમ્યાન ૨૫ મી સદી નોંધાવી હતી.

ઈંગ્લેન્ડના જોયરૂટે પોતાની દસમી સદી ૮૯ મી વન-ડે ઈન્ટરનેશનલ મેચની ૮૦ મી ઈનીંગ્સમાં બનાવી હતી અને તે પાંચમો સૌથી ઝડપી ૧૦ સદી બનાવનાર બેસ્ટમેન બન્યો હતો. બાંગ્લાદેશ વિરૂદ્ધ ૧ લી જુન ૨૦૧૬ ના રોજ રમાયેલ ચેમ્પિયન ટ્રોફીની પ્રથમ મેચમાં રૂટે ૨૦૨ મીનીટમાં ૧૨૯ બોલ પર ૧૧-૪ અને ૧-૬ ની મદદથી ૧૩૩ રને નોટઆઉટ રહ્યો હતો. ત્યારે આ રૂટની વન-ડે ઈન્ટરનેશનલ મેચની ૧૦મી સદી હતી. રૂટનો વન-ડે ઈન્ટરનેશનલનો સૌથી મોટો સ્કોર આજ છે.

ઓસ્ટ્રેલિયાના ડેવીડ વોર્નરે પોતાની ૧૦ મી સદી ૮૭ મી એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચની ૮૫ મી ઈનીંગ્સમાં નોંધાવી હતી. ન્યુઝીલેન્ડ વિરૂદ્ધ કૈનબરામાં ૬ ડીસે. ૨૦૧૬ ના રોજ વોર્નરે ૧૪૯ મીનીટમાં ૧૧૫ બોલ રમીને ૧૪-૪ અને ૧-૬ ની મદદથી ૧૧૯ રન નોંધાવ્યા ત્યારે વોર્નરે વન-ડે મેચોમાં ૧૦ મી સદી બનાવી હતી. ડેવીડ વોર્નરે અત્યાર સુધી ૯૬ વન-ડે મેચોમાં ૯૪ ઈનીંગ્સમાં ૧૩સદી અને ૧૬ અર્ધશતકની મદદથી ૪૦૨૫ રન બનાવ્યા છે.

સૌથી વધુ ઈનીંગ્સમાં ૧૦ સદી પાકિસ્તાનના ઈંઝમામ ઉલ હકે નોંધાવી છે. ઈંઝમામ ઉલ હકે પોતાની વન-ડે ઈન્ટર નેશનલ મેચમાં ૧૦ મી સદી પોતાની કેરીયરની ૩૧૧ મી મેચમાં ૨૯૧ મી ઈનીંગ્સમાં નોંધાવી હતી.

લાહોરમાં ૨૧ માર્ચ ૨૦૦૪ ના રોજ રમાયેલ વન-ડે મેચમાં ૧૬૦ મીનીટમાં ૧૨૧ બોલ રમીને ૯-૪ અને ૪-૬ ની મદદથી ૧૨૩ રન બનાવ્યા ત્યારે હકે પોતાની વન-ડે કેરીયરની ૧૦ મી સદી નોંધાવી હતી.

ઈંઝમામ ઉલ હકે ૧૯૯૧થી ૨૦૦૭ ના સમયગાળામાં જે ૩૭૮ વન-ડે ઈન્ટરનેશનલ મેચની ૩૫૦ ઈનીંગ્સમાં ૧૦ સદી અને ૮૩ અર્ધશતક સાથે ૧૧૭૩૯ રન નોંધાવ્યા છે. એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ સદી બનાવનાર ભારતના સચીન તેંડુલકર છે.

સચીને પોતાની વન-ડે કેરીયરની ૧૦ મી સદી ૧૩૪ મી મેચની ૧૩૧ મી ઈનીંગ્સમાં નોંધાવી હતી. દક્ષિણ આફ્રીકા વિરૂદ્ધ ૧૪ ડીસે. ૧૯૯૬ ના રોજ મુંબઈ ખાતે રમાયેલ વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં ૧૫૭ મીનીટમાં ૧૨૬ બોલ રમીને ૧૪-૪ ની મદદથી ૧૧૪ રન બનાવીને પોતાની કેરીયરની ૧૦ મી સદી નોંધાવી હતી.

કમલેશ કંસારા

# ૩૦૦ વનડે રમનાર ધોની છઠ્ઠો ભારતીય બેટ્સમેન

**ટર્નીંગ પોઈન્ટ**

### શ્રીલંકા સામે ચોથી વનડેમાં રમીને સિદ્ધિ મેળવી વિશ્વમાં કુલ ૨૦ ખેલાડીઓ ૩૦૦થી વધારે વનડે મેચો રમી ચુક્યા છે

મહેન્દ્રસિંહ ધોનીએ તેની યશકલકીમાં વધુ એક મોરપીછુ ઉમેરી લીધુ હતુ. તે ભારત તરફથી ૩૦૦ વન ડે મેચ રમાનાર છઠ્ઠો ભારતીય બેટ્સમેન બની ગયો હતો. જ્યારે એકંદરે તે ૩૦૦ વનડે મેચ રમનાર ૨૦ ખેલાડી બની ગયો હતો. ભારત તરફથી સચિન તેન્ડુલકરે સૌથી વધારે ૪૬૩ વન ડે મેચો રમી છે. જ્યારે રાહુલ દ્રવિડે ૩૪૪ અને અજહરુદ્દીને ૩૩૪ વનડે મેચો રમી છે. ભારત તરફથી યુવરાજ સિંહે પણ ૩૦૪ વનડે મેચ રમી છે. અગાઉ ધોનીએ અજહરુદ્દીનના રેકોર્ડને તોડી નાંખવામાં સફળતા મેળવી હતી. કોલંબોમાં શ્રીલંકા સામે રમીને ધોનીએ વધુ એક મોટી સિદ્ધી હાંસલ કરી હતી. ભારતના સ્ટાર વિકેટકિપર બેટ્સમેન મહેન્દ્રસિંહ ધોનીએ ૨૭મી ઓગષ્ટના દિવસે ત્રીજી વનડે મેચમાં પોતાની વ્યક્તિગત સિદ્ધી હાંસલ કરી હતી. તે વન ડે ક્રિકેટમાં ૯૩૭૮ રન કરવાના અઝહરુદ્દીનના રેકોર્ડને તોડી દેવામાં સફળ રહ્યો હતો. આની સાથે જ તે ભારત તરફથી સૌથી વધારે રન કરનાર ચોથો ખેલાડી બની ગયો હતો. પલ્લેકલે ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે શ્રીલંકા સામે રમાયેલી ત્રીજી વનડે મેચ દરમિયાન ધોનીએ આ સિદ્ધી હાંસલ કરી હતી. ધોનીએ ૮૭ બોલમાં ૬૭ રન કર્યા હતા. તે અઝહરના રેકોર્ડને તોડવામાં સફળ રહ્યો હતો. ભારત તરફથી સૌથી વધારે રન બનાવવાનો રેકોર્ડ સચિન તેન્ડુલકરના નામ પર છે. સચિને વનડે ક્રિકેટમાં દુનિયામાં સૌથી વધારે રન કર્યા છે. તેના રેકોર્ડને કોઈ ખેલાડી તોડશે કે કેમ તે અંગે વાત કરવી મુશ્કેલ છે. ભારત તરફથી છ ખેલાડી ૩૦૦થી વધારે વનડે મેચો રમી ચુક્યા છે. સૌરવ ગાંગુલીએ ૩૧૧ વનડે મેચો રમી હતી.

### ધોની ૩૦૦ની ક્લબમાં

મહેન્દ્રસિંહ ધોની ૩૦૦ વનડે મેચ રમનાર ભારતીય બેટ્સમેનોની યાદીમાં જોડાઈ ગયો છે. ભારતમાં હજુ સુધી પાંચ અને વિશ્વમાં ૨૦ ખેલાડીઓ આ સિદ્ધિ ઉપર પહોંચી શક્યા છે. ધોનીની સાથે જે ભારતીય ખેલાડીઓ અગાઉ ૩૦૦થી વધુ વનડે મેચો રમી ચુક્યા છે તે યાદી નીચે મુજબ છે.

| નામ | ૩૦૦થી વધુ વનડે |
|---|---|
| સચિન તેંડુલકર | ૪૬૩ |
| રાહુલ દ્રવિડ | ૩૪૪ |
| અઝહરુદ્દીન | ૩૩૪ |
| સૌરવ ગાંગુલી | ૩૧૧ |
| યુવરાજ સિંહ | ૩૦૪ |
| મહેન્દ્રસિંહ ધોની | ૩૦૦ |

# શ્રીલંકાએ પ્રથમ દાવ લઈને ૨૩૮ રન કર્યા, ભુવનેશ્વરકુમારની પાંચ વિકેટ

શ્રીલંકાએ પાંચમી અને અંતિમ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતની વિરૂધ્ધ ટોસ જીતી બેટીગ કરવાનો નિર્ણય કર્યો હતો.ભારતની અંતિમ અકાદમીમાં ચાર પરિવર્તન કરવામાં આવ્યા હતાં લોકેશ રાહુલ હાર્દિક પંડયા અક્ષર પટેલ અને શિખર ધવનની જગ્યો અજિકય રહાણે કેદાર જાધવ ભુવનેશ્વકુમાર અને યુજવેન્દ્ર ચહલને સામેલ કરવામાં આવ્યા હતાં શ્રીલંકાઈ સુકાની ઉપુલ થરંગાએ ટીમમાં વાપસી કરી છે શ્રીલંકાએ એક પરિવર્તન કરી કુશલ મેડિસની જગ્યાએ ઉપુલ ચંદાનાને સામેલ કર્યો છે.

પહેલી બેટીંગ કરવા ઉતરેલ શ્રીલંકાની શરૂઆત ખરાબ રહી હતી જયારે ડિકવેલાએ ભુવનેશ્વર કુમારની ધમી બોલ પર તેમને રિટર્ન કેચ આપી દીધો તે માત્ર બે રન બનાવી આઉટ થયો આ આંચકાથી ટીમ બહાર આવી ન હતી ત્યારે ભુવનેશ્વરે એકવાર ફરી મુનાવીરને વિરાટ કોહલીના હાથે કેચ કરાવી આઉટ કરાવ્યો હતો. સુકાની થરંગા આક્રમક બેટીંગ કરી રહ્યો હતો પરંતુ ૪૮ રન બનાવી બુમરાહની બોલમાં ધોનીને કેચ આપી આઉટ થઈ ગયો હતો આ સમયે શ્રીલંકાની ૩૦ ઓવરમાં ૧૫૧ રને ત્રીજી વિકેટ પડી હતી

શ્રીલંકાના થિરિમાને ૬૭ રન કર્યા હતાં,મૈથ્યુજ ૫૫,સિરિવર્ધના ૧૮ રન હસરંગા ૯ રન ધનંજયા ૪ રન, મલિંડાપુષ્પકુમાર ૮ રન કર્યા હતાં.મલિંગાએ ૨ રન કર્યા હતાં જયારે ફર્નાન્ડો ૭ રને અણનમ રહ્યો હતો. હસરંગા રન આઉટ થયો હતો. શ્રીલંકાની પ્રથમ વિકેટ ૧૪ રને,બીજી વિકેટ ૪૦ રને,ત્રીજી ૬૩,ચોથી ૧૮૫,છટ્ઠી ૨૦૫ રન,સાતમી વિકેટ ૨૧૨ આટમી વિકેટ ૨૨૮ રન,આઠમી વિકેટ ૨૨૮૫ રન અને નવમી વિકેટ ૨૨૮ રને પડી હતી. દસમી વિકેટ ૨૩૮ રને પણ હતી.

ભારત તરફથી ભુવનેશ્વકુમારે ૫ વિકેટ,જસપ્રીત બુમરાહ ૨ વિકેટ,કુલદીપ યાદવ ૧ વિકેટ,જયારે યુજવેંદ્ર ચહલે એક વિકેટ મળી હતી. આમ શ્રીલંકાએ ૪૯.૪ ઓવરમાં ૪.૭૯ રનની સરેસાશથી ૨૩૮ રન કર્યા હતાં.

# યુએસ ઓપન : વિનસની ક્વીટોવા પર થ્રીલર જીત



ન્યુયોર્ક ખાતે રમાઈ રહેલી વર્ષની અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં શક્તિશાળી ખેલાડી વિનસ વિલિયમ્સે ડ્રીમ કુચ જારી રાખીને ફાઈનલ સેટ ટાઈબ્રેકમાં પેટ્રા ક્વિટોવા પર જીત મેળવીને સેમીફાઈનલમાં કુચ કરી હતી. ૩૭ વર્ષીય અમેરિકન ખેલાડી વિનસ ૨૩મી ગ્રાન્ડ સ્લેમની સેમીફાઈનલમાં પ્રવેશી ગઈ છે. ૨૭ વર્ષીય ક્વીટોવા સહેજમાં જીતતા રહી ગઈ હતી. વર્તમાન ચેમ્પિયન સ્ટાન વાંવરિન્કા પુરૂષ વર્ગમાં આ વખતે ખસી ગયો છે. ઉપરાંત બે વખત ચેમ્પિયન બની ચુકેલા નોવાક જોકોવિકે પણ નામ પાછુ ખેંચી લીધુ હતુ. એન્ડી મરે પણ છેલ્લી ઘડીએ ખસી ગયો હતો. જેથી હવે ફેડરર અને નડાલ હોટફેવરીટ દેખાઈ રહ્યા છે. આ વખતે યુએસ ઓપનમાં કુલ ઈનામી રકમ ૫૦૪૦૦૦૦૦ ડોલર રાખવામાં આવી છે. યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયશીપ ટેનિસમાં સૌથી જુની સ્પર્ધા પૈકીની એક છે. વર્ષ ૧૮૮૧માં તેની શરૂઆત થયા બાદથી દર વર્ષે આ ચેમ્પિયનશીપ યોજાય છે. વિશ્વમાં ચાર ગ્રાન્ડ સ્લેમ દર વર્ષે રમાય છે જે પૈકી યુએસ ઓપન પણ એક છે. આ ચેમ્પિયનશીપ મુખ્યરીતે હાર્ડકોર્ટ પર રમાય છે. વર્ષ ૧૯૮૭ બાદથી યુએસ ઓપને સત્તાવાર રીતે ચોથી અને અંતિમ ગ્રાન્ડ સ્લેમ તરીકે જાહેર કરવામાં આવી હતી. અન્ય ત્રણ ગ્રાન્ડ સ્લેમમાં વિમ્બલ્ડન, ઓસ્ટ્રેલિયન ઓપન અને પ્રેન્ચ ઓપનનો સમાવેશ થાય છે. યુએસ ઓપન સામાન્ય રીતે દર વર્ષે ઓગષ્ટના અંતિમ સપ્તાહમાં યોજાય છે. કેટલીક વખત સપ્ટેમ્બરના પ્રથમ બે સપ્તાહમાં પણ આનુ આયોજન કરવામાં આવે છે. આનો ઈતિહાસ ખુબ રોચક છે.એન્ડી મરે આ વખતે મેદાનમાં નથી. આવી સ્થિતિમાં હવે રોજર ફેડરર અને રાફેલ નડાલ વચ્ચે ઈપીક સેમિફાઈનલ મેચને લઈને ઉત્સુકતા વધી ગઈ છે. સેમિફાઈનલમાં નડાલ અને ફેડરર આમને સામને આવી શકે છે. યુએસ ઓપન ટેનિસમાં સ્ટાર ખેલાડીઓની આગેકૂચ જારી રહી છે જેમાં રોજર ફેડરર, રાફેલ નડાલ અને મહિલાઓમાં વિનસ વિલિયમ્સનો સમાવેશ થાય જેથી હવે ફેડરર અને નડાલ વચ્ચેની મેચનો તક્ષો ગોઠવવાની તૈયારીમાં છે. ચોથા રાઉન્ડની મેચમાં નડાલે પોતાના હરીફ ખેલાડી ઉપર જીત મેળવી હતી. મહિલાઓના વર્ગમાં વિનસ વિલિયમ્સે સેરેનાની ગેરહાજરીમાં જોરદાર દેખાવ જારી રાખ્યો છે.

**૨૩મી ગ્રાન્ડ સ્લેમની સેમીફાઈનલમાં આગેકુચ મેચને જોવા માટે મોટી સંખ્યામાં ચાહકો ઉપસ્થિત રહ્યા**

## તંત્રી સ્થાનેથી ...

### જે પુરૂષની બુધ્ધિ સમ છે તે ઉત્તમ છે.

# યુવા વર્ગને નશાની ચુંગાલમાંથી બચાવવાની જરૂર

આપણા માટે એ ચિંતાનો વિષય હોવો જોઈએ કે, યુવાવર્ગ બહુ ઝડપથી શરાબ, બિયર, સિગારેટ વગેરના નશાની ચુંગાલમાં ફસાઈ રહ્યો છે અને તેનાથી પણ વધુ ચિંતાનો વિષેય એ પણ હોવો જોઈએ કે, તેમાં મોટાભાગના સગીરો હોય છે. તે ઉપરાંત જોવામાં આવે તો સગીરોનું નશાની સાથે સાથે પાર્ટીઓમાં સ્વચ્છંદી રીતે સામેલ થવું, સેક્સ, રેપ કેસોમાં સંલિપ્ત હોવું, અપરાધિક ગતિવિધિઓમાં તેમનું નામ આવવું સંભવતઃ નેવુંના દાયકામાં શરૂ થયેલ ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણનું પૂર્ણ વિસ્ફોટક રૂપ છે.

આ વાત કદાચ એ લોકોને પસંદ ન પડે જેઓ એ દૌરમાં પણ આ વાતનું સમર્થન કરી રહ્યા હતા અને આજે પણ તેના ભક્ત છે. આ સંદર્ભે તત્કાલીન કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રીનું નિવેદન આજે પણ યાદ આવે છે, જે તેમણે ૯૫-૯૬માં યુવાઓને સંદર્ભિત કરતાં આપ્યું હતું કે, 'કોણ કોની સાથે સુવે છે તેનાથી કોઈ ફરક નથી પડતો, બસ તેઓ કોન્ડોમનો ઉપયોગ કરે તે પૂરતું છે.' અનિવાર્ય માનવામાં આવ્યું હતું કે, તેને ક્યાંક ને ક્યાંક બીજા રૂપે જ યુવાઓ સામે રજૂ કરવામાં આવ્યું હોત.

યુવાશક્તિ એવી શક્તિ છે, જેને આખું વિશ્વ મુઠ્ઠીમાં બંધ દેખાય છે. એક ક્લિક પર આખી દુનિયા તેમને પોતાની સામે ઊભેલી દેખાય છે, એવામાં વૈશ્વિક સ્તર પર તે પોતાને કોઈથી ઊતરતા નથી માનતા. ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણે વૈશ્વિક સંસ્કૃતિઓની ઘાલમેલને જન્મ આપ્યો છે. આપણા બધાનો એ ભ્રમ છે કે, તેનાથી સંસ્કૃતિઓના આદાન-પ્રદાનનો અવસર મળ્યો છે. દેશના યુવાનો પોતાની પાવન સંસ્કૃતિને ભૂલીને વૈશ્વિક આધુનિક સંસ્કૃતિને અપનાવવા માટે આતુર દેખાઈ રહ્યા છે. આ યુવાઓની સ્વચ્છંદ વિચારધારા પર તેમના વાલીઓનું નિયંત્રણ, સમાજનું નિયંત્રણ આજે ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણના સમર્થક લોકોને જૂનવાણી લાગે છે, માનસિકતાનું ગુલામ દેખાય છે.

વહેલી તકે પોતાને સફળતાના મુકામ પર લઈ જવા, આધુનિકતાના નામે ગમે તે કરવાને સ્વતંત્રતા માની લેવાની માનસિકતાએ યુવાઓને એક પ્રકારની આંધળી દોટમાં સામેલ કરી દીધા છે.આ દોટમાં બહુરાષ્ટ્રીય કંપનીઓનાં પેકેજ, વૈશ્વિકરણની રંગીન માનસિકતા, ધૂમાડાના ગોટા, શરાબના છલકતા જામ, બાહોંમાં વિપરિતલિંગી સાથીનો સાથ, સડક પર બેફામ દોડતા વાહનો, ધનનો અંધાધૂંધ ઉપયોગ વગેરે યુવાઓને ભટકાવવામાં ઉદ્દીપકનું કામ કરે છે. આ વિસ્ફોટક દૌરમાં સમાજ ક્યાં જશે, યુવા ક્યાં જઈને ખુદને નિયંત્રિત કરશે, આર્થિક પતનના દૌરમાં સાંસ્કૃતિક પતનને કોણ ખાળશે, મૂલ્યોના વિખંડિત થતા આનિયંત્રિત રૂપમાં યુવાઓનો અપરાધિક ચહેરો કઈ રીતે નિયંત્રિત કરી શકાશે, કેન્દ્ર-રાજ્ય સરકારો, રાજકીય પક્ષો, રાજકારણીઓ ક્યારે પોતપોતાની ભૂમિકાનું યોગ્ય નિર્વહન કરીને દેશને કૌભાંડો-ભ્રષ્ટાચારોથી મુક્ત કરવાની સાથે સાથે યુવાઓમાં પણ સકારાત્મકતાનો વિકાસ કરશે?

આ તમામ સવાલોની સાથોસાથ અગણિત અનુત્તરિત પ્રશ્ન અને અવ્યવસ્થિત સ્થિતિઓ પોતાનું મ્હોં ફાડીને ઊભી છે. જ્યાં સુધી આ વિપરિત સ્થિતિઓને સકારાત્મક નહિ બનાવવામાં આવે ત્યાં સુધી આપણે આપણા દેશના યુવાઓને આ આધુનિકતાના મોહપાશમાં બંધાયેલા જ જોઈશું. આ જ મોહપાશ તેમને ધીમે ધીમે અપરાધિક પ્રવૃત્તિ તરફ ક્યારે લઈ જાય છે તેની ના તેમને ખબર છે, ના તેમના વાલીઓને, ના સમાજને. આ બધું જોતાં હવે આપણે બધાએ જાગી જવાની-વહેલી તકે ચેતી જવાની જરૂર છે અને તેના માટે શરૂઆત તો કરવી જ પડશે. નહિતર પછી બહુ મોડું થઈ જશે અને ત્યારે પસ્તાવો કરવાથી કંઈ જ વળશે નહિ.

## સોની YAY! દ્વારા ટીચર્સ ડે નિમિત્તે અનુપમ ખેર, શામક દાવર, બિરજુ મહારાજ, મહાવીર સિંહ ફોગટ અને અન્યોનું સન્માન!



અનુપમ ખેર, શામક દાવર, બિરજુ મહારાજ, મહાવીર સિંહ ફોગટ અને શાહીન મિસ્ત્રી (ટીચ ફોર ઈન્ડિયા) સહિત દેશના અમુક જૂજ લોકોને તેમનાં પોતપોતાનાં ક્ષેત્રોમાં અમુક મોટી સેલિબ્રિટીઓને શીખવવા, માર્ગદર્શન આપવા અને મેન્ટર કરવા માટે સન્માનિત કરાયા હતા. આ ટીચર્સ ડેપર બાળકોની મનોરંજન ચેનલ સોની રૂછરૂ! દ્વારા આ નામાંકિત શિક્ષકોનું સન્માન કરાયું હતું અને તેમનાં મુખ્ય પાત્રો પ્રિન્સ જય અને દમદારવીરુએ તેમને હીરોઝ બિહાઈન્ડ ધ હીરોઝ મોમેન્ટો આપ્યા હતા. આ પહેલ થકી ચેનલ દેશના નાના બાળકોને તેમના શિક્ષકો અને મેન્ટરોને સર્વ શક્ય ભાવિ સફળતાઓ માટે પાયાનો પથ્થર મૂકીને તેમના જીવનમાં કાયમી યોગદાન આપવા માટે પ્રેમ, સન્માન અને પહોંચ આપવાનું લક્ષ્ય ધરાવે છે. આસુંદર પુરસ્કાર મને આપ્યો તે બદલ હું સોની રૂછરૂ!નો આભારી છું. આ એવોર્ડથી સન્માનિત થવા બદલ હું બેહદ ખુશ છું, કારણ કે શિક્ષક તરીકેમને ખુશી છે કે મારા શાહિદ, સુશાંત, બોમન, ઐશ્વર્યા અને બધા જ વર્ષોથી મારી સાથે છે, જેઓ તેમની કારકિર્દીમાં બહુ આગળ વધ્યા છે. આથી મારે માટે આ સૌથી મોટું સન્માન છે અને હું બધાનો આભારી છું. આ પુરસ્કારથી સન્માનિત થયો તેની મને બેહદ ખુશી છે.હીરોઝ બિહાઈન્ડ ધ હીરોઝ સોની રૂછરૂ! દ્વારા પુરસ્કાર મને ગૌરવ અપાવે છે. શિક્ષક દિવસ પર જય અને વીરુએ મને આ એવોર્ડ આપવાનુંનક્કી કર્યું ત્યારે મને બહુ ખુશી થઈ. શિક્ષકો ગમે તે સ્વરૂપમાં વાસ્તવમાં હીરો હોય છે, કારણ કે તેઓ ઘણા બધા હીરો નિર્માણ કરે છે અને આબિન- કૃતઘ્ન કાર્ય છે, કારણ કે તેમને વધુ અને વધુ સ્ટાર કે હીરો નિર્માણ કરવાની જરૂર હોય છે અને તેઓ પોતે ત્યાં જ રહે છે. સોની રૂછરૂ! તરફથી મને અપાયેલો આ ઉત્તમ એવોર્ડ છે. હીરોઝ બિહાઈન્ડ ધ હીરોઝનો વિચાર બાળકોને ખુશી આપવા સાથે અન્યોને તે આપવા માટે તેમનેપ્રોત્સાહન આપવા ખુશી ફેલાવવાના આ વિચારમાંથી ઉદભવ્યો છે. આ અજોડ પહેલ થકી અમે રાષ્ટ્રનો અસલી આધાર બધા શિક્ષકોએ તેમનાબધા વિદ્યાર્થીઓમાં મહાનતા લાવવા માટે આપેલા સમય અને પ્રયાસો માટે તેમનો આભાર માનવા માગીએ છીએ. આજના સમયમાં આપણાબધાના હીરો હોય છે અને આ શિક્ષક દિવસ પર આપણા મનગમતો લોકો બનવા માટે મદદરૂપ થનાર આવા શિક્ષકોનો અમે આભાર માની રહ્યા છીએ.

શામક દાવર અને અનુપમ ખેર ઉપરાંત ચેનલ ગીતા અને બબીતા ફોગટ નામે પુત્રીઓની વીરતાભરી સફળતાની પાછળના લોહપુરુષ મહાવીર સિંહ ફોગટ, નામાંકિત કથક દિગ્ગજ અને ટ્રેનર પંડિત બિરજુ મહારાજ, ભારતીય સામાજિક ચળવળકાર, શિક્ષણકર્તા, આકાંક્ષા ફાઉન્ડેશનના સ્થાપક અને ટીચ ફોર ઈન્ડિયાના સીઈઓ શાહીન મિસ્ત્રીને પણ પુરસ્કૃત કરાયાં હતાં.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## કેન્ટ આરઓ રજૂ કરે છે "વાદી-એ-કશ્મીર"

"વાદી-એ-કશ્મીર" પર એક લઘુ ફિલ્મ, સીએસઆરની પહેલ, કશ્મીરને રાષ્ટ્ર તરફથી શ્રી રાજનાથ સિંહ, ગૃહમંત્રી અને હેમા માલિની, સંસદ સભ્ય, કેન્ટ આરઓ સિસ્ટમ્સના અધ્યક્ષ શ્રી મહેશ ગુપ્તાની સાથે બપોરે સમર્પિત કરવામાં આવી. "આ ફિલ્મ કશ્મીર અને તેના લોકોની સુંદરતાને રજૂ કરે છે, અને પ્રેમ અને એકતાની ઉજવણી છે, જેને અમે એક રાષ્ટ્ર રૂપે માનીએ છીએ. આ નાનકડી ૬ મિનિટની ફિલ્મનું સપનું કશ્મીરમાં પોતાના ભાઈઓ અને બહેનોને અનુભવ કરાવવાનું છે કે બાકી દેશ તેમની સાથે છે આપણે અમે એકબીજાની સમીપ લાવવ માટે અનેક દરવાજા ખોલવાના છે. આ માનવતા અને પરિવાર અને એકતાની ભાવનાથી પ્રેરિત છે. ભારતનો એક મોટો વિવિધ પરિવાર છે અને કાશ્મીર આપણા જીવનનું અભિન્ન અંગ છે."લૉ એન્ડ કેનેથ સાચી એન્ડ સાચીના ચેરમેન શ્રી પ્રવિણ કેનેથ દ્વારા પ્રદર્શિત આ ફિલ્મથી કશ્મીર અને તેના લોકોના નિષ્પક્ષ સૌંદર્યની જાણ થઈ છે. દેશમાં દરેકને જોડવા, દર્શકોને નિઃસંદેહ ભાષાની બળજબરી હશે કશ્મીરની સુંદર ઘાટીની પૃષ્ઠભૂમિમાં આના આશ્ચર્યજનક પહાડો, હરિયાળી અને શિકારની સાથે શૂટ કરવામાં આવ્યું છે. વીડિયો વિશેષ રૂપે આકર્ષક છે જ્યારે દેશના યુવાનોએ ગર્વથી પ્યાર અને બંધનનું પ્રદર્શન કર્યુ છે. આ ઉપરાંત શંકર મહાદેવન દ્વારા ગાયેલા ઉત્કૃષ્ટ ગીત અને શંકર-અહસાન-લૉય દ્વારા કંપોઝ અને ગુલઝાર દ્વારા લેખિત ગીતોની સાથે છે, જે ફિલ્મ અને સંદેશને પૂરા નવા સ્તરે પહોંચાડી દે છે.આ ફિલ્મ દર્શકોને www. dilsekashmir.com પર લૉગઑન કરવા માટે કહે છે, જે એક મંચ છે, પૂરા દેશના લોકો માટે કશ્મીરના લોકોના પ્રેમનો સંદેશ આપવા માટે.

## ગુજરાતમાં પહેલી વાર 'ટ્રક ટ્રેઈલર અને ટાયર' ઉદ્યોગ ક્ષેત્રે એક્સપોનું આયોજન

***મુખ્યમંત્રી વિજય રૂપાનીના વરદ હસ્તે 'ટ્રક ટ્રેઈલર એન્ડ ટાયર એક્સપો ૨૦૧૭'નું ઉદ્દઘાટન થશે***



અમદાવાદ

ભારત તરીકે ભૌગોલિક રીતે વિવિધતા ધરાવતા દેશોમાં, રેલ અને રોડવેઝ એ માલસામાન ની હેરફેર માટે પ્રાથમિક માધ્યમ બની રહે છે. હાલમાં, વિવિધ વ્યુહાત્મક સેવાઓ દ્વારા, રોડવેઝ એ માલસામાનના પરિવહન માટે એક પસંદગીના માધ્યમ તરીકે ઉભરી આવ્યું છે.રોડ દ્વારા માલસામાનના પરિવહનમાં વધારા સાથે, વાહનોની સંખ્યામાં પણ વધારો થયો છે. રાજ્યના હેવાલ મુજબ, કુલ ૨,૨૧,૭૯,૧૬૫ વાહનો એપ્રીલ ૨૦૧૭ દરમ્યાન ગુજરાતમાં નોંધાયા છે જે વાહનોનો આંકડો માર્ચ ૨૦૧૭માં ૨,૨૦,૩૬,૫૩૯ હતો."ગુજરાતભરની ૧૧૦થી વધુ મોટર વ્હિકલ કંપનીઓ 'ટ્રક ટ્રેલર એન્ડ ટાયર એક્સપો ૨૦૧૭'માં મહાત્મા મંદીર, ગાંધીનગર, ગુજરાત ખાતે ત્રણ દિવસ માટે ૯ થી ૧૧ સપ્ટેમ્બર ૨૦૧૭ દરમ્યાન ભાગ લેશે. ૨૦૦થી વધુ ટ્રક, ટ્રેલર, ટાયર અને તેની સાથે જોડાયેલા ક્ષેત્રના ભારતભરના સ્ટેકહોલ્ડર્સ ભાગ લેશે તેવી અપેક્ષા છે." તેમ રામ સાઉન્ડલકર, આયોજક, ટ્રેક ટ્રેલર એન્ડ ટાયર એક્સપો ૨૦૧૭ જણાવે છે.રોડ દ્વારા થતા માલસામાનના પરિવહનમાં વધારા સાથે, નિયમનકારી બદલાવ અને નવા વૈશ્વિક પ્લેયર્સનો ઉમેરો, ગ્રાહકો માત્ર ઓછી કિંમતની પ્રોડક્ટ જ નથી જોતા પરંતું તે પ્રિમિયમ કિંમતે આવે ત્યારે તેની પ્રોડક્ટીવિટી અને તેની કાર્યક્ષમતા પણ જોવે છે. ગ્રામ્ય કે પહાળી વિસ્તારમાં પણ ઉપભોક્તાના પ્લેટફોર્મ પરથી માલ લેનારના દરવાજા સુધીની અંત સુધીની સેવાઓ પૂરી પાડવામાં આવે છે. "એક પડકાર છે કે મુલ્ય ધરાવતા ટ્રક્સ હાલમાં ૧૦ ટકાથી પણ ઓછો બજાર હિસ્સો ધરાવે છે. ભારતમાં કુલ ૧૧ મોટી ટાયર બનાવનારી કંપનીઓ છે, જ્યારે ઘણી બધી ટ્રકના ઉત્પાદન માં છે. હક્કીતમાં, ભારતીય કોમર્શીયલ વ્હિકલ ઈન્ડસ્ટ્રી માં પ્રોડક્ટ પોર્ટફોલીયો અપગ્રેડ કરવા, નવા મોડલ્સ રજૂ કરવા અને ઉત્પાદનશક્તિ વધારવા ઓઈએમઓ તરફ થી મોટી સંખ્યામાં રોકાણ મળે છે.

## અમદાવાદમાં વાર્ષિક ડિસ્કવર જર્મની રોડ શો ૨૦૧૭નું આયોજન



અમદાવાદ

મે-૨૦૧૭માં ભારતના મુલાકાતીઓની સંખ્યામાં ૩૦ ટકાના વધારાનું સાક્ષી બનનાર જર્મની ભારતીય પ્રવાસીઓ માટે સૌથી મનપસંદ લીઝર ડેસ્ટિનેશન ફરી વાર બન્યું છે. જાન્યુઆરીથી મે-૨૦૧૭ સુધીમાં દેશમાં ૩૨૯૮૬૦ મુલાકાતીઓ આવ્યા હતા જે ગત વર્ષના સમાન ગાળાની તુલનામાં ભારતથી આવતા મુલાકાતીઓની સંખ્યામાં ૧૨.૮ ટકાનો વધારો દર્શાવે છે.જીએનટીઓ માટેની વાર્ષિક ઈવેન્ટ ડિસ્કવર જર્મની રોડ શો કે જેનો પ્રારંભ દિલ્હીમાં ૫ સપ્ટેમ્બરે થયો હતો. જેનું આયોજન હવે અમદાવાદમાં થશે અને તેનું સમાપન ૮ સપ્ટેમ્બરે મુંબઈમાં થશે. ભારતીય ઓપરેટર્સની વધતી રૂચિને ધ્યાનમાં રાખીને આ રોડ શોમાં આ વર્ષે બે નવા જર્મન પાર્ટનર્સ મેક્ આર્થર ગ્લેન ડિઝાઈન આઉટલેટ્સ (ફેક્ટરી આઉટલેટ શોપિંગ સેન્ટર્સ) અને વિયેના હાઉસ (હોટેલ ચેઈન) સામેલ થયા હતા. પ્રતિ વર્ષ અમે ડેસ્ટીનેશન જર્મનીમાં ઈન્ડિયન ટ્રાવેલ ટ્રેડમાં વધતા રસને નોંધી રહ્યા છઈએ. આ અમારા રોડ શોમાં અમે જોરદાર પ્રતિસાદ મેળવ્યો છે. ગત વર્ષે ફેબ્રુઆરીમાં જર્મની પ્રવાસનના ફેસબુક પેજ લોન્ચ કરાયા પછી તેમાં ફેસબુક ફેન્સની સંખ્યા વધી છે.જીએનટીઓનો ૨૦૧૭નો જે મુખ્ય માર્કેટીંગ થીમ છે તે 'જર્મની - પેલેસીસ, પાર્ક્સ એન્ડ ગાર્ડન્સ' છે. અન્ય એન્સિલરી થીમ્સ કે જેમાં પ્રકૃતિ, સ્માર્ટ લક્ઝરી અને બેરિયર ફ્રી ટ્રાવેલ સામેલ છે. આ વર્ષના કોર કેમ્પેનના હેતુઓમાં જર્મનીની ઈમેજ વેકેશન માટે આવનારા લોકો માટે અગ્રણી ડેસ્ટીનેશન તરીકે મજબૂત કરવામાં આવી રહી છે. જેમાં પ્રવાસીઓ અદભૂત કિલ્લાઓ અને પેલેસીસ દેશભરમાં જોઈ શકશે અને સાથે વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક વારસો નિહાળી શકશે. થિયોફિલસે કહ્યું હતું, 'પરીકથાના મહેલોની જેમ પાર્ક્સ અને ગાર્ડન્સ સુધી ડેસ્ટીનેશન જર્મની ચોક્કસ તમને સ્પર્શી જશે. અહીં દરેક પ્રદેશમાં વિવિધ સાઈટ ઓફર કરવામાં આવે છે, દેશમાં ચોક્કસપણે યુવાન હોવાનો અને યુવા હૃદયનો ભાસ થશે.' રોડ શો કે જે નવી દિલ્હી, અમદાવાદ અને મુંબઈમાં યોજાયા તેમાં જર્મન પાર્ટનર્સ અને ઈન્ડિયન ટ્રાવેલ ટ્રેડ વચ્ચે નવી ઓફર્સ, હાઈલાઈટ્સ અને આકર્ષણો અંગે ચર્ચા થઈ હતી.

## એક સંપુર્ણ ઈલેકટ્રીક કાર મહીન્દ્રા ઈ ૨૦ પ્લસ સૌ પ્રથમ વાર ગુજરાતમાં રજુ થઈ



અમદાવાદ

મહીન્દ્રા ઈ ૨૦ પ્લસ એક વાર સંપુર્ણ ચાર્જ કર્યા પછી ૧૪૦ કી.મી. સુધીનો પ્રવાસ ખેડી શકે છે અને તે કલાક દીઠ મહત્તમ ૮૫ કી.મી.ની ઝડપ હાંસલ કરી શકે છે. મહીન્દ્રા ઈલેકટ્રીકની લેટેસ્ટ ઈલેકટ્રીક ડ્રાઈવ ટ્રેઈન ટેકનોલોજીથી સજ્જ ઈ ૨૦ પ્લસને શહેરના ટ્રાફીકમાં હંકારવી અત્યંત સરળ છે અને તે પરીવહનના ભાવી અંગેના મહીન્દ્રાના વિઝનને રજુ કરે છે.ટોલ બોય ડિઝાઈન તથા મોકળાશ ધરાવતી આંતરીક રચના એક આદર્શ સીટી કારને રજુ કરે છે અને તેમાં ચાર પુખ્ત વ્યકિતઓ આરામથી પ્રવાસ કરી શકે છે.મુખ્ય બાબતે તેને ચલાવવામાં વધુ આનંદદાયક તથા જાળવણીમાં સરળ રહે તેને ધ્યાનમાં રાખીને ઈ ૨૦ પ્લસના વિવિધ ફીચર્સ વિકસાવવામાં આવ્યા છે. રૂટનું પ્લાનીંગ હોય કે કારની તંદુરસ્તી જાણવી હોય કે પછી કારને દુરથી ઠંડી કરવી હોય ઈ ૨૦ પ્લસ આ તમામ કાર્યોને ટેકનોલોજીના સમન્વય દ્વારા સરળ બનાવે છે.

## પતન નવલીકા

'જ્યોત્સના' ના પગ એ દિશા તરફ વળ્યો કે જ્યાં એને 'દિલીપે' બોલાવી હતી.જ્યાં એનું પ્રથમવારનું પતન થવાનું હતું.અઢારવર્ષની જ્યોત્સના હજી સુધી અબોટ યૌવન હતી પણ હવે તે અબોટ રહેવાની ન હતી.સાડાપાંચ ફુટ ઉંચી ગોરી-ગોરી ભરાવદાર શરીરની માલિકણ જ્યોત્સના વિચારોના વાવાઝોડામાં ચાલી ઉનાળાની સુનકાર બપોર જાણે કે તેનું ભાવિ સુનકારમય બનાવી દેવાનું હોય એમ તેને લાગ્યું.માણસોના બોલાશની સાવ આછી પાતળી હાજરી પણ ન હોય એવી એક એકાંત જગામાં રહેલ એ મકાનમાં તે પ્રવેશી કે જ્યાં એને દિલીપે બોલાવી હતી.વીસ વર્ષીય 'દિલીપ' ના રૂક્ષ હાથ જ્યોત્સનાના શરીર ઉપર ફરતા રહ્યા.જ્યોત્સનાનાં ગોરા ગોરા બાવડા ઉપર છાતી ઉપર દિલીપ હાથ ફેરવતો જ રહ્યો.જ્યોત્સનાના કુંવારા ભરાવદાર શરીરના દરેક ભાગો ઉપર દિલીપે ધરાઈને હાથ ફેરવ્યા કર્યા.જ્યોત્સના આંખો બંધ કરી પડી રહી ક્ષણો મિનિટો વીતી રહી ધરાઈ ગયેલ પાડાની જેમ જ્યોત્સનાનું પૂર્ણ રીતે પતન કરીને દિલીપ ઉભો થયો.જ્યોત્સનાના બન્ને આંખોના ખૂણે આંસુ ટપકી રહ્યાં તે વધારે રડી ન શકી.જાણે કે તેનાં આંસુ સુકાઈ ગયા.આખુ શરીર દુઃખતું હતુ ને શરીરનાં સાધા ઢીલા પડી ગયા હતા.જેમ તમે કપડા પહેરી ને જ્યોત્સના ઉભી થઈ.દિલીપે પોતાની પાસે રહેલ એક ચીઠ્ઠી જ્યોત્સનાને હાથમાં પકડાવી દીધી.જ્યોત્સનાએ એ ચિઠ્ઠીના ઝીણા-ઝીણા અનેક ટુકડા કરી નાંખ્યા.લથડતી ચાલે જ્યોત્સના ઘર તરફ ચાલવા લાગી.દુર દુરથી કાગડાનો કર્કશ અવાજ ગાજી રહ્યો.ઘેર આવીને જ્યોત્સના કોઈથી નજર ન મિલાવી શકી ઘરના અંદરના ભાગમાં જઈ તે ખાટલામાં ફસડાઈ પડી.નીરવ વાતાવરણમાં જ્યોત્સના અનેક સ્મરણોમાં ખોવાઈ ગઈ.કેટલાયે સ્મરણો તેનો આગળ નાચી રહ્યા.તે પોતાની જાત સાથે વાત કરતી હોય એવો મનોમંથનમાં ડૂબી ગઈ.

કેવું પતન થયું હતું પોતાની જાતનું ? કોઈ પરપુરૂષનો હાથ પણ જો પોતાના શરીર ઉપર પડે તો અકડાઈ જતી જ્યોત્સના કેવી પ્રતિક્રિયા આપતી હતી? જ્યારે તે સોળ વર્ષની હતીને બાજુના ઘરમાં રહેતા સુમીતે કામાવેગમાં જ્યોત્સનાનું બાવડું પકડ્યું હતું.ત્યારે જ્યોત્સનાએ સુમીતના ગાલ પર જોરદાર થપ્પડ મારી હતી.એ યાદ આવતા જ્યોત્સનાની આંખમાં આંસુ આવી ગયા.વિચારોના વમળમાં જ્યોત્સના ઉંડી ઉતરતી ગઈ.જાણે કે વિચારોએ એક તળીયા વગરનો ઉંડો કુવો હતોને એ કુવામાં જ્યોત્સના પોતે કે જાણે ઉતરતી જતી હોય એવું અનુભવવા લાગી.

બાર મહીના પહેલાં પોતાની જ ઉંમરના રાજ સાથે નજર મળી ગઈ હતી. સુંદર દેખાવડા રાજ સાથેનો એ પ્રથમ નજરનો પ્રેમ એ પવિત્ર પ્રેમ હતો.રાજ સાથે છાને છપને રોજ મળવાનો ક્રમને રોમાંસ મુગ્ધાવસ્થામાં જ્યોત્સનાને આનંદિત કરી મુકતો હતો પરંતુ આ બધાથી અજાણ જ્યોત્સનાને ખબર ન હતી કે કેટલીય અજાણી આંખોના કેમેરા તેમના ઉપર ફરતા હતા.શકરાબીજ જેવા દિલીપે એક સાજીશ રચીને જ્યોત્સનાનો રાજને ઉદ્દેશ્યાએલુ પ્રેમપત્ર હસ્તગત કરી લીધો હતો.દિલીપને જે જોઈતું હતુ તે મળી ગયું હતું.એકવાર દિલીપે હિંમત કરીને જ્યોત્સનાને કહ્યું હતુ કે તારો આ લખાયેલ પ્રેમપત્ર મારા હાથમાં આવી ગયો છે.તારે તારી બદનામી ના થવા દેવી હોય તો હું તને જ્યાં બોલાવું ત્યાં તું આવી જા ને મારી ઈચ્છા પુરી કર.જ્યોત્સનાના મોઢા પર દિલીપે પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી.પોતાની ને પોતાના પરિવારની બદનામી ના થાય એ માટે જ્યોત્સના એ દિલીપની અઘટીત માગણીને સ્વીકારી લીધી હતી ને આખરે જ્યોત્સનાનું કૌમાય અકાળે ખંડીત થઈ ગયું હતું.જ્યોત્સનાના વિચારોના વમળમાં ઘુમરાતી જ રહી.દુઃખ અને માનસિક પરીતાપથી ત્રસ્ત બનેલ જ્યોત્સના કેટલાયે સમય સુધી રડતી રહી.

**સમીર બારોટ ચંડીસર**

## વિવિધ ભૂમિકાઓને સફળતા પૂર્વક નિભાવતી સ્ત્રીઓ માટે AND ની #IamAND ઝુંબેશ



ANDએસોસિયેટ્સ દ્વારા મનોહરતા અને પ્રેરણા સાથે પોતાનું યોગદાન આપી વિવિધ ભૂમિકાઓને આબાદ પાર પાડતી સફળ સ્ત્રીઓને આલેખિત કરવા #IamAND ઝુંબેશની રજુઆત કરવામાં આવી છે. ANDનો પ્રવાસ ૩૦૦ ચો.ફૂટના શોપ સાથે ૧૯૯૫ માં શરૂ થયો હતો અને તેનો ધ્યેય શહેરી ભારતીય સ્ત્રીને એવી ફેશન આપવાનો છે,જે તેમના શરીર સાથોસાથ તેમની લાઈફસ્ટાઈલને પણ અનુકૂળ રહેશે.જોકે આ પ્રવાસ આસાન નહોતો,ખાસ કરીને ભારે ભરતકામ સાથેનાં ભસરતીય વસ્ત્રો મોજુદ હોવાથી પ્રવાસ વધુ પડકારજનક હતો,મેં ગણતરી કરું તેના કરતાં પણ વધુ વખત ના સાંભળ્યું છે.જોકે તે મને સંભાળાતાં જ રહયા.તેમણે કહયું કે હું નહીં કરી શકું.આથી મેં કર્યું.હું માનું ચું કે આજની ભારતીય સ્ત્રી ક્રાંતિકારી ભૂમિકા ભજવી શકે છે.તે મનમાં આવે એ કશું પણ કરી શકે છે.આપણે તેને આગળ વધવા માટે બસ પ્રેરણા આપવાની રહે છે અને તેનું સપનું જીવવા દેવું જોઇએ,કારણ કે અમુક વાર એ જાણી લેવાનું મહત્ત્વપૂર્ણ છે કે જો અન્ય કરી શકો તો તમે કેમ નહીં કરી શખો,એમ હાઉસ ઓફ અનિતા ડોંગરેનાં ચીફ ક્રિયેટિવ ઓફિસર અનિતા ડોંગરેએ જણાવ્યું હતું. ANDએક એવી બ્રાન્ડ છે,જેણે દેશમાં ફેશનનો સિનારિયો બદલી નાખ્યો છે.તે ભારતરરય સ્ત્રીને આંતરરાષ્ટ્રીય સ્ટાઈલ્સ આપતી સૌપ્રથમ વેસ્ટર્ન-વેર બ્રાન્ડમાંથી એક છે. #IamAND ઝુંબેશ પોતાને કોઈ રોકી નહીં શકે એવો વિશ્વાસ ધરાવતી તે અસાધારણ સ્ત્રીઓ સુધી પહોંચવાનો પ્રયાસ છે.આ ઝુંબેશમાં સફળ અને જીવન તથા કારકિર્દી વચ્ચે ઉત્તમ સંતુલન જાળવતી સ્ત્રીઓ ચમકે છે.

આ ઝુંબેશ વિડિયો સાથે લોન્ચ કરાશે,જેમાં કરીના કપૂર ખાન અને ઘણી બધી સ્ત્રીઓ છે, જેમાં પ્રેરણાત્મક વારતાઓ સાથેની તાનિયા સચદેવ ( ગ્રાન્ડ માસ્ટર અને કોમેન્ટેટર) અનુષ્કા મેનન (ફોટોગ્રાફર અને ડીજે) કાંચન ડેનિયલ (સંગીતાર અને સાઈકોલોજિસ્ટ) અને પ્રણિતા બલાર ( મિડિયા પ્લાનર અને કેનાઈન કન્સલ્ટન્ટ)નો સમાવેશ છે.

## ડેમ મેન્યુઅલનો સંનિષ્ઠાથી અમલ કરો તો,હોનારતોમાંથી બચી શકાશે

તાજેતરમાં બનાસકાંઠા, પાટણ, મોરબી, સુરેન્દ્રનગર વગેરે વિસ્તારમાં વરસાદ અને પૂરના પાણીએ હાહાકાર મચાવ્યો હતો. સૌથી વધુ પશુઓ, પ્રાણીઓ આ પૂરના સકંજામાં આવી ગયા. ત્યારપછી ૫૦૦થી વધુ માણસો પણ ડુબી અને તણાઈને મરી ગયા. ખાસ કરીને બનાસકાંઠામાં તમામ ડેમના દરવાજા એકસાથે ખોલી દેવાથી પાણી ખૂબ જ ગતિથી, ખૂબ જ ઓછા સમયમાં દરેક ગામમાં પહોંચી ગયું. ગામમાં પાણી વહેવાની જગ્યાઓમાં પાણી સાચવવાની ક્ષમતા ઓછી હોવાથી હોનારત મોટી થઈ. એકસાથે પ્રચંડ વેગે આવેલું પાણીને પસાર થવા જગ્યાઓ સાંકડી પડી જેને લીધે પાણી પાછું પડ્યું અને ગામો બધા જળબંબાકાર થઈ ગયા. સરેરાશ ૧૧ થી ૧૫ ફૂટ પાણી ભરાઈ જવાના દાખલા નજર સમક્ષ આવ્યા. સાથોસાથ ૧૦ થી ૧૫ જગ્યાએ નર્મદા કેનાલમાં પણ ભંગાણ પડ્યું. સાયફનની પહોળાઈ સાંકડી હોવાથી હોનારત વધુ ગંભીર બની.

ધાનેરા વિસ્તારમાં રેલ નદી છે તે નદીમાં આજદિન સુધી ચોમાસામાં પણ પાણી ભરાતું નથી. રાજસ્થાનના ઝાલોદ જિલ્લામાંથી ડેમના દરવાજા એકસાથે ખોલવાથી ભારે પાણી આવ્યું. ધાનેરાથી ખુબ નજીક આ ડેમ આવેલો છે એટલે ધાનેરામાં ખુબ જ નુક્શાન થઈ ગયું. એકસાથે દાંતીવાડા ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું તેને કારણે પણ વિસ્તારમાં હાહાકાર મચી ગયો. મામલતદારશ્રી અને કલેક્ટરશ્રીઆએ ચેતવણી આપવાનો ખુબ જ પ્રયાસ કર્યો પણ પાણી ધસમસતું આવતું હોવાથી સમયગાળો નક્કી કરવામાં તેઓ થાપ ખાઈ ગયા. પ્રજાને આટલા મોટા પ્રમાણમાં પાણી ઘુસી જશે તેનો અંદાજ ન આવ્યો. રાજસ્થાનમાંથી સ્પષ્ટ સુચના હોવા છતાં તંત્ર ચેતવણી આપવામાં અગ્ર રહ્યું પણ પાણી ખુબ જ હોવાથી ગામોના ગામો ડૂબી ગયા.

૨૦૦૬ના વર્ષમાં પણ ગુજરાત રેલ હોનારતોનું વર્ષ બની ગયું હતું. તે વર્ષમાં રાજ્યની બધી મુખ્ય નદીઓમાં ૧૫ દિવસના ટૂંકા ગાળામાં વ્યાપક સ્તર પર મોટી રેલો આવી હોય તેવું બન્યું. તે વખતે ઘણા લોકોની માન્યતા હતી કે આ પૂર ભારે વરસાદને કારણે જ નોતા આવ્યા પણ ડેમમાં પાણી છોડવાનો નિર્ણય ખૂબ જ મોડો તંત્ર એ લીધો હોવાથી ખૂબ જ મોટી હોનારતો તે વર્ષમાં થઈ હતી. ત્યારે ગુજરાત સર્વોદય મંડળ અને નર્મદા અભિયાન દ્વારા નિમાયેલી પ્રજાકીય પૂર તપાસ સમિતીએ સ્પષ્ટ પણે કહ્યું હતું કે, પૂર નિયંત્રણ માટે ડેમનું સંચાલન કેવી રીતે કરવું તેની વિગત વાર માર્ગદર્શિકા બહાર પાડેલી તેનો અમલ કરવાની ઉદાસીનતા નજર સમક્ષ આવી હતી. ડેમ ઓપરેશન મેન્યુએલ સ્પષ્ટ પણે કહે છે કે, પાણી કેટલું અને ક્યાં સુધી ભરી રાખવું તે માટે લેવલ નક્કી કરવામાં આવ્યા છે. પૂરની ચેતવણી અને કેટલું પાણી આવશે તેની આગાહી માટેના માપદંડો નક્કી કરી આપવામાં આવ્યા છે અને જુદી જુદી પરિસ્થિતિઓમાં ડેમનું ઓપરેશન કઈ રીતે કરવું તેની વિગતવાર સ્પષ્ટ પ્રોસીજર પણ નક્કી કરવામાં આવી છે. ડેમને કઈ રીતે ઓપરેટ કરવો તેની પણ સુચનાઓ આપવામાં આવી છે. છતાં પણ તેના અમલમાં અને તે પ્રમાણે કામ કરવા માટે તંત્ર જાગૃત હોતું નથી તેને કારણે પૂરની હોનારતો સર્જાતી હોય છે. આમ ન કરવાથી મનુષ્યની જાનહાની, પશુહાની, મિલકતને નુક્શાન અને ગ્રામીણ વિસ્તારોમાં ખેતીને નુક્શાન અઢળક થતું હોય છે.

હોનારત થયા પછી કેવી રીતે કામ કરવું તેની ગાઈડ લાઈન્સ પણ નક્કી થયેલી છે જેમાં પૂર દ્વારા જમીનને થયેલું નુક્શાન, જમા થયેલો કચરો વગેરેને કેવી રીતે કાઢવો તે પણ દર્શાવાયું છે. ખરેખર તો આવી બધી હોનારતો નો આધાર તેની આગાહી, ચેતવણી પર નિર્ધારીત હોય છે. બંધ અને જળસંચય તળાવોની સ્થિતિનો અભ્યાસ, પાળા, પૂર દિવાલોનું સમયાંતરે સમારકામ, કેનાલોમાં સુધારા, ગટર વ્યવસ્થામાં સુધારા એ બધાનું કામ એપ્રિલ, મે મહિનામાં પુરુ કરવું જોઈએ. જે આપણે ત્યાં થાય છે ખરું ? સાથોસાથ પ્રજાને પૂર ચેતવણી વ્યવસ્થા માટે હવામાન આબોહવા વિભાગનો કોઈ દિવસ સાથે ભેગા મળીને ઉપાય શોધાયો છે ખરાં ? જ્યારે વિજ્ઞાન અને ટેકનોલોજીએ આટલો બધો પ્રચાર પ્રસાર કર્યો છે ત્યારે સંચાર અને ચેતવણી વ્યવસ્થા સક્ષમ બનાવવી જોઈએ.

પૂર નો પ્રકોપ ઓછો થાય અને પાણી ઉતરી જાય ત્યારે બચાવ અને સ્થળાંતર, પ્રદૂષણ નિયંત્રણ, પિડીતો માટે પાણી, ખોરાક, દવાઓ, પ્રાથમિક ઉપચાર અને બીજા જરૂરી સાધનોની વ્યવસ્થા ગોઠવાવવી જોઈએ. સમગ્ર પ્રજાની સક્રિય સાથ દરેક સ્તરે પૂર વ્યવસ્થાપનને વધારે અસરકારક બનાવે છે. માહિતી વ્યવસ્થાપન, આંકડા એકત્રીકરણ, પૂર ઉતરે પછી એકઠા કરીને ભવિષ્યમાં આવી પરિસ્થિતિનો સામનો કેવી રીતે કરવો તેનું સચોટ માર્ગદર્શન પણ આપી શકે છે. અધિકારીઓ, નિષ્ણાંતો અને શાસકપક્ષના મંત્રીઓએ સાથે મળીને પ્રજાનો સાથ મેળવીને પૂર જોખમ નિયંત્રણ પગલા ઘડી કાઢવા જોઈએ.

ગુજરાતમાં નર્મદા કેનાલો ઉપર જ આવી હોનારતોને અટકાવવાનો આધાર રહેલો છે. એપ્રિલ-મે માસમાં નર્મદા કેનાલની ગુણવત્તાની તપાસ કરી મરામત કરવી જોઈએ અને કેનાલની ચકાસણી પૂર્ણ સ્તરે કરવી જોઈએ. નર્મદાની કેનાલ ઉપર જે જે સ્ટ્રકચરો આવ્યા છે તેની ચકાસણી સમયાંતરે અવશ્ય કરવી જોઈએ. પાણીના પ્રવાહો સાયફન વગેરેને વારંવાર ચેક કરી સમારકામ કરવું જોઈએ. ડેમના દરવાજાઓની સમયસર મરામત અને તેને પાણી ભરાયા પછી કેવી રીતે ઓપરેટ કરવા જોઈએ તેનું સ્પષ્ટ માર્ગદર્શન સ્થળ પરના અધિકારીઓને આપવું જોઈએ. આવી સ્થિતિમાં રાજ્યનું ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને જીલ્લાનું વહીવટી તંત્ર પરસ્પરના સંપર્કમાં રહે તે ખુબ જ જરૂરી છે. તેઓ બંન્ને એ હવામાન ખાતા દ્વારા કરવામાં આવતી આગાહીઓને ગંભીરતાથી લઈને આયોજન કરવું જોઈએ. અધિકારીઓ અને તંત્રની સજાગતા હોનારતો અટકાવી શકે છે.

**લેખક : - ગૌતમ ઠાકર**

## અમદાવાદ ખાતે ગુજરાત મીડિયા એવોર્ડ્સ-૨૦૧૭ નું આયોજન




અમદાવાદ

આપણે ન્યૂઝપેપરમાં કે ચેનલ્સમાં જે સમાચાર જોઈએ છીએ તેની પાછળ એક પત્રકારની અપાર મહેનત અને સાહસ હોય છે. દૂરના રાજ્યો કે દેશની માહિતી આપણને ઘર બેઠા મળી રહે છે. પત્રકાર એ સમાજ જીવનનું એક દર્પણ છે, એક સ્તંભ છે, એક આધાર છે, એક વિશ્વાસ છે. પત્રકારની કલમ સત્યને લોકો સમક્ષ રજૂ કરે છે. મીડિયા સમાજમાં ખોટું થતું અટકાવે છે, અને સારા કામને પણ બિરદાવે છે. આવા જ સત્ય અને નિષ્ઠાથી ભરપૂર, સાહસ અને સંઘર્ષથી લોકોને સમાજની સાચી તસવીર બતાડનારા મીડિયાની પ્રશંસનીય કામગીરીને બિરદાવવાના એક પ્રયાસરૂપે 'મીડિયા વેલ્ફેર ટ્રસ્ટ' દ્વારા ૦૮મી સપ્ટેમ્બરે, સાંજે ૭:૦૦ કલાકથી પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ, એસજીરોડ, અમદાવાદ ખાતે "ગુજરાત મીડિયા એવોર્ડ્સ"નું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત મીડિયા એવોર્ડ્સ એ ગુજરાતના મીડિયાને એક મંચ પર લાવવા માટેનો એક નાનકડો પ્રયાસ છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત મીડિયા એવોર્ડ્સની આ પ્રથમ આવૃત્તિ યોજાનાર છે જેમાં ગુજરાતભરમાંથી પત્રકારો ઉપસ્થિત રહેશે. પૂજ્ય શ્રી મોરારી બાપૂ પોતાના આશીર્વચન આપવા રૂબરૂ ઉપસ્થિત ન રહી શકતા એક પત્ર દ્વારા મીડિયાને પોતાની શુભેચ્છા પાઠવી છે. ઉપરાંત વરિષ્ઠ પત્રકાર શ્રી કાન્તિભાઇ ભટ્ટ એવોર્ડ સમારંભમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. ગુજરાત મીડિયા એવોર્ડ્સના ફાઉન્ડર શ્રી અંકિત હિંગુ અને કો-ફાઉન્ડર શ્રી પંકજભાઈ ખત્રીએ આજે મીડિયા સમક્ષ એવોર્ડ સમારંભની રૂપરેખા રજૂ કરી હતી. લગભગ ૧૦૦થી વધુ રજીસ્ટ્રેશન મળ્યા હતા જેમાંથી જ્યુરી શીરિષ કાશીકર અને સોનલબેન પંડ્યા દ્વારા અલગ અલગ કેટ-ેગરી પ્રમાણે ૨૨ નામની પસંદગી કરવામાં આવી છે જેમને ગુજરાત મીડિયા એવોર્ડ્સમાં મહાનુભાવોના હસ્તે એવોર્ડ એનાયત કરીને સમ્માનિત કરવામાં આવશે. ગુજરાત મીડિયા એવોર્ડ્સ, ૦૮મી સપ્ટેમ્બર, સાંજે ૭:૦૦ કલાકથી, પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ, એસજી રોડ, અમદાવાદ.

## પાલનપુરમા...

પાના નં .૧ ચાલુ

એક ગઠિયો ભાગી ગયો હતો. જ્યારે એક ગઠિયો ઝડપાઈ ગયો હતો. ઝડપાઈ ગયેલા ગઠિયાને પોલીસ બોલાવી પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો. દરમિયાન, ભાનુબેનની ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધી ફરાર ગઠિયાને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. જોકે, પોતાની બંગડીમાંથી સોનુ ગુમાવનાર વૃધ્ધ ભાનુબેન હાલ પોતાનુ ગુમાવેલું સોનુ પોલીસ પાછુ અપાવશે તેવો આશાવાદ સેવી રહ્યા છે.

## કોંગ્રેસ ઉમેદવાર...

પાના નં .૧ ચાલુ

તેના વફાદાર ૪૩ ધારાસભ્યોને રિપીટ કરે અને તેમને ફરીથી ટિકિટ ફાળવે તેવી પૂરી શકયતા છે, જયારે બીજીબાજુ, બાકીના ૧૩૯ ઉમેદવારોની પસંદગી અને ટિકિટ ફાળવણી માટે પક્ષના નેતાઓ લોકોનો જુવાળ, ઉમેદવારોની લોકપ્રિયતા, તેમની જીતની સંભાવનાઓ સહિતના પાસાઓ ધ્યાનમાં લીધા બાદ નિર્ણય લેવાશે. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, તાજેતરમાં રાજયસભાની પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં કોંગ્રેસના વિજય અને કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની તાજેતરની અમદાવાદ મુલાકાતના સફળ કાર્યક્રમ બાદ કોંગ્રેસમાં એક નવા ઉત્સાહ અને ઉર્જાનો સંચાર થયો છે. કોંગ્રેસના સ્થાનિક નેતાઓથી માંડી બુનિયાદી પાયાનો કાર્યકર એક નવા જોશ સાથે આ વખતની ચૂંટણીમાં કાર્યરત બનવા તત્પર થયો છે. આ વખતની વિધાનસભા ચૂંટણીમાં ૧૨૫ પ્લસ બેઠકો હાંસલ કરવા કોંગ્રેસ જબરદસ્ત પ્લાનીંગ અને રણનીતિ ઘડી છે.

## અંબાજીમાં પોલીસની...

પાના નં .૩ ચાલુ

અને બનાસકાંઠા જીલ્લા પોલીસ વડા નીરજ કુમાર બડગૂજરની સુચના મુજબ યાત્રાળુઓની સુરક્ષાની ખાસ તૈયારી કરવામાં આવી હતી. જીલ્લા પોલીસ વડા દ્વારા બંદોબસ્તની સતત સમીક્ષા અને નિરીક્ષણ કરી આ સરક્ષામાં કોઇ ખામી ન રહે તેનુ સતત ધ્યાન રાખવામાં આવ્યું હતું. પોલીસ હેલ્પ લાઈન નંબરો પર તેમજ વોટ્સએપ હેલ્પલાઈન પર આવતી કાયદો અને વ્યવસ્થાને લગતી ફરીયાદો તથા સુચનો પર જીલ્લા પોલીસ વડા દ્વારા સતત વોચ રાખી તાત્કાલીક પોલીસ મદદ માટે જરૂરી કાર્યવાહી કરી મેળામાં આવેલ શ્રધ્ધાળુ કે અન્ય તંત્ર ને કોઇ મુશ્કેલી ના રહે તેનુ સતત ધ્યાન રાખવામાં આવ્યું હતું. આ મહામેળામાં શ્રધ્ધાળુઓના વાહનોની સુરક્ષા માટે ટોકનની સુવિધા આપી મફતમાં સુરક્ષિત પાર્કિંગની સુવિધા ઉભી કરવામાં આવી છે. પોલીસે માનવીય અભિગમ દર્શાવીને કેટલાક દિવ્યાંગ શ્રધ્ધાળુઓઅને સિનિયર સિટીઝન ને દર્શન કરાવ્યાં હતા. પોલીસતંત્ર દ્વારા કરવામાં આવી રહેલ કામગીરીથી પોલીસ અને શ્રધ્ધાળુઓમાં સુમેળ અને ભક્તિભાવ ભર્યો માહોલ સર્જાયાં હતાં તેમજ આજ રોજ પોલીસ પરીવાર દ્વારા માં અંબાને બાવન ગજની ધ્વજારોહણ કરવામાં આવેલ છે. આ મહામેળોમાં દર્શનાર્થીઓ દર્શન કરી પોતાના રથ તથા માંડવીઓ સાથે પરત જઇ રહ્યા છે. હાલમાં પોલીસ બંદોબસ્ત ચાલુ છે હજુ સુધી કોઇ અનિચ્છનીય બનાવ બનવા પામેલ નથી.

## વાવ ખાતે...

પાના નં .૩ ચાલુ

યજ્ઞમાં બહોળી સંખ્યામાં ગણેશભકતો જોડાયા હતા. જોકે ૧૦૦ વર્ષ બાદ પ્રથમ વખત વિનાયક મંદીર ખાતે શાનદાર ગણેશ મહોત્સવની ઉજવણી અને યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

જે પ્રસંગે ગણેશભકતોમાં ઈશ્વરભાઈ ચારડીયા, નરેશભાઈ વેંઝીયા (હીંગળાજ એન્ટરપ્રાઈઝવાળા) વર્ધસિંહ ડી.વેંઝીયા, જયંતિભાઈ માળી, પ્રકાશભાઈ વેંઝીયા, વાલાભાઈ નાઈ, શૈલેષ નાઈ, રમેશ નાઈ, રમેશભાઈ દવે ગોલગામ, સિદ્ધરાજસિંહ વેંઝીયા, શૈલેષ ત્રિવેદી, મઘાજી ચારડીયા, થાંનાજી ચારડીયા, સુરેશ ના તેમજ વિશાળ સંખ્યામાં ગણેશભકતો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સફળ આયોજન અને સફળ સંચાલન ગણેશભકત વિનાયક સમિતિના ભકતજનો દ્વારા કરવામાં આવ્યું હતું.

## ડીસા શહેરમાં...

પાના નં .૩ ચાલુ

શ્રી ગણપતિ મહોત્સવને સફળ બનાવવા માટે નરસિંહભાઈ દેસાઈ ( ક્રિષ્ણા કાઠીયાવાડી પરિવાર) અને ગોપાલ સેના ડીસા પ્રમુખ જીવાભાઈ ભાંગરા (રાણપુર) સહિત વિવિધ તાલુકાના પ્રમુખો, આગેવાનો અને યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, વેપારી મથક ડીસા શહેરમાં છેલ્લા સાત વર્ષથી ગણપતિ મહોત્સવ દરમ્યાન શ્રી ગોપાલ સેના રબારી સમાજ દ્વારા ડીસામાં વિશાળ શોભાયાત્રા નિકાળવામાં આવે છે. જેમાં ચાલુ વર્ષે પણ રબારી સમાજના યુવાનો દ્વારો શિસ્તબધ્ધ રીતે નિકાળવામાં આવેલી શોભાયાત્રાએ શહેરમાં આકર્ષણ જમાવ્યું હતું.

## વાસંદા જૈન...

પાના નં .૩ ચાલુ

અઠ્ઠમથી પર્યુષણના દિવસોમાં સંઘ તપોમય બની ગયો હતો. ૨૭-૮-૧૭ ના ઐતિહાસિક શાહી વરઘોડો નીકળેલ, ૧ કી.મી.લાંબો વરઘોડો જોઈ આખું ગામ વાહ વાહ પોકારી ઉઠયું. આ બધા કરતાં સૌથી મહત્વની વાત તો એ કે લોકોના જીવનમાં છે તીક્ષ્ણ અને ચીરસ્થાયી વળાંકે ઘર ઘરની તસવીર બદલી નાંખી છે.

## વાવના ઈન્ચાર્જ ...

પાના નં .૮ ચાલુ

કરે તે જ લોકહીતમાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે કચેરીના કર્મચારીઓ તેમજ મહિલા કર્મચારીઓ સાથે તોછડાઈ ભર્યું વર્તન કરનાર વાવના ઈન્ચાર્જ ટીડીઓ કચેરીમાં આવતા લાભાર્થીઓ સાથે કેવું વર્તન કરતા હશે ? આવી દબંગગીરી કરતાં ઈન્ચાર્જ ટી.ડી. ઓ.ના વહીવટથી રાજય સરકારની છબી ખરડાઈ રહી છે. જોકે રાજયમંત્રી આવી દબ-ગગીરી કરતાં અધિકારીની સુઈગામ ઈન્ચાર્જ ટી.ડી.ઓ.ના સમય દરમિયાનની શૌચાલયની ફાઈલોની ચકાસણી કરશે તો ચોંકાવનારી વિગતો બહાર આવશે.

## અત્યાર સુધી ...

પાના નં .૮ ચાલુ

(એ.કે.પટેલ) આ વખતે તકનો લાભ ઉઠાવી ભાજપમાં જોડાઈ ગયા. જેના ઈનામ સ્વરૂપે ભાજપે અમૃતલાલ પટેલ (એ.કે.પટેલ) ને ટિકિટ આપી. જેમને ૭૬,૦૩૩ મત મેળવ્યા, રાષ્ટ્રીય જનતા દળનું કોંગ્રેસમાં વિલિનીકરણ થતાં રાયમલજી સોલંકી અપક્ષ તરીકે ચૂંટણી લડ્યાં, અને તેમને ૨૧, ૩૦૬ મત મળ્યા, જ્યારે કોંગ્રેસ પ્રથમવાર એક મહિલા ઉમેદવાર એવા નિરંજનાબેન નવનીતભાઈ પટેલને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા, જેઓને ૧૯, ૫૨૮ મત મળ્યા. આમ, આ ચૂંટણીમાં ભાજપના અમૃતલાલ કાળીદાસ પટેલ (એ.કે.પટેલ) નો વિજય થયો. આ ચૂંટણીમાં કુલ ૧,૭૨,૧૭૦ મતદારોમાંથી ૭૦,૬૧૨ એટલે કે ૭૯.૧૭% મતદારોએ વોટીંગ કર્યું હતું.

૧૯૯૫ મા કોંગ્રેસે મહિલા ઉમેદવારને ટિકિટ આપી હતી, તો ૧૯૯૮ માં ભાજપે પણ કોંગ્રેસના રસ્તે ડગ માંડી મહિલા ઉમેદવારને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા, પરંતુ, આ ચાલમાં ભાજપ સફળ નિવડી અને ભાજપના રેખાબેન હિતેન્દ્રભાઈ ત્રિવેદી ૭૪, ૪૮૫ મત મેળવી રાયમલજી સોલંકીને હરાવવામાં સફળ નિવડ્યા. આમ, પાલનપુર સીટ પરથી પ્રથમવાર કોઈ મહિલા ધારાસભ્ય બની. ભાજપ ૧૯૯૫ ની જીતનું પુનરાવર્તન કરવામાં સફળ બન્યું. આ ચૂંટણીમાં કુલ ૧,૬૮,૬૭૨ મતદારોમાંથી ૧,૦૧૫૭ મતદારોએ પોતાની વોટની તાકાતનો ઉપયોગ કર્યો હતો.

૨૦૦૨ ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનું નેતૃત્વ નરેન્દ્રભાઈ મોદીના હાથમાં આવી ચૂકયું હતું. ગોધરાકાંડ બાદ પ્રથમ વખત થઈ રહેલી ચૂંટણીમાં ભાજપે હિંદુત્વના મુદ્દા પર આખા રાજ્યમાં ચૂંટણી લડી જેમાં ભાજપે પાલનપુર સીટ માટે કાંતિલાલ ધર્મદાસ કચોરીયાને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા, જ્યારે કોંગ્રેસે વીરજીભાઈ ઝુડાલને ચૂંટણી જંગમાં ઉભા રાખ્યા આ ચૂંટણીમાં ભાજપના કાંતિલાલ કચોરીયાને ૫૯,૨૨૩ મત મળ્યા. જ્યારે કોંગ્રેસના વીરજીભાઈ જુડાલને ૪૩,૭૭૧ મત મળ્યા. આમ, ભાજપના કાંતિભાઈ કચોરીયાએ કેસરીયો લહેરાવતાં ભાજપે ૧૯૯૦ થી સતત નોટ આઉટ રહેવાનો સીલસીલો અકબંધ રાખ્યો. આ ચૂંટણીમાં કુલ ૧,૯૭,૩૩૫ મતદારોમાંથી ૧,૨૫,૦૭૧ એટલે ૬૩.૩૮% મતદાતાઓએ ભાજપના કાંતિભાઈને ધારાસભ્ય બનાવી વિધાનસભા મોકલ્યા. ૨૦૦૭ માં ની ચૂંટણી આવતા સુધીમાં તો સમગ્ર ગુ-જરાતમાં મોદી મોડલની ચર્ચા શરૂ થઈ ગઈ. જેની અસરના ભાગરૂપે ૨૦૦૭ માં એકવાર ફરી ભાજપ પાલનપુરની સીટ કબ્જે કરવામાં સફળ રહ્યું. આ વખતે ભાજપે સરકારી અધિકારીમાંથી નેતા બનેલા પ્રજાપતિ ગોવિંદભાઈને ઉમેદવાર બનાવતાં તેમને ૬૬,૮૩૫ મતો મળ્યા, જ્યારે કોંગ્રેસના જોષી રાજેન્દ્રભાઈ ધુડાલાલને ૫૦,૭૩૮ મત મળ્યાં. આમ, ૨૦૦૭ માં ભાજપના પ્રજાપતિ ગોવિંદભાઈ વિજયી બન્યાં. આમ, ભાજપ ૧૯૯૦ થી ૨૦૦૭ સુધી સળંગ પાંચમીવાર પાલનપુર સીટ કબ્જે કરવામાં સફળ રહ્યું. આ ચૂંટણી જંગમાં કુલ ૨,૧૫,૦૫૭ મતદારોમાંથી ૧,૨૮,૭૦૬ એટલે કે, ૫૯.૮૫% મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

૨૦૧૨ની ચૂંટણીમાં પાલનપુર સીટ પર ભાજપના ધારાસભ્યની નબળી કામગીરીના લીધે ભાજપને ૨૨ વર્ષ બાદ પાલનપુર સીટ ગુમાવવાનો વારો આવ્યો કોંગ્રેસે આ વખતે વારંવાર પક્ષપલટો કરનાર અમૃતલાલ પટેલના પુત્ર મહેશભાઈ પટેલ પર વિશ્વાસ રાખ્યો. આ વિશ્વાસ જીતમાં ફેરવાયો. ભાજપે ૨૦૦૧૨ ના ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિને ટિકિટ આપી જેઓને ૬૯,૮૧૩ મત મળ્યા, જ્યારે કોંગ્રેસના મહેશભાઈ અમૃતલાલ પટેલને ૭૫,૦૯૭ મત મળતાં તેમનો ૫૨૮૪ મતોથી વિજય થયો.

આમ, ૧૯૬૨ થી ૨૦૧૨ સુધીની પાલનપુર સીટમાં જનસંઘ અને ભાજપનું પ્રભુત્વ રહ્યું છે, જોકે વારંવાર પક્ષ પલ્ટો કરનાર ઉમેદવારોને પાલનપુરની જનતાએ નકારી કાઢ્યાં છે. પરંતુ જાતિગત સમીકરણો પાલનપુરની સીટમાં અત્યાર સુધી હાવી રહ્યાં છે. આ બધા વચ્ચે પાલનપુરની પ્રજાએ ભાજપ, કંગ્રેસ બંનેને સત્તા સુખ ભોગવવાની સરખી તક આપી હોવા છતાં પાલનપુરમાં મૃતપ્રાય જી.આઈ.ડી.સી., મૃતપ્રાય હિરા ઉદ્યોગ, રસ્તા, પાણી જેવા પાયાના પ્રશ્નો પણ હજુ સુધી મૂળ સમસ્યા જ બની રહ્યા છે. જેનો જવાબ પાલનપુરની જનતા ૨૦૧૭માં આપે તો નવાઈ નહી.

## દિયોદરના લુદરા ...

પાના નં .૮ ચાલુ

ઉપસ્થિત લોકોને નર્મદાની થીમ સિડીનું પ્રદર્શન મંત્રીઓ એ લોકો સાથે બેસીને નિહાળ્યો હતો ત્યાર બાદમાં નર્મદા રથની આરતી ઉતારી હતી અને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરવામાં આવ્યું હતું જયારે આ યાત્રા માં ભાજપ યુવા મોરચા દ્વારા બાઈક રેલી દ્વારા ભવ્યસ્વાગત કરવામાં આવેલ. આ પ્રશંગે દિયોદરના ધારાસભ્ય અને રાજય સરકારના મંત્રી કેસાજી ચૌહાણ થરાદના ધારાસભ્ય પરબતભાઇ પટેલ બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ દિનેશભાઇ દવે બનાસકાંઠા કલેકટર દિલીપ રાણા પૂર્વ ધારાસભ્ય માનસિંહજી વાઘેલા દિયોદર તાલુકા ભાજપ પ્રમુખ પરાગભાઇ જોશી ભાજપના મહામંત્રીઓ થરા માર્કેટના ચેરમેન અણદાભાઇ પટેલ ભાભરના લાલજીભાઇ પટેલ, ઈશ્વરભાઇ તરક, તા.પં.પ્રમુખ ઉતમસિહ વાઘેલા, ડામરાભાઇ પટેલ ભવાનજી ઠાકોર રમેશભાઇ પટેલ, નાગજીભાઇ દેસાઈ ભરતભાઇ જોષી ખેગારભાઇ રાજપૂત, ઉકાભાઇ રાજપૂત સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## કાંકરેજ તાલુકા...

પાના નં .૮ ચાલુ

તેમ છતાં દોઢ વર્ષ થવા છતાં તેમને માહિતી આપવામાં આવી ન હતી.સરકારી રવિયાના વેડફાટ અને સરકારી કાયદાના ભંગથી વ્યથિત થઈને તેમણે ગત તા.૫-૯-૨૦૧૭ ના રોજ આ મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરી ન્યાયની ગુહાર લગાવી છે.

## શિહોરી પંથકમાં...

પાના નં .૮ ચાલુ

વિજ ચોરી પકડાઈ તે મુદ્દે અધિકારીઓ દ્વારા કોઈ માહિતી અપાઈ ન હતી.પરંતુ ૨૪ કલાક બાદ વિજ ચોરી કરતા પકડાયેલ કસુરવારો સામે દંડકીય કાર્યવાહી કરાશે તેમ વિજ કંપનીના સુત્રોએ જણાવ્યું હતુ.

## નર્મદા મહોત્સવ...

પાના નં .૮ ચાલુ

બનાસકાંઠા જિલ્લામાં પુરની હોનારતના કરાણે ખેડૂતો પાયમાલ બન્યા છે. ત્યારે ભાજપ સરકારે નર્મદાનું કામ પુરૂં કર્યું નથી તેમ છતાં પુરૂં કર્યાનો ઢંઢરો પીટવા યાત્રા કાઢી છે. કેનાલોના ઘણા કામ વર્ષોથી બાકી છે અને થયેલ કેનાલોની ગુણવત્તા પણ તકલાદી થયા છે જેથી કેનાલો વારંવાર તૂટી રહી છે. તેથી નર્મદા કેનાલનો ખેડૂતોને કોઈ લાભ મળતો નથી ઉપરથી પુરના કારણે ખેડૂતો ઉપર આભ તૂટી પડ્યું છે. આ વિષમ સ્થિતિમાં તેમને બેઠા કરવા નક્કર સહાયને બદલે સરકાર દ્વારા માત્ર વચનો અપાય છે અને તેનો દેખાડો કરવા યાત્રાઓના તાયફા કરાય છે તે હરગીજ ચલાવી નહીં લેવાય અને લોકશાહી ઢબે આંદોલન કરી આવા તાયફાઓનો પ્રચંડ વિરોધ કરીશું.

આ અંગે શ્રવણભાઈદવેએ જણાવ્યું હતું કે આજે ભાજપ દ્વારા નર્મદા યાત્રાના નામે સરકારી ખર્ચે ભાજપના ચુંટણી પ્રચારનો ધંધો ચાલુ કરેલ છે તેના વિરૂધ્ધમાં લાખણી મામલતદાર કચેરીએ જઈ કોંગ્રેસ દ્વારા આવેદનપત્ર આપવામાં આવેલ છે. તેમ છતાં આવા તાયફા બંધ નહીં કરાય તો ઉગ્ર આંદોલન કરીશું.

આ પ્રસંગે લાખણી તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ધુડાભાઈ પટેલ, શ્રવણભાઈ દવે, દેવાભાઈ પટેલ, પારજી ઠાકોર , મેરાજભાઈ દેસાઈ, બાદરસિંહ વાઘેલા, સુરેશભાઈ ગણશોર, કુલદીપવન ગૌસ્વામી, બકાભાઈ રાજપૂત, રૂડસિંહ રાજપૂપ સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# લોકનિકેતન વિનય મંદિર, લવાણામાં સ્વયં શિક્ષક દિનની ઉજવણી




પ્રતિ. લવાણા

લોકનિકેતન ટ્રસ્ટ સંચાલિત લોકનિકેતન વિનયમંદિર લવાણામાં તા.૫-૯-૨૦૧૭ ને મંગળવારના રોજ ભારતના મહાન દાર્શનિક ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિનની 'સ્વયં શિક્ષક દિન' તરીકે ઉજવણી કરવામાં આવી હતી.આ દિન નિમિત્તે શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનોમાંથી ૪૩ વિદ્યાર્થીઓ શિક્ષક તરીકે એક દિવસ પોતાનું યોગદાન શિક્ષકની ભૂમિકા માટે વર્ગખંડમાં આપી પ્રત્યક્ષ અનુભવો મેળવ્યા હતા.કાર્યક્રમના સમાપન સમયે વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા.

# ધાનેરાની રોયલ સ્કૂલમાં શિક્ષક દિનની ઉજવણી

એન.કે.મોદી



પ્રતિનિધિ ધાનેરા

ધાનેરાની રોયલ સ્કૂલમાં શિક્ષકદિનની ઉજવણી નિમિત્તે વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક બની વિદ્યાર્થીઓને પાઠ ભણાવ્યા હતા.તા.૫ સમા.૩૫

# શ્રી જે.ડી અજબાણી સર્વોદય પ્રા.શાળામાં શિક્ષકદિનની ઉજવણી



ડીસા

શ્રી સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ ડીસા સંચાલિત શ્રી.જે.ડી.અજબાણી સર્વોદય પ્રા.શાળા ડીસા ખાતે તા.૫-૯-૨૦૧૭ ને મંગળવારના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં ધોરણ-૫ થી ૮ ના વિદ્યાર્થીઓએ શિક્ષક બની બાળકોને સરસ જ્ઞાન પીરસ્યું હતું.જેમાં આચાર્યની ભૂમિકા દેસાઈ ધવલ દેવાભાઈએ નિભાવી હતી.શાળામાંથી કુલ ૩૪ બાળકોએ ભાગ લીધો હતો.તેમાં ૪ બાળકોએ સેવકની ભૂમિકા ભજવી હતી.શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી હતી.જેમાં શ્રેષ્ઠ આદર્શ શિક્ષક તરીકે પ્રજાપતિ રજની નાગજીભાઈ રહ્યા હતા.શાળામાં નવિન શિક્ષકો માટે અલ્પાહારની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.ત્યારબાદ શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ આજના અનુભવો વિશે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા સાથે નવિન શિક્ષકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.શાળાના આચાર્ય કિશોરભાઈ બી.ત્રિવેદીએ શિક્ષકદિનનું મહત્વ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું.

# સ્થાનિક બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ચોકસી બજાર** (કીલોના) | દુન તીબાર ૧૦ કી.૭૨૦૦ | ઓરેન્જ ૬૦૦૦ | વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦ |
| **ચાંદી ચોરસા ૪૦૩૦૦-૪૦૬૦૦** | દુન તીબાર ૫ કી. ૮૨૦૦ | દાવત અપ્સરા ૫૦૦૦ | વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦ |
| રૂપુ કાચું ૪૦૩૦૦-૪૦૬૦૦ | દુન તીબાર ૧ કી. ૮૨૦૦ | જીરાસર ચંદન ૩૮૦૦ | વડેચા ૫ કી. ૪૮૦૦ |
| સોનુ તોલો ૩૦૦૦૦-૩૦૧૦૦ | નર્મદા મગ પોલીસ | ચણાદાળ ૪૪૪ ૭૮૦૦ | વડેચા ૧ કી. ૫૦૦૦ |
| **તેલ બજાર** | ૫૮૦૦ | મગદાળ સમરદીપ ૭૨૦૦ | વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦ |
| **રાધે પામોલીન ૮૯૦-૯૪૦** | મગદાળ નર્મદા સુપર ૫૮૦૦ | મગમોગર રીયલ ૮૦૦૦ | સાંગલી ૧૦ કે. ૪૩૦૦ |
| પામોલીન ૮૮૫-૯૪૦ | નર્મદા મગ મોગર ૬૦૦૦ | અડદદાળ અક્ષર ૮૩૦૦૦ | **ખોળ બજાર** |
| સોયા રીફાઈન ૧૨૫૦ | મગમોગરનર્મદાપ્રીમી ૬૧૦૦ | મગ ૫૭૦૦ | દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦ |
| રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦ | નર્મદા અડદદાળ ૬૯૦૦ | અંગુર તુવેરદાળ ૬૦૦૦ | મોરબી ખોળ ૧૨૫૦-૧૨૮૦ |
| સીંગતેલ૧૫ કી. ૧૫૦૦ | દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦ | અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦ | જીરાળુ ૧૯૦૦-૨૦૦૦ |
| સીંગતેલ ૧૫ લી.૧૫૦૦ | દુન દહેરાદૂન મીની દુબારજુના | ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦- |
| સીગતેલ ૫ લી. ૪૫૦ | ૫૦૦૦ | કિસાન તુવેરદાળ ૬૨૦૦ | ૧૫૪૦ |
| તિરૂપતી કપા. ૧૨૪૦ | દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૯૦ |
| ૫ લીટર ૪૧૦ | દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦ | પરખ સ્પેશીયલ ૫૨૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા.૬૦૦ |
| વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦ | દુન કણકી જુની ૩૦૦૦ | લાલપરી તીબાર જુના ૪૨૦૦ | **પરચુરણ** |
| કોપરેલ ૧૫ કિલો ૨૨૦૦ | ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦ | લાલપરી દુબાર જુના ૩૮૦૦ | સોજી ૮૬૦ |
| ૫ કે. કોપરેલ ૮૬૦ | ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦ | લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦ | મેંદો ૮૬૦ |
| પલી. અંકુર સીંગતેલ ૪૫૦ | ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦ | લાલપરી દુબાર નવા ૩૯૦૦ | શ્રીફળ એમ. ૮૮૦ |
| **૧૫ લીટર સનફલાય ૧૧૮૦** | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦ | નિરમા સાબુ ૫૨૫ |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦ | હાથી ૮૧૭ આખા નવા ૭૭૦૦ | લાલમંદિર બાસમતી ૩૬૦૦ | મેદી ૬૦-૧૦૦ |
| ૫ લી. ૩૭૦ | હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | **ખાંડ બજાર** | અજમો ૧૫૦-૨૪૦ |
| ૨ લી. ૧૫૭ | ૫૮૦૦ | (બોરીના ભાવ) | સાકરીયા ૪૫૦૦ |
| **ચોખા-દાળ બજાર** | તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦ | **ખાંડ એસ. ૩૮૫૦-૪૦૨૦** | ખાંડ બુરૂ ૪૨૦૦ |
| (૧૦૦ કીલોના ભાવ) | તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦ | **ખાંડ એમ.૪૦૦૦** | કોકમ ફુલ ૧૮૦ |
| ગેટવે પ્રીમીયમ ૬૫૦૦ | તુવરદાળ ખીડીયાર ૬૧૦૦ | ખાંડએલ. ૪૦૫૦-૪૦૦૦ | એલચી ૧૧૦૦-૧૪૦૦ |
| ગેટ વ. રોયલ ૫૫૦૦ | દાવત સીલેકટનવા ૮૮૦૦ | **ચા-બજાર** | મોરૈયો ૬૫-૯૪ |
| ગેટવે રેગ્યુલર ૫૦૦૦ | દાવત સુપર જુના ૧૧૦૦૦ | સુરજ છાપ ચા ૩૦૦ | તલ ૯૦-૧૦૦ |
| ગેટવે રીઝાના ૪૫૦૦ | દાવત દીલખુશ નવા ૭૫૦૦ | હરણ છાપ ચા ૨૨૦ | ખસ-ખસ ૩૫૦-૫૮૦ |
| ગેટવે એવરેડી ૪૦૦૦ | દાવત દીલખુશ જુના ૬૫૦૦ | **આખા મરચાં-હળદર** | સીંગદાણા ૬૫-૮૦ |
| ગેટવે ડેઈલી ૩૫૦૦ | દાવત દુબાર જુના ૭૦૦૦ | હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦ | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦ | દાવત રોઝાના જુના ૫૫૦૦ | હળદર આખી રાજાપુરી | દુધી ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦ | દાવત ૭૦ જુના ૪૩૦૦ | ગટ્ટા ૧૦૦-૧૪૦ | સુકી ડુંગળી ૪૦૦-૫૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦ | દાવત ૬૦ મીની જુના ૩૫૦૦ | હળદર આખી સેલમ ૯૦ | લસણ ૭૦૦-૮૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦ | લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦ | હળદર તળેલી સાંગલી ૮૦ | ધાણા ૧૦૦૦-૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦ | મરચા વન્ડર હાટ ૨૦૫૦ | મરચાં ૪૦૦-૫૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૨૩૦૦ | લાલ કીલ્લો તીબાર ૭૦૦૦ | મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦ | લીંબુ ૪૦૦-૫૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦ | લાલ કિલ્લો દુબાર ૫૫૦૦ | મરચા તેજા ૧૮૦૦ | અડવી પત્તા ૨૦૦-૩૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૫૦૦ | લાલ કિલ્લો મોગરો ૪૫૦૦ | મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦- | આદુ ૮૦૦-૯૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦ | ૨૦૦૦ | રીંગણ ૬૦૦-૮૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦ | હેરીટેજ તીબાર ૭૨૦૦ | મરચા ટોમેટો ૨૨૦૦ | ટામેટા ૬૦૦-૮૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦ | હેરીટેજ દુબાર ૫૫૦૦ | મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦ | ભીંડા ૪૦૦-૫૪૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦ | હેરીટેજ મીની દુબા ૪૫૦૦ | કાશ્મીરી ૯૦ | કોબી ૩૪૦-૪૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦ | કાયનાત પી ૮૫૦૦ | કાશ્મીરી મમરી ૯૦ | વટાણા ૯૦૦-૧૧૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦ | કાયનાત સુપર ૮૦૦૦ | સુપર પટની ૧૦૫ | ટીંડસા ૬૦૦-૭૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦ | કાયનાત ૬૮૦૦ | સુપર રજવાડી ૧૯૦ | ગવાર ૬૦૦-૮૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦ | રાજા બાસમતી ૪૦૦૦ | મરચા ડેડીકટ ૧૨૫ | બાદશાહ બટાકા ૨૦૦-૨૨૦ |
| દુન પ્રીમીયમ ૯૦૦૦ | કુરૂક્ષેત્ર ૫૮૦૦ | મરચાં ૫૮૦૦ | સાંગા બટાકા ૧૨૦-૧૪૦ |
| દુન તીબાર ૨૫ કી.૭૭૦૦ | એપ્પલ પ્રીમીય ૪૮૦૦ | **ગોળ બજાર** | ચોળી ૮૦૦-૯૦૦ |
| | | | તુરીયા ૫૦૦-૮૦૦ |

# શ્રીલંકાને ૨૦૧૯ વિશ્વકપમાં સીધી કવાલીફિકેશનને આંચકો લાગ્યો

ભારતના હાથે પરાજય ચોથી વનડે મેચમાં મળેલ ૧૬૮ રનોની હાર શ્રીલંકા માટે એક વધુ ખરાબ સમાચારને લઈને આવી છે. તેની ઈગ્લેન્ડમાં ૨૦૧૯માઉં યોજાનાર આઈસીસી વિશ્વકપમાં સીધી કવાલીફિકેશનની આશાઓને આ હારથી ભારે આંચકો લાગ્યો છે.શ્રીલંકાને વિશ્વકપમાં સીધા કવાલીપાઈ કરવા માટે ભારતની વિરૂધ્ધ રમાઈ રહેલ પાંચ વનડે શ્રેણીની સીરીજમાં ઓછામાં ઓછી બે મેચ જીતવાની હતી પરંતુ તે આમ કરી શકયુ નથી અને ૦-૪થી પાછળ છે. વિશ્વકપમાં આ વર્ષ ૩૦ સપ્ટેમ્બર સુધી મેજબાન ઈગ્લેન્ડ ઉપરાંત આઈસીસી રેકિંગમાં ટોચની સાત ટીમોને સીધા કવાલીફાઈ કરવાની તક મળશે જયારે બાકીની ટીમોને કવાલીફિકેશન ટુર્નામેન્ટ રમવી પડશે જો કે શ્રીલંકાના સાધી કવાલીફાઈ કરવાની આશા પુરી રીતે ખત્મ થઈ નથી

આઈસીસીના નિવેદન અનુસાર ભારતથી ૦-૪થી પાછળ રહ્યા બાદ શ્રીલંકાને હવે વેસ્ટ ઈન્ડિઝની આગામી સીરીજમાં તેની ઓછામાં ઓછી એક હાર પર નિર્ભર રહેવું પડશે. જો આમ થશે તો શ્રીલંકાને વિશ્વકપમાં સીધી એન્ટ્રી મળી શકે છે જો શ્રીલંકા ૨ ઓગષ્ટે ભારતની વિરૂધ્ધ યોજાનાર અંતિમ મેચમાં જીત હાંસલ કરે તો તેના ૮૮ અંક થઈ જશે જો કે આ કવાલીફિકેશન માટે પુરતા નથી

વેસ્ટ ઈન્ડિઝની પાસે શ્રીલંકાથી આગળ નિકળી જવાની તક છે જો તે પોતાની આવનારી છ મેચોમાં જીત હાંસલ કરી લે તો તે પણ ૮૮ અંકો પર પહોંચી જશે આવામાં તે દશમલવ અંકોના આધાર પર શ્રીલંકા પર સરસાઈ હાંસલ કરવામાં સફળ થઈ જશે વેસ્ટ ઈન્ડિઝને ૧૩ સપ્ટેમ્બરે આયરલૈન્ડની વિરૂધ્ધ મેચ રમવાની છે અને ત્યારબાદ ઈગ્લેન્ડની વિરૂધ્ધ ૧૯થી ૨૦ સપ્ટેમ્બરની વચ્ચે પાંચ મેચોની શ્રેણી રમવાની છે જો શ્રીલંકા ભારતની વિરૂધ્ધ ૫-૦થી હારી જાય તો વેસ્ટ ઈન્ડિઝને વિશ્વકપમાં સીધા પ્રવેશ માટે આયરલૈડને પરાજય આપવો પડશે અને ઈગ્લેન્ડની વિરૂધ્ધ ૪-૧થી સીરીજ પર કબજો જમાવવો પડશે.

# ભારતના ઈતિહાસમાં પ્રથમ વાર અમદાવાદના ખેલાડીને શ્રેણી વિજેતા જાહેર કરાયો

ભારતના ક્રિકેટના ઈતિહાસમાં પ્રથમવાર અમદાવાદના ખેલાડી જસપ્રીત બુમરાહને શ્રેણી વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યો ભારત શ્રીલંકા વચ્ચે પાંચ મેચની એક દિવસીય શ્રેણીમાં અમદાવાદના જસપ્રીત બુમરાહને શ્રેણી વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યો

આ રીતે અત્યાર ભારતના ક્રિકેટના ઈતિહાસમાં પ્રથમવાર કોઈ પણ અમદાવાદના ખેલાડીને શ્રેણી વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યો તેઓ આ પ્રથમ દાખલો છે. અમદાવાદના જસપ્રીત બુમરાહને પાંચ મેચની એક દિવસીય શ્રૈણીમાં શ્રેણી વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યો છે. આ રીતે અમદાવાદના ખેલાડીને શ્રેણી વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યો હોય તેઓ આ પ્રથમ દાખલો છે જસપ્રીત બુમરાહને ભારત શ્રીલંકા વચ્ચેની એક દિવસીય શ્રેણીમાં શ્રેણી વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.પરંતુ આજે રમાયેલી પાંચમી એક દિવસીય મેચના મેન ઓફ ધ મેચ તરીકે ભુવનેશ્વરને જાહેરાત કરવામાં આવ્યા હતાં.

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :...................... પતિ/પિતા :......................
માતા : ......................જ.તા. ...............ઉ.વ.
પરિચય: ..........................................................
સરનામુ : ........................................................
મોકલનારની સહી : ............................................

Website : www.rakhewaldaliy.com
E-mail : rakhewal@gmail.com
મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ


## પાયોનિયરસ્કૂલમાં સ્વયંશિક્ષક બની વિદ્યાર્થીઓએ શિક્ષકદિનની ઉજવણી



પાટણ

પાટણ સ્થતિ કે.સી.પટેલ વિદ્યાસંકુલ સંલગ્ન પાયોનિયર પ્રાઈમરી સ્કૂલ ના વિદ્યાર્થીઓએ જાતે શિક્ષક બની એક દિવસ સંપૂર્ણ શિક્ષણકાર્યતથા સ્કૂલનું સમગ્ર વ્યવસ્થા કાર્ય સંભાળી શિક્ષકદિનની ઉજવણી કરી. ગતરોજ ૫મી સપ્ટેમ્બર ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને દ્રિતિય રાષ્ટ્રપતિ એવા આજીવન પોતાને શિક્ષક ગણનારા ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન નિમિત્તે પાયોનિયર સ્કૂલના વિદ્યાર્થીઓએ શાળામાં આવી દરેક શિક્ષકને પુષ્પ અર્પણ કરી શિક્ષકદિનની શુભકામનાઓ પાઠવી તેમના આશિષ મેળવ્યા હતા. ઉપરાંત દિવસ દરમ્યાન શિક્ષણકાર્યની સંપૂર્ણ વ્યવસ્થા વિદ્યાર્થીઓએ સાચવી હતી. જેમાતેમના દ્વારા પ્રાર્થનાસભા માં ડો.સર્વવલ્લી રાધાકૃષ્ણન ના જીવનની ઝાંખી મેળવી હતી દરેક ભાગ લેનાર વિદ્યાર્થીએ તાસ પણ જાતેજ લઈ વિદ્યાર્થીઓને કલાસરૂમમાં ભણાવ્યા ઉપરાંત અન્ય સહાયક એકટીવીટી જાતેજ કરાવી હતી.બધાજ વિદ્યાર્થીઓ એ પૂર્વ આયોજન કરી શિક્ષકદિન પ્રમાણે નો ડ્રેસકોડ પહેરી વિદ્યાર્થીઓને ભણાવ્યું હતુ આમ નાના નાના ધોરણ-૧ થી ૭ ના ભૂલકાઓએ અદ્રભુત તૈયારી અને રોમાંચ સાથે શિક્ષણદિન ઉજવ્યો હતો. ઉપરાંત છેલ્લે બધાજ વિદ્યાર્થીઓ સાથે સંસ્થા ટ્રસ્ટી શ્રી વિવેકભાઈ પટેલ પ્રિન્સીપાલ શ્રીમતી દિપ્તીબેન દવે, વા.પ્રિ. શ્રીમતિ અરૂણાબેન પટેલ અલ્પાહાર કરી બધાજ સ્ટાફના શિક્ષક મિત્રોને શુભકામનાઓ પાઠવી હતી.

## બહુચરાજીમાં ભાદરવી પૂનમના મેળામાં શ્રધ્ધાળુઓના ઘોડાપુર ઉમટ્યા

ચાણસ્મા

ઉત્તર ગુજરાતમાં અંબાજી પછી ભાદરવી પુનમનો સૌથી મોટો મેળો બહુચરાજીમાં ભરાયો હતો. ગતરોજ વહેલી સવારથી જ હજારો માઈ ભક્તો પગપાળા સંઘો લઈને તેમજ વાહનોમાં ઉમટી પડી બહુચર માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. દિવસભર માઈમંદિરમાં ‘‘બોલ માડી બહુચર જય જય બહુચર’’નો જયઘોષ ગૂંજતો રહ્યો હતો. બહુચર મૈયાના આદ્યસ્થાનક શંખલપુર ગામે પણ હજારોની સંખ્યામાં શ્રધ્ધાળુઓએ ઉમટી પડી માતાજીના દર્શનનો લ્હાવો લીધો હતો. ગતરોજ ભાદરવી પૂનમ નિમિત્તે હજારો માઈભકતો અંબાજીમાં મા અંબાના દર્શન કરી પરત ઘેર જતી વખતે ચુંવાળ પંથકમાં બિરાજમાન મા બહુચરના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા જેને લઈ યાત્રાધામ બહુચરાજીમા હકડેઠઠ ભીડ જામી હતી. વહેલી સવારથી દર્શન માટે મંદિરમાં લાંબી લાઈનો લાગી હતી. રાત્રીના સમયે મહેસાણા, પાટણ, વિરમગામ, કડી સુરેન્દ્રનગર પંથકના હજારો માઈભક્તો પગપાળા રથ તેમજ હાથમાં ધજાઓ લઈ ઉમટી પડ્યા હતા જેને લઈ બહુચરાજીને જોડતા માર્ગો પર સેવાભાવીઓ દ્વારા સેવા કેમ્પ ઉભા કરવામાં આવ્યા હતા. દિવસ દરમિયાન હજારો શ્રધ્ધાળુઓએ મા બહુચરના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જ્યારે રાત્રે મા બહુચરની પરંપરાગત શોભાયાત્રા નીકળી ત્યારે પોલીસ દ્વારા ગાયકવાડી રાજ્યાસન સમયથી અપાતી ‘ગાર્ડ ઓન ઓફર’ ની સલામી આપવામાં આવી હતી. શોભાયાત્રામાં ખૂબ મોટી સંખ્યામાં ભક્તોએ જોડાઈને મા બહુચરાજીથી ૨ કિમીના અંતરે આવેલા શંખલપુર સ્થિત ટોડા બહુચર માતાજીએ પણ ભક્તોનો મેળાવડો જામ્યો હતો. અહી મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તોને વિના મૂલ્યે ભોજન પ્રસાદ પીરસાયો હતો.

## રાધનપુર તાલુકાના દેવમાં હિમજા માતાજીને ભાદરવી પૂનમનો શણગાર



પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના દેવ ગામે ભાદરવી પૂનમ નિમિત્તે હિમજા માતાજીને શાનદાર શણગાર કરવામાં આવ્યો હતો , અને આ પવિત્ર પ્રસંગે માતાજીની વિશેષ પૂજા અર્ચના કરવામાં આવી હતી. દેવ ગામના ભાવિકજનો ઉપરાંત આજુબાજુ ના ગામોના ભાવિકોએ પાવન અવસરે માતાજીના દર્શનનો લાભ લઈને ધન્યતા અનુભવી હતી. મંદિરના પૂજારી મૌલિકભાઈ ત્રિવેદીના જણાવ્યા મુજબ ભાદરવી પૂનમે માતાજીને ખાસ શણગાર કરવામાં આવે છે અને વિશિષ્ઠ પૂજા-અર્ચના કરવામાં આવે છે.

## રાધનપુર તાલુકાના નવા ભીલોટ ગામે ઠાકોરસેનાની બેઠક મળી




પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના નવા ભીલોટ ગામે ઠાકોરસેનાની બેઠક મળી હતી, સામાજિક યુવા કાર્યકર ડો. ગોવિંદભાઈ ઠાકોર, ઠાકોર સેનાના પ્રદેશ હોદ્દેદાર પ્રહલાદજી ઠાકોર,તાલુકા પ્રમુખ દેવરાજભાઈ ઠાકોર, શહેર પ્રમુખ રમેશજી ઠાકોર,હરખાજી ઠાકોર, રઘુભાઈ ઠાકોર, ગઢાના જામાજી ઠાકોર, પ્રતાપજી ઠાકોર સહિતની ઉપસ્થિતિમાં યોજાયેલ બેઠક માં ઠાકોર સમાજને વ્યસનમુક્ત બનાવી સંગઠિત બનવા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો, તેમજ તા. ૨ ઓક્ટોબરે ગાંધીનગરમાં યોજાનાર વિરાટ ઠાકોર સેના સંમેલનમાં ભાગ લેવા સૌને આહવાન કરવામાં આવ્યું હતું. તેમજ આવનાર સમયમાં સક્રિય રાજનીતિમાં ભાગ લેવા અંગે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

## પાટણમાં ચાણસ્મા હાઈવેથી ગાયત્રી મંદિર રોડ પર બાઈક સ્લીપ થતાં બે ને ઈજા

પાટણ

પાટણમાં ગાયત્રી મંદિરથી ચાણસ્મા હાઈવે તરફ જવાનો માર્ગ પર ઢાળ પડતો હોવાથી આંતરે દિવસે અકસ્માતનો બનાવ બન્યા સિવાય રહેતો નથી. મોટાભાગે ચાણસ્મા રોડથી પાટણ ગાયત્રી મંદિર- મહાદેવનગર સુધીના માર્ગ ઉપર અકસ્માત સર્જાય છે. સદર રોડ ઉબડખાબડ બની ગયો હોવાથી દ્વિચક્રી વાહનો ક્યારેક સ્લીપ થઈ જઈ અકસ્માતનો બનાવ બને છે. ત્યારે ગત શનિવારે રાત્રે સંખારી બાજુના મોહનલાલ મિસ્ત્રી ત્રણ સવારી સાથે ચાણસ્મા રોડથી ગાયત્રી મંદિર તરફ બાઈક પર આવી રહ્યા હતા ત્યારે બાઈક સ્લીપ થઈ જતાં બાઈક રોડ સાઈડે ખડી પડતાં ચાલકની પાછળ બેઠેલા બે જણાને હાથ પગે સામાન્ય ઈજા થઈ હતી.

અત્રે નોંધવું ઘટે કે રોડ સમતળ ન હોવાથી અકસ્માતનો બનાવ બને છે. આજ રીતે રેલ્વે સ્ટેશન રોડ પર ખાડીયા રોડ ઢાળ પડતો હોવાથી દિવસના બે ત્રણ વાર અકસ્માતના બનાવો બનતા હોય છે. સદર રોડ પર પાલિકા દ્વારા સમતળ બનાવવામાં આવે તો અકસ્માતના બનાવોને નિવારી શકાય.

## ગ્રામ પંચાયતો દ્વારા કોન્ટ્રાક્ટર કર્મીઓની ભરતીને ગેરકાયદેસર ગણાવતી રાજ્ય સરકાર

ચાણસ્મા

ગ્રામ પંચાયતો દ્વારા થતી કોન્ટ્રાક્ટર કર્મીઓની ભરતીઓને રાજ્ય સરકારે ગેર કાયદેસર ઠેરવી તેનો સત્વરે અમલ કરવા સંબંધિત જિલ્લા વિકાસ તેમજ તાલુકા વિકાસ અધિકારીને એક લેખિતમાં પરીપત્ર પાઠવી જરૂરી કાર્યવાહી હાથ ધરવા તાકીદ કરેલ છે.સ્થાનિક ગ્રા.પંચાયત, ગ્રાંમ પંચાયતમાં રોજમદાર, સફાઈ કામદાર, પટાવાળા, બોર ઓપરેટર, તેમજ કોમ્પ્યુટર ઓપરેટરની હંગામી ભરતી કરવા જરૂરી ઠરાવ કરી તેના પગારનો ખર્ચ પંચાયતમાં ઉધારે છે અને લાંબા સમયથી આવા કર્મચારીઓ કાયમી કર્મચારીઓનો હક મેળવવા કોર્ટનો આશરો લેતા હોઈ ઘણી વખતે તેમાં રાજ્ય સરકારને આર્થિક દ્રષ્ટિએ સહન કરવાનો વારો આવે છે.

જેથી રાજ્યના પંચાયત વિભાગ દ્વારા તાજેતરમાં એક પરીપત્ર કરી તમામ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતને તાકીદ કરી હાલમાં ફરજ બજાવતા હંગામી કર્મચારીઓને છુટા કરી નવી ભરતી નહી કરવા આદેશ ફરમાવ્યો છે.અને તેમ છતાં કોઈપણ ગ્રા.પંચાયત કર્મચારી ઓના પગાર ખર્ચની રકમ સ્વ ભંડોળમાં પાડશે તો તેની સીધી જવાબદારી જે તે ગામે ફરજ બજાવતા તલાટી/મંત્રીના શીરે રહેશે તેવો આદેશ કરેલ છે.તેમ છતાં આદેશનો ઉલ્લંઘન કરી ભરતી ચાલુ રાખી પગાર ખર્ચ પાડશે તો પંચાયત ધારાની કલમ ૨૫૩ મુજબ ગ્રા.પંચાયતનું વિસર્જન કરવાની દરખાસ્ત વિકાસ કમિશ્નરને મોકલી આપવા તેમજ હાલમાં ફરજ બજાવતાં હંગામી કર્મચારીઓની માહિતી દિન ૩૦ માં મોકલી આપવા જણાવેલ છે.

## ખેડબ્રહ્મા અંબાજી ધામ ખાતે ભાદરવી પુનમનો મેળો ભરાયો




હિંમતનગર

સાબરકાંઠાનુ અંબાજી એટલે ખેડબ્રહ્મા... અને અહિ છે મા અંબાનુ શાક્ષાત સ્વરુપ મહિસાસુરના વધ કરવા માટે મા અંબાજી અહિ આવ્યા હતા અને ત્યારથી ભક્તો અહિ મોટી સંખ્યામાં ઉમટી પડે છે... ખેડબ્રહ્માં માં બીરાજતાં માં અંબાના દર્શન પણ અંબાજીના દર્શન સાથે એટલા જ મહત્વના માનવામાં આવે છે ભક્તો શક્તી પીઠ અંબાજી ખાતે માં અંબાના દર્શને પદયાત્રે ભાદરવી પુનમે નિકળી પડતાં હોય છે પણ ઘણાંખરા પદયાત્રી સંઘ અહી દર્શન કરવા માટે જરૂર થી પહોંચતાં હોય છે માં અંબાના શિખર પર ધજા પણ જરૂર થી ચઢાવતાં હોય છે એટલે કે ભક્તો અહી માં અંબાના દરબારમાં હાજરી ભરીને જ આગળ મોટા અંબાજી પહોંચતાં હોય છે તો અહિ કેટલાય વર્ષથી આ સંઘ એકમથી ભંડારો કરીને પુનમના દિવસે ૫૨ ગજ, ૩૧ ગજ ૨૧ ગજ, ૧૧ ગજ અને ૭ ગજ અને ૫ ગજ ની ૧૮ જેટલી ધજાઓ લઈને આવે છે અને મા અંબાના શિખર પર ધજાઓ ચઢાવી માનતા પૂરી કરે છે

ભાદરવા માસમાં પુર્ણિમાં સુધી મા અંબાના દર્શન કરવા માટે ભક્તો પદયાત્રા શરૂ કરી દે છે અને ચાલતા મા આધશક્તિના દર્શનાર્થે પહોચી જાય છે... ભાદરવી પુર્ણીમા એટલે માં અંબા જગતજનની નો ઉત્સવ તરીકે જોવામા આવે છે અને એટલે જ તો માં અંબાના દર્શને જવાનો માર્ગ જાણે ભાદરવા માસની શરૂઆત થી ઉભરાય છે જો દંતકથાઓનુ માનીએ તો પુરાણકાળોમાં અહી બ્રહ્માં,વિષ્ણુ અને મહેશે જ અષુરોના નાશ માટે માં અંબાને પ્રાગટ્ય કર્યા હતાં અને એટલે જ અહી માં અંબાનો વાસ માનવામાં આવે છે અને એટલે જ ભક્તો અહી નાના અંબાજી નુ સ્થાન એટલે ખેડબ્રહ્માં અહી ખેડબ્રહ્મા થી જ ગબ્બર માં મા અંબા વસ્યા હોવાનુ પણ કહેવાય છે.માના ભક્તો ખેડબ્રમ્હાના દર્શન બાદ જ મોટા અંબાજી તરફ જાય છે અને ત્યા પણ મા અંબાના દર્શન કરીને ધન્યતા અનુભવે છે... આસ્થા, ભક્તી સેવા અને આનંદનો સન્મવય આ ભાદરવી પુનમમાં જોવા મળે છે..

## ચાણસ્મામાં ગોગા મહારાજના જન્મદિને છપ્પન ભોગ ધરાવાયો



ચાણસ્મા

ભાદરવા સુદ ચૌદશ એટલે અનંત ચર્તુદશી ભગવાન શેષનારાયણ ગોગા મહારાજનો “હેપ્પી બર્થ ડે” તરીકે ઉજવવામાં આવે છે.સદીઓ જુની આ પરંપરા મુજબ ચાણસ્મા સ્થિત ૧૨૦૦ વર્ષ પ્રાચીન ગોગા મહારાજના મંદિરે મંગળવારે રાત્રે છપ્પનભોગ મનોરથ, મહાઆરતી સહિતના અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતુ.જેમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓએ ઉમટી પડી દર્શન-પૂજાનો લાભ લીધો હતો.

ચાણસ્માના જુના રબારીવાસમાં બિરાજમાન ભગવાન શેષનારાયણ ગોગા મહારાજના ઐતિહાસિક મંદિરે મંગળવારે અનંત ચર્તુદશી નિમિત્તે ગોગા બાપાને છપ્પન ભોગનો મનોરથ ધરાવયો હતો.તેમજ મહાઆરતી, ૧૦૮ દીવાની આરતી, ૧૦૦૮ લાડુનો ભોગ ધરાવાયો હતો.આ પ્રસંગે રામજી મંદિરના મહંત મારુતિ શરણદાસજી મહારાજ, સ્થાનિક અગ્રણી એઠવોકેટ રોહિતભાઈ પટેલ, ડો.કનુભાઈ પટેલ સહિત નગરજનો ખુબ મોટી સંખ્યામાં જોડાયા હતા.ગોગા બાપાના પરમ ઉપાસક મહેન્દ્રભાઈ અમથાભાઈ દેસાઈએ આશીર્વાદ પાઠવ્યા હતા.આ ધર્મોત્સવનું આયોજન મંદિરના પુજારી હસમુખપુરી મહારાજ, ગોગા મહારાજ પરિવારના હિતેશ દેસાઈ, પરેશ દેસાઈ સહિતના યુવાનોએ ગોઠવ્યું હતુ.આજે પણ મોટી સંખ્યામાં ભક્તોએ ગોગાબાપાને પારણે ઝુલાવવાનો લાભ લીધો હતો.

## ઈડર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વિધાર્થીઓને ટેબલેટ વિતરણ કરાયું

ઈડર

ઈડરની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વિધાનસભાના અધ્યક્ષ શ્રી રમણલાલ વોરાના હસ્તે વિધાર્થીઓને ટેબલેટ વિતરણ કરાયું હતું. અધ્યક્ષ શ્રી રમણલાલ વોરાએ વિધાર્થીઓને આજનો આધુનિક યુગ એ ટેક્નોલોજીનો યુગ હોવાનું જણાવતા કહ્યુ હતું કે, દેશના મોટાભાગનો વ્યવહાર હવે મોબાઈલ અને કોમ્પ્યુટર આધારીત બન્યો છે ત્યારે શિક્ષણક્ષેત્ર આ બાબતમાં કઇ રીતે પાછળ રહી શકે જેને લઇ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ડિઝીટલ ઈન્ડીયાના સ્વપ્ન સાથે ઉચ્ચ શિક્ષણમાં ડિઝીટલ લર્નિંગનો કાર્યક્રમ હાથ ધર્યો છે. આ કાર્યક્રમમાં કેળવણી મંડળના પ્રમુખ ડૉ.વિનુભાઇ પટેલ, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ અશ્વિનભાઇ પટેલ, અગ્રણી કાન્તિભાઇ પટેલ, અનિલભાઇ પટેલ સહિત શાળાના સ્ટાફ ગણ અને વિધાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પાટણમાં દલિત છાત્રાલયમાં બાળકોના શોષણના મામલે પોલીસમાં ફરિયાદ

પાટણ

પાટણમાં પીંપળાગેટ પોલીસ ચોકીની સામે આવેલા દલિત વિદ્યાર્થીઓના છાત્રાલયમાં છાત્રાલયના સંચાલક દ્વારા બાળકોનું શોષણ કરતા હોવાની ઘટના બહાર આવતાં ચકચાર મચી જવા પામી છે. સંચાલક સામે ત્રણથી પાંચ વિદ્યાર્થીઓનું શારિરીક શોષણ કર્યાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ બાબતે પોલીસે તપાસ ચલાવેલ છે.

જાણવા મળતી વિગતો અનુસાર શહેરના પીંપળાગેટ પોલીસ ચોકી સામે આવેલા દલિત વિદ્યાર્થીઓનું ‘‘અંત્યોદય પ્રગતિ યુવક મંડળ’’ દ્વારા છાત્રાલય ચાલે છે. જેમાં ૨૦ જેટલા બાળકોની સંખ્યા છે.

આ છાત્રાલયમાં થોડાક દિવસથી ગૃહપતિ દ્વારા બાળકોને શારિરીક માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાની ઘટના બની હતી. જેમાં ગત સોમવારે ભારે હોબાળો થયો હતો અને અહીં રહેતા બાળકોએ પોતાના વાલીઓને ફોન કરી બોલાવતા અને આક્ષેપો થયા હતા. જેમાં ગૃહપતિ દ્વારા રાત્રે બાળકોને બોલાવી પગ દબાવવાનો આદેશ કરી બાળકોને શારિરીક અડપલા કરવા જેવી હરકતો કરવામાં આવતી હતી. આ બાળકોએ પોતાના વાલીઓને બોલાવી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોતાની આપવિતી જણાવતાં પાટણ સીટી એ ડિવીઝન પોલીસે તપાસ ચલાવેલ છે.

## ઓ.એન.જી.સી.ના વેલ પરથી ઓઈલ ચોરી કરી જતા ટેન્કરને ઝડપાયું

### ડ્રાયવર નાસી છુટ્યોઃ કંડક્ટરની ધરપકડ

મહેસાણા

મહેસાણા ઓ.એન.જી.સી.ના વેલ પરથી ઓઈલ ચોરી કરી જતા ટેન્કરને સંસ્થાની ટીમે પીંછો કરી મહેસાણા - વિજાપુરના માર્ગ પરથી ઝડપી પાડ્યું હતું. રૂા. ૨.૪૦ લાખનું ઓઈલ ચોરી બાબતે ચાર વ્યક્તિઓ સામે મહેસાણા શહેર એ ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

જાણવા મળતી વિગતો અનુસાર ઓ.એન.જી.સી.ની સી.આઈ.એસ.એફ.ની ટીમ ગત રવિવારે રાત્રે પેટ્રોલિંગમાં હતી. ત્યારે મહેસાણા તરફથી એક શંકાસ્પદ ટેન્કર જણાતા તેનો પીછો કરતા ટેન્કરના ચાલકે ગાડી ઝડપથી દોડાવી હતી પરંતુ આ ટેન્કરને વિજાપુરના આનંદપુરા ચાર રસ્તા પાસે અટકાવી ઝડપી લીધું હતું. જો કે ટેન્કર ચાલક ટેન્કર મુકી ફરાર થઈ ગયો હતો અને ટેન્કરનો કંડક્ટર હિંમતનગરના હાપા ગામનો કાળુસીંહ છત્રસિંહ પરમાર ઝડપાઈ ગયો હતો. બાદમાં તપાસ ટીમ ટેન્કરને મહેસાણા શહેર એ ડિવીઝન પોલીસ મથકે લવાતાં રસ્તામાં પરા વિસ્તારમાં પંચર પડતાં અન્ય વાહનોને ડાયવર્ઝન અપાયું હતું. જો કે ત્યારબાદ ટેન્કરને પોલીસ મથકે લેવાતાં ઓએનજીસીના જુનિયર સિક્યુરીટી સુપરવાઈઝર દિપક રાઠોડે ઓઈલ ચોરીમાં ઝડપાયેલ કંડક્ટર તથા ફરાર ડ્રાયવર સહિત બે શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે રૂા. ૨.૪૦ લાખના ઓઈલ ચોરી ગુનામાં આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ ચલાવેલ છે.

## પાટણ જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાની જિલ્લા કારોબારીની રચના

પાટણ

જિલ્લા સંગઠન પ્રભારી મયંકભાઈ નાયક તથા જિલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઈ પટેલની અનુમતીથી જિલ્લા ભાજપ મહામંત્રી દશરથજી ઠાકોર, પ્રવિણભાઈ ઠક્કર તથા ભાવેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગત રોજ અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ વશરામભાઈ રણછોડભાઈ સોલંકી દ્વારા અનુસુચિત જાતિ મોરચાના મંડલના પ્રમુખ તથા મહામંત્રીની જાહેરાત કરવામાં આવેલ છે.એમ જિલ્લા ભાજપ કાર્યાલય મંત્રી નવીન પ્રજાપતિ અખબારી યાદીમાં જણાવે છે.

જિલ્લા કારોબારી મકવાણા ઓખાભાઈ ભોજાભાઈ(સમી તાલુકો), ગરો જુગલદાસ ખેમદાસ (રાધનપુર શહેર), પરમાર ખીમાભાઈ નાનજીભાઈ(સાંતલપુર તાલુકો), પરમાર સતીષભાઈ નટવરલાલ (ચાણસ્મા તાલુકો), રાણા મોહનભાઈ દલાભાઈ(પાટણ શહેર), મકવાણા લક્ષ્મણભાઈ નરસિંહભાઈ (હારીજ તાલુકો), ચાવડા જેઠાભાઈ અમરાભાઈ (શંખેશ્વર તાલુકો), વાલ્મિકી મફાભાઈ મોહનભાઈ(સરસ્વતી તાલુકો), સાધુ અશોકદાસ રતનદાસ(શંખેશ્વર તાલુકો), રાવત સુરેશભાઈ સોમાભાઈ (પાટણ તાલુકો), પરમાર મીનાબેન કીર્તીભાઈ (સિધ્ધપુર તાલુકો), સોલંકી હરગોવનભાઈ મગનભાઈ (સમી તાલુકો), મકવાણા રવિન્દ્રકુમાર લવજીભાઈ (સરસ્વતી તાલુકો), પરમાર વિરાભાઈ ખોડાભાઈ (હારીજ તાલુકો), પરમાર અમૃતભાઈ પેથાભાઈ (ચાણસ્મા શહેર), ચૌહાણ રેવાભાઈ અમથાભાઈ (સરસ્વતી તાલુકો), પરમાર મહેન્દ્રભાઈ ખેમચંદભાઈ (પાટણ શહેર), પરમાર કાંતિભાઈ મફાભાઈ (ચાણસ્મા તાલુકો).

વિશેષ આમંત્રિત પરમાર ભરતભાઈ ડાહ્યાલાલ (પાટણ શહેર), મકવાણા લવજીભાઈ રાજાભાઈ (સરસ્વતી તાલુકો), પરમાર કમળાબેન હિરાલાલ(પાટણ તાલુકો), કરલીયા વિનોદકુમાર શંકરલાલ (પાટણ શહેર), સેનમા મધુબેન કનુભાઈ (ચાણસ્મા તાલુકો), પરમાર ગોવિંદભાઈ ધનાભાઈ (રાધનપુર તાલુકો), પરમાર જયંતિભાઈ માધાભાઈ (હારીજ તાલુકો), ડોડીયા પુનમભાઈ રણછોડભાઈ(શંખેશ્વર તાલુકો).

## રાધનપુરમાં નર્મદયાત્રાનો શુભારંભ




પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકામાં ગામે ગામ જઈને લોકોને ગુજરાત સરકાર દ્વારા નર્મદા યોજના ખેડૂતોને અને લોકોને કેવી રીતે વિકાસના પથ ઉપર આગળ વધારી રહી છે અને ગુજરાતના વિકાસમાં આ નર્મદા યોજનાનો શું ફાળો છે સહિતની માહિતી પહોંચાડવા માટે નર્મદાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો બુધવાર અને ભાદરવી પૂનમના પવિત્ર દિવસે શહેરના ગાયત્રી મંદિરથી શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં સરકારી તંત્ર ઉપરાંત ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવિણભાઈ મહાલક્ષ્મી, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ સુરજગીરી ગોસ્વામી, પાલિકાના પૂર્વ પ્રમુખ ડો. દેવજીભાઈ પટેલ, બાબુભાઈ ચૌધરી, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ ડો. વિષ્ણુ ઝૂલા સહીત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા , આ યાત્રા તા. ૬ થી ૧૫ સપ્ટેમ્બર સુધી તાલુકાના તમામ ગામોમાં ફરશે અને લોકોને નર્મદા યોજના અંગે ઉપયોગી માહિતી પુરી પડશે.

## ધી ન્યૂ પ્રોગ્રેસિવ બી.એડ્. કૉલેજમાં વિવિધ કાર્યક્રમો યોજાયા

મહેસાણા

ધી ન્યૂ પ્રોગ્રેસિવ કોલેજ ઓફ ટીચર્સ એજ્યુકેશન, મહેસાણા દ્વારા વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનો વિષય વર્તમાન શિક્ષણ દશા અને દિશા રહ્યો હતો. વકતૃત્વ સ્પર્ધાનો મૂળ હેતુ પ્રશિક્ષણાર્થીઓમાં કથન કૌશલ્યનો વિકાસ થાય તેવો રહ્યો હતો. કોલેજના ૧૫ સ્પર્ધકો સહભાગી થઈ પ્રવર્તમાન શિક્ષણની ખામીઓ અને તેને દુર કરી શિક્ષણ પદ્ધતિને બદલવા પર ભાર મુક્યો હતો. સ્પર્ધામાં પ્રથમ ક્રમે નિરબાન ફરહાના, દ્વિતીય ક્રમે પ્રજાપતિ આકાશ અને તૃતીય ક્રમે નાઈ રિયા વિજેતા રહ્યા હતા. નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. કમલેશભાઈ ગોહેલ અને પ્રા.જાગૃતિબેન પટેલે નિભાવી હતી. વિજેતા સ્પર્ધકોને કોલેજના પ્રિ.ડૉ.એમ.કે.પટેલ દ્વારા પ્રોત્સાહક ઈનામો આપીને બિરદાવ્યા હતા. તેમજ તા. ૨૩/૮/૨૦૧૭ રોજ ગણેશોત્સવ થીમ આધારિત રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનો મૂળ હેતુ પ્રશિક્ષણાર્થીઓ સર્જનાત્મક અભિવ્યક્તિનો વિકાસ થાય તેવો રહ્યો હતો.

આયોજિત સ્પર્ધામાં પ્રથમ ક્રમે ચૌહાણ કાજલ, દ્વિતિય ક્રમે ચૌહાણ જીતેજ્ઞ અને તૃતીય ક્રમે વાઘેલા દુર્ગેશ્વરીબા વિજેતા રહ્યા હતા. નિર્ણાયક તરીકેની ભૂમિકા ડૉ.લતાબેન શર્મા અને પ્રા. જીગર આચાર્યએ નિભાવી હતી. વિજેતા સ્પર્ધકોને કોલેજના પ્રિ.ડૉ.એમ.કે.પટેલ દ્વારા પ્રોત્સાહક ઈનામો આપીને બિરદાવ્યા હતા.

# અંબાજી ભાદરવી મહામેળો સુખરૂપ સંપન્ન

## લાખો માઇભક્તો માતાજીના દર્શન કરી ધન્ય બન્યા



પાલનપુર

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે તા.૩૧ ઓગષ્ટ થી ૬ સપ્ટેમ્બર દરમ્યાન યોજાયેલ ભાદરવી પુન મહામેળો સુખરૂપ સપન્ન થયો છે. દૂર દૂરથી પદયાત્રા કરીને દિવસો સુધી ચાલીને આવેલા લાખો માઈભક્તો માતાજીના ચરણે મસ્તક ઝુકાવી ધન્ય બન્યા છે. મેળા પ્રસંગે અંબાજીમાં મીની મહાકુંભનો ભવ્ય માહોલ સર્જાયો હતો. પૂર્ણ ભક્તિભાવથી માતાજીના દર્શન કરી ભાવવિભોર બનતા માઈભક્તોથી ચાચર ચોકમાં અને સમગ્ર મંદિર પરિસરમાં ભક્તિભર્યો ભવ્ય માહોલ છવાયેલો જોવા મળ્યો છે. બનાસકાંઠા કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી દિલીપ રાણાની સુચના અને માર્ગદર્શન અનુસાર જિલ્લા વહીવટીતંત્રના સરસ પ્રયાસોને લીધે યાત્રિકોને જરૂરી તમામ સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ બનાવાઇ હતી પરિણામે યાત્રિકોને કોઇ જ તકલીફ પડી નહોતી. કલેકટરશ્રી સહિત જિલ્લાના અધિકારીઓ મેળા પર ઝીણવટભરી નજર રાખી રહ્યા હતા.

### માઇભક્ત દ્વારા ૧ કિલો સોનુ ભેટમાં મળ્યુ



ભાદરવી પુનમના દિવસે ખેડા જિલ્લાના વતની માઈભકતશ્રી નવનીતભાઈ શાહ ધ્વારા મા અંબેના ચરણોમાં એક કિલો સોનુ ચડાવવામાં આવ્યુ હતુ. એક મુલાકાતમાં શ્રી નવનીતભાઈએ જણાવ્યુ કે માતાજી ઉપર અપાર ભકિતભાવ અને શ્રધ્ધા હોવાથી માતાજીના ચરણમાં એક કિલો સોનુ ચડાવ્યું છે. ઉલ્લેખનીય છે કે ઘણા માઈભકતો પોતાની શકિત અને ઈચ્છા અનુસાર માતાજીને સોનુ ધરાવતા હોય છે.

# વાવના ઈન્ચાર્જ ટી.ડી.ઓ.નું તોછડું વર્તન : મહિલા કર્મચારીઓ સાથે તૂ..તૂ..મેં..મેં..



વિષ્ણુ પરમાર

તા.પ્રતિનિધિ વાવ

સુઈગામ તા.પં.કચેરી ખાતે આસીસ્ટન્ટ ટીડીઓ તરીકેની ફરજ બજાવતા રઘુભાઈ ચૌધરીએ સુઈગામ તા.પં.માં ઈન્ચાર્જ ટીડીઓ તરીકેનો ચાર્જ સંભાળતા શૌચાલય પ્રકરણમાં ભારે ગેરરીતિઓ આચરતા વિવાદ સર્જાયો હતો પરંતુ સુઈગામ તા.પં.માં આસી. ટીડીઓ તરીકેની ફરજ બજાવતાં રઘુભાઈ ચૌધરીને વાવ ટી.ડી.ઓ ડી.બી. ચાવડા રજા ઉપર ઉતરતા વાવ તા.પં.નાં ઈન્ચાર્જ ટીડીઓ તરીકે મુકાયા છે. અંદાજે ૨૦ દિવસથી વાવ તા.પંચાયતમાં ઈન્ચાર્જ ટીડીઓ તરીકેની ફરજ બજાવતા રઘુભાઈ ચૌધરી તા.પંચાયતના કર્મચારીઓ સાથે તોછડાઈ ભર્યુ વર્તન કરી રહ્યાં છે.વધુમાં જાણવા મળતી માહિતી અનુસાર મહિલા કર્મચારીઓ જોડે તૂ..તૂ.. મેં..મેં.. નું વર્તન કરતાં તાલુકા પંચાયતના કર્મચારીઓમાં ઉગ્ર રોષ ઉદ્‌ભવ્યો છે. જવાબદાર કર્મચારીઓ અને મહિલા કર્મચારીઓ ઉપર રોફ જમાવી દબંગગીરી કરતાં વાવના ઈન્ચાર્જ ટીડીઓને જિ.વિ. અધિકારી તાકીદે સુચન કરી પોતાની મર્યાદામાં રહેવાનું સુચન

અનુસંધાન પાના નં.૬

## ગુજરાતની સ્થાપના બાદ પાલનપુર વિધાનસભાની સીટ પર

# અત્યાર સુધી ૫ - ૫ વખત ભાજપ કોંગ્રેસનો વિજય - ૨૦૧૭ ખરાખરીનો જંગ

૧ એપ્રીલ ૧૯૬૦ માં ગુજરાત રાજ્યની સ્થાપના અમદાવાદ શહેરના સાબરમતી આશ્રમ ખાતે પૂજ્ય રવિશંકર મહારાજના હાથે કરાઈ ગુજરાત વિધાનસભાની પ્રથમ ચૂંટણી ૧૯૬૨ માં યોજાઈ ત્યારથી લગાવી આજદિન સુધી પાલનપુર સીટ ઉપર ૧૨ વખત ચૂંટણી જંગ ખેલાઈ ચૂકયો છે. જેમાં ૫ વખત કોંગ્રેસ, ૫ વખત ભાજપ અને ૨ વખત જનસંઘનો વિજય થયો છે. જનસંઘ એ ૧૯૮૦ થી ભાજપ પક્ષમાં વિલિની કરણ પામતાં પાલનપુર સીટ પર ભાજપ અને જનસંઘ વિચારધારાનું વર્ચસ્વ રહ્યું છે પરંતુ, જો ભાજપ કોંગ્રેસ એવા બે મુખ્ય પક્ષોના પરિણામો પર નજર કરીએ તો ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો પાલનપુર સીટ પર ૫-૫ વખત જીતી ચૂકયા છે. હવે ૨૦૧૭ ની ચૂંટણી પર મીટ મંડાઈ છે. પરંતુ, અત્યાર સુધી બંને પક્ષોના ઉમેદવારોને પ્રજાએ ધારાસભ્ય બનવાની તક આપી હોવા છતાં પાલનપુર વિધાનસભા મતવિસ્તાર હજુ વિકાસ ઝંખી રહ્યો છે. ૧૯૬૨ ના સમયે આખા દેશમાં કોંગ્રેસ રાજ કરતું હતું તેવા સમયે ગુજરાત કોંગ્રેસની સરકારમાં પણ પાલનપુર વિકાસ માટે ફાંફા મારતું હતું, તે આજે ૨૦૧૭ પૂર્ણતાની આરે પહોંચ્યું હોવા છતાં પાલનપુર શહેરનો કોઈ નોંધપાત્ર વિકાસ થયો નથી. ભાજપ હોય કે કોંગ્રેસ અત્યાર સુધીના મોટાભાગના તમામ ધારાસભ્યો પાલનપુરની પ્રજાના પાણી, રસ્તા જેવા પ્રાણ પ્રશ્નો ઉકેલવામાં પણ સફળ થયા નથી.

**પાલનપુર સીટ પર વર્ષોથી જન સંઘ અને ભાજપનું પ્રભુત્વ રહ્યું છે**




એક નજર કરીએ ૧૯૬૨ ની પ્રથમ ચૂંટણીથી ૨૦૧૨ની ચૂંટણીના ઈતિહાસ ઉપર ૧૯૬૨ માં ભાજપ કે જનસંઘનું કોઈ ખાસ વર્ચસ્વ ગુજરાતના રાજકારણમાં નહોતું પાલનપુર વિધાનસભાની ૧૯૬૨ની ચૂંટણીમાં કોંગ્રેસ અને સ્વતંત્ર પક્ષ એમ બે મુખ્ય પક્ષો વચ્ચે ચૂંટણી જંગ જામ્યો જેમાં કુલ ૭૧૮૫૪ મતદારો પૈકી ૨૮૯૦૧ મતદારોએ મતદાન કર્યું હતું. જેમાં સ્વતંત્ર પક્ષના ઉમેદવાર રમણલાલ ઉમેદરામ પટેલ સામે કોંગ્રેસે દલજીભાઈ ગણેશભાઈ પટેલને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા હતા. જેમાં કોગ્રેસના દલજીભાઈ પટેલને મતદારોએ સ્વીકારતાં તેમનો વિજય થયો હતો.

૧૯૬૭ ની પાલનપુર વિધાનસભા ચૂંટણી જંગમાં કુલ ૫૮,૨૧૬ મતદારો પૈકી ૩૩૨૦૪ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો. ત્યારે કોંગ્રેસ તરફથી ઉમેદવારી કરનાર એ.સી.મહેતાને ૧૪,૯૪૬ મત મળ્યા, અને સ્વતંત્ર પક્ષના ઉમેદવાર આર.એ.પટેલને ૧૩,૬૬૪ મત મળતાં કોંગ્રેસના એ.સી.મહેતાનો વિજય થયો. આમ, કોંગ્રેસ સતત બે વખત પાલનપુરની સીટ જીતવામાં સફળ રહ્યું.

**ભાજપ હોય, કોંગ્રેસ હોય કે પછી જનસંઘ તમામ પક્ષોના ઉમેદવારોને પાલનપુર જનતાએ ધારાસભ્યો બનાવ્યા તેમ છતાં પાલનપુરની જનતા આજે પણ પાયાની સુવિધાઓ ઝંખે છે**

પરંતુ, ૧૯૭૨ ની ચૂંટણી આવતાં સુધીમાં તો કોંગ્રેસની નબળી કામગીરીથી પ્રજા ત્રસ્ત થવા માંડી અને ગુજરાતમાં જનસંઘનું પ્રભુત્વ વધવા માંડ્યું. જેનો સીધો લાભ જનસંઘના પાલનપુરના ઉમેદવારને મળ્યો. ૧૯૭૨ માં કુલ મતદારોની સંખ્યા ૭૩,૧૬૪ હતી. જેમાંથી ૪૭૫૨૦ એટલે કે ૬૩.૦૭% મતદારો એ મતદાન કર્યું. આ વખતે કોંગ્રેસે એક મુસ્લિમ ચહેરાને મેદાનમાં ઉતાર્યો પરંતુ. કોંગ્રેસના આ વ્યુહ નિષ્ફળ નિવડ્યો. જનસંઘ તરફથી જનસંઘના કાર્યકર એવા લેખરાજ હેમરાજભાઈ બચાણીએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું. આ ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર એ.આર.મહમદ નાજીર મૌલવીને માત્ર ૧૭,૭૭૧ મત મળ્યા જ્યારે જન સંઘના લેખરાજભાઈ બચાણીને ૨૩,૧૧૦ મત મળતાં તેમનો ૫૩૩૯ મતોથી વિજય થયો. આમ, પાલનપુર સીટ પર જનસંઘને પ્રથમવાર ૧૯૭૨માં વિજયનો સ્વાદ ચાખવા મળ્યો.

૧૯૭૫ માં ફરી ચૂંટણી આવી પરંતુ, જનસંઘમાં સારૂ એવું પ્રભુત્વ ધરાવનાર પાલનપુરના ધારાસભ્ય લેખરાજ બચાણીનો જાદુ હજુ અકબંધ હતો. ૧૯૭૫ ની ચૂંટણીમાં પણ જનસંઘે લેખરાજ બચાણીને ફરીથી ચૂંટણી મેદાનમાં ઉતાર્યા, જ્યારે કે.એલ.પી. પક્ષે અમૃતલાલ કાળીદાસ પટેલને ટિકિટ આપી, અને કોંગ્રેસ તરફથી સૈયદ ખુબતીયાં બદમીયાં એ ઉમેદવારી નોંધાવી. આ ચૂંટણીમાં કુલ ૭૩,૯૫૫ મતદારો પૈકી ૩૭,૭૦૨ એટલે કે ૫૦.૯૪% મતદારોએ મતદાન કર્યું. જેમાં જનસંઘના લેખરાજ બચાણીને ૨૦૯૮૩ મત મળ્યા, કે.એલ.પી. પક્ષના અમૃતલાલ પટેલને ૮૪૭૧ મત જ્યારે કોંગ્રેસના ખુબમીયા સૈયદને ૭૩૧૯ મતો મળતાં જનસંઘના લેખરાજ બચાણીનો ફરીથી વિજય થયો. આમ, ૧૯૭૨ ની સફળતાને રિપિટ કરવામાં લેખરાજ બચાણી સફળ નીવડ્યા અને પાલનપુરની જનતાએ ૧૯૭૫ માં ફરીથી લેખરાજ બચાણીને જીતાડીને વિધાનસભામાં મોકલ્યા.

૧૯૮૦ માં અટલબિહારી બાજપાઈએ ૬ એપ્રિલ ૧૯૮૦ ના રોજ ભાજપ પક્ષની રચના કરતાં જનસંઘનું ભાજપમાં વિલિનીકરણ થઈ ગયું. જનસંઘનું ભાજપમાં વિલિનિકરણ થતાં હવે લેખરાજ બચાણીને ભાજપે ચૂંટણી મેદાનમાં ઉતાર્યા. પરંતુ, કે.એલ.પી. જેવા પક્ષમાંથી ૮ હજાર મત મેળવનાર અમૃતલાલ કાળીદાસ પટેલને આ વખતે કોંગ્રેસે ચૂંટણી મેદાનમાં ઉતાર્યા. સતત બે વખત મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી હાર ખાનાર કોંગ્રેસ નવી ચાલ રમી જેમાં કોંગ્રેસ સફળ રહ્યું અને ભાજપના દિગ્ગજ નેતા લેખરાજ બચાણીને હરાવી કોંગ્રેસના અમૃતલાલ કાળીદાસ પટેલ વિજયી બની વિધાનસભામાં પહોચ્યા. આમ, ૧૯૮૦ ની ચૂંટણીમાં મુસ્લિમ તૃષ્ટીકરણની રાજનિતિ છોડવાનો ફાયદો કોંગ્રેસને મળ્યો અને ધૂમકેતુના તારાની જેમ ચમકતાં લેખરાજ બચાણીના વિજયરથને રોકવામાં કોગ્રેસને સફળતા મળી. આ ચૂંટણીમાં કુલ ૧,૦૬,૧૫૫ મતદારો માંથી ૫૩,૯૩૦ એટલે કે, ૫૦.૮૦% મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

૧૯૮૫ ની ચૂંટણીમાં કોંગ્રેસે અમૃતભાઈ પટેલના બદલે સુરેશભાઈ મહેતાને ટીકિટ આપી જ્યારે ભાજપે લેખરાજ બચાણીની જગ્યાએ પરષોત્તમ પટેલને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા. જેમાં સુરેશભાઈ મહેતાને ૨૫,૫૬૬ મત જ્યારે ભાજપના પરષોત્તમ પટેલને ૮,૮૧૮ મત મળતાં કોંગ્રેસનો એકવાર ફરી પંજો ચમકયો અને કોંગ્રેસના સુરેશભાઈ મહેતા વિજયી બની પાલનપુરના ધારાસભ્ય બન્યા.

૧૯૮૦ ની જીતને ૧૯૮૫ માં પણ કોગ્રેસે સુરેશભાઈને રિપિટ કરી હતી. પરંતુ કોંગ્રેસ ૧૯૯૦ માં જીતની હેટ્રીક નોંધાવે તે પહેલા જ ભાજપના લેખરાજ બચાણીએ કમળ ખિલવી કોંગ્રેસના વિજયરથને રોકી દીધો ૧૯૯૦ ની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ સિવાય જનતા દળ, અપક્ષ ઉમેદવાર અમૃતલાલ કાળીદાસ પટેલ વચ્ચે જંગ જામ્યો. આમ, ભાજપ તરફથી લેખરાજ બચાણી, કોંગ્રેસમાંથી છુટા પડેલા અમૃતલાલ પટેલ અપક્ષ તરીકે, જ્યારે જનતાદળના રાયમલજી સોલંકીએ ઉમેદવારી નોંધાવતાં પાલનપુર વિધાનસભામાં ચતુષ્કોણીય જંગ જામ્યો અને કોંગ્રેસ જેવી મોટી પાર્ટી ચોથા ક્રમે આવી, ભાજપના લેખરાજ બચાણીને ૨૪,૪૯૮ રાષ્ટ્રીય જનતા દળના રાયમલજી સોલંકીને ૨૩,૬૫૫ અપક્ષ ઉમેદવાર - એ.કે.પટેલને ૧૨,૪૬૯ જ્યારે કોંગ્રેસના ઉમેદવાર દિનેશભાઈભુરીયાને માત્ર ૬,૧૧૯ મત જ મળ્યા આમ, ૧૯૯૦ ની ચૂંટણીમાં ભાજપના લેખરાજ બચાણી ૮૪૩ મતોની પાતળી સરસાઈથી ત્રીજીવાર વિધાનસભામાં પહોંચવામાં સફળ રહ્યા.

૧૯૯૫ ચૂંટણી આવતાં સુધીમાં તો પાલનપુરમાં રાજકિય સમીકરણો બદલાવા માંડ્યા, વર્ષોથી કોંગ્રેસમાં રહેલા અને ત્યારબાદ અપક્ષ તરીકે ચૂંટણી લડેલા અમૃતલાલ પટેલ અનુસંધાન પાના નં.૬

### ઉત્તર ગુજરાતના લોકપ્રિય અખબાર રખેવાળ દ્વારા...

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગવાને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે ઉત્તર ગુજરાત અને બનાસકાંઠાની તમામ વિધાનસભાની બેઠકનો વિસ્તૃત અહેવાલ, રાજકીય ઈતિહાસ, દરેક બેઠક પર કોણ દાવેદાર છે. કયો પક્ષ મજબુત છે. વગેરે વિગતો રખેવાળ ટીમ દ્વારા વાંચકો સમક્ષ મૂકવામાં આવશે. વાંચકો પણ ચૂંટણી-૨૦૧૭ના આ વિશેષ કવરેજમાં પોતાના સૂચન - અભિપ્રાય મોકલી શકશે. તો હવે રાહ કોની જુઓ છો. તમારી નકલની વ્યવસ્થા આજથી જ કરશો - તેમજ તમારા સૂચનો - અભિપ્રાયો નીચેના નંબરે વ્હોટ્સએપ તેમજ ઈ-મેઈલ પર મોકલવા વિનંતી.

વ્હોટસ એપ - મો.૯૮૨૪૫ ૦૨૧૦૨

Email : rakheval@gmail.com

# કાંકરેજ તાલુકા પંચાયતે માહિતી ન આપતા હાઈકોર્ટમાં અપીલ

## તાલુકામાં વિકાસ કામોની માહિતી આપવા દોઢ વર્ષથી અખાડા : માહિતી અધિકારીના સરકારી કાયદાના સરેઆમ ધજાગરા



વિજય સિલ્વા

પ્રતિ. શિહોરી

કાંકરેજ તાલુકા પંચાયત દ્વારા થયેલ વિકાસ કામો મુદ્દે અરજદારે માહિતી અધિકારના કાયદા હેઠળ માહિતી માગી હતી પરંતુ દોઢ વર્ષ સુધી માહિતી અપાઈ ન હતી.જેથી કંટાળીને તેણે હાઈકોર્ટના દ્વાર ખવડાવ્યા છે. જિલ્લાની પશ્ચિમે આવેલા કાંકરેજ તાલુકામાં વિકાસ કામોમાં ભય વગરનો ભષ્ટ્રાચાર આચરાય છે.અધિકારીઓ અને કોન્ટ્રોક્ટરોની સાંઠગાંઠથી સરકારી નીતિ-નિયમો નેવે મુકી તદન હલકી ગુણવત્તાના વિકાસ કામો થાય છે.જે બાબતે અરજદાર બલુભા ઉર્ફે શેરૂજી મધુજી ડાભીએ માહિતી અધિકાર-૨૦૦૫ ના કાયદા મુજબ નમુના ક પ્રમાણે તાલુકા પંચાયત પાસે તાલુકામાં થયેલ વિકાસ કામોની તા.૨૮-૩-૨૦૧૬ ના રોજ માહિતી માંગી હતી.પરંતુ જવાબદાર તંત્ર દ્વારા તેમને માહિતી આપવામાં આવી ન હતી.તેથી તેમણે તા.૪-૪-૨૦૧૬ ના રોજ પ્રથમ અપીલ અને તા.૮-૭-૨૦૧૬ ના રોજ બીજી અપીલ કરી હતી. તેમ છતાં અધિકારીએ સરકારી કાયદાની અવગણના કરી તેમને માહિતી આપતા ન હતા.જેથી તેમણે તા.૨૯-૭-૨૦૧૭ ના રોજ ગુજરાત રાજ્ય માહિતી આયોગમાં અપીલ દાખલ કરી હતી. જેના પગલે આયોગે ટી.ડી.ઓ.ને નોટીસ પણ ફટકારી હતી.

અનુસંધાન પાના નં.૬

# દિયોદરના લુદરા ગામેથી મા નર્મદા મહોત્સવનો પ્રારંભ



(અશોક શેઠ)



(તા.પ્રતિ.) દિયોદર

ગુજરાત સરકાર દ્વારા તા. ૬ સપ્ટેમ્બર થી ૧૫ સપ્ટેમ્બર સુધી માં નર્મદા મહોત્સવનું આયોજન કરવા માં આવ્યું છે જેના ભાગરૂપે આજે બનાસકાંઠાના દિયોદર ના લુદ્રા ગામેથી રાજ્ય સરકારના પ્રધાન શંકરભાઇ ચૌધરી અને રાજયમંત્રી કેસાજી ચૌહાણ દ્વારા છ જેટલા નર્મદા રથની આરતી ઉતારી લીલી ઝંડી આપી નર્મદા યાત્રાના રથો નું પ્રસ્થાન કરાવ્યું હતું આ નર્મદા યાત્રા ના રથો બનાસકાંઠા જિલ્લાના વિવિધ ગામોમાં પરિભ્રમણ કરશે. દિયોદરમાં યોજાયેલ આ નર્મદા મહોત્સવ મહોત્સવ યાત્રામાં ઉપસ્થિત ગુજરાત સરકારના મંત્રી શંકરભાઇ ચૌધરીતથા કેશાજી ચૌહાણએ જણાવ્યું હતું કે બનાસકાંઠા પાટણ અને કચ્છ જેવા સરહદી જિલ્લાના પાણીના હોવાના કારણે હિજરત કરવી પડતી હતી જે નર્મદાનું પાણી આવ્યા બાદ લોકો હિજરત કરતા બંધ થયા છે જે તાલુકામાં ખેતી આવક ૨કરોડ જેટલી હતી ને નર્મદા નું પાણી આવ્યા બાદ વધીને ૨ હજાર કરોડ થઈ છે અને ખેડૂતો સમૃદ્ધ બન્યા છે આ કાર્યક્રમ આ હાલો ભેરુ ગામડેનું નાટક ભજવ્યું હતું આ કાર્યક્રમમાં અનુસંધાન પાના નં.૬

# નર્મદા મહોત્સવ સામે ખેડૂતો લાલઘૂમ : પહેલા કેનાલ રીપેર કરો પછી નર્મદા યાત્રા નીકાળો



દેવજી રાજપૂત



પ્રતિ. વાતમ

લાખણી તાલુકા કોંગ્રેસના કાર્યકરોએ ભાજપ સરકારના મા નર્મદા મહોત્સવ યાત્રાના વિરોધમાં મામલતદારને આવેદનપત્ર આપી પુરના કારણે ખેડૂતો અને આમ પ્રજા બેહાલ છે ત્યારે ચુંટણીલક્ષી તાયફા બંધ કરવાની માંગ કરી હતી.

વિધાનસભાની ચુંટણી ક્ષિતિજે ડોકાઈ રહી છે ત્યારે ભાજપ સરકાર દ્વારા ગઈકાલે તા.૬/૯/૧૭ તા.૧૫/૯/૧૭ સુધી મા નર્મદા મહોત્સવ યાત્રાનું આયોજન કર્યું છે. ૨૪ જિલ્લા, ૭ શહેર અને ૭૨૦૦ થી પણ વધુ ગામોમાં ફરનારી આ યાત્રા દ્વારા સરકાર દ્વારા થયેલ નર્મદાના કામોથી લોકોને માહીતગાર કરાનાર છે. ત્યારે યાત્રાના આરંભે જ લાખણી તાલુકા કોંગ્રેસ કાર્યકરોએ યાત્રાનો ઉગ્ર વિરોધ નોંધવ્યો છે. કાર્યકરોએ મામલતદારને આપેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે

અનુસંધાન પાના નં.૬

### વારંવાર તૂટતી કેનાલોથી થરાદ - વાવની જનતા ત્રસ્ત

રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલા નર્મદા મહોત્સવનો પ્રથમ દિવસે જ વિરોધ શરૂ થઈ ગયો છે. એક તરફ સરકાર નર્મદાનું પાણી ગામડે - ગામડે પહોંચાડ્યાનો ગર્વ લઈ રહી છે તો બીજી તરફ એજ ગામડાઓમાં કેનાલોની નબળી ગુણવત્તા બુમબરાડા પાડતી હોય તેમ દરરોજ તુટી રહી છે. થરાદ - વાવ પંથકમાં છેલ્લા એક વર્ષથી કેનોલો તુટવાની ઘટના સામાન્ય બની ગઈ છે ત્યારે સરકારી બાબુઓ નબળી કામગીરી કરનાર કોન્ટ્રાકટરોને બ્લેક લીસ્ટ કરવાને બદલે નર્મદા કેનાલમાંથી પાણી લેનાર ખેડૂતોએ ચોર સમજી જેલના સળીયા પાછળ ધકેલી રહી છે. જે મુદ્દે ખેડૂતો અનેકવાર ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી ચુકયા છે ત્યારે ફરી એકવાર સરકારે નર્મદા મહોત્સવ શરૂ કરતાં ખેડૂતો લાલઘૂમ બન્યાં છે અને પુરપીડીતોને પુરતી સહાય તેમજ કેનાલોનું કામ ગુણવત્તા સભર રીતે પૂર્ણ કરવા ઉગ્ર માંગ કરી રહ્યા છે. હવે જોવાનું એ રહે છે કે બ.કાં ના સરકારી બાબુઓ જનતાની સાંભળે છે કે નહી ???

# વડાવળ નજીક આખલા સાથે બાઈક અથડાતા બે યુવાનોને ગંભીર ઈજા



નરસિંહ દેસાઈ

**હાઈવે ઉપર રખડતા ઢોરથી વાહન ચાલકોને જીવનું જોખમ**

પ્રતિ. વડાવળ

ડીસા ભીલડી હાઈવે પર રખડતા ઢોરોનો ત્રાસ વધી ગયો છે.અવાર નવાર રખડતા ઢોરો સાથે વાહન અથડાવાના બનાવો બની રહ્યા છે.જેમાં ખાસ કરીને રાત્રી દરમિયાન રખડતા ઢોર સાથે વાહનોના અકસ્માતના બનાવો વધી રહ્યા છે.ત્યારે વડાવળ નજીક હાઈવે પર ગતરાત્રીએ વડાવળ અને કુપટના યુવાનનુ બાઈક આખલા સાથે ધડાકાભેર અથડાતા બન્ને યુવાનોને ગંભીર ઈજાઓ થઈ હતી.

આ અંગેની મળતી વિગતો પ્રમાણે ગતરાત્રીએ બે યુવાનો ભીલડી તરફથી બાઈક (નંબર.જી.જે.૮એન.૫૭૭૭) લઈને આવતા હતા ત્યારે રાત્રીના સમયે રસ્તા વચ્ચે ઉભેલા આખલાની સાથે બાઈક ધડાકાભેર અથડાતા વડાવળના પ્રકાશ શ્રીમાળી અને કુપટના રાજુભાઈ ઠાકોર નામના બન્ને યુવાનોને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલીક ૧૦૮ ને જાણ કરવામાં આવતા ઘટનાસ્થળે ૧૦૮ દ્વારા ગંભીર ઈજાઓ પામેલા બન્ને યુવાનોને સારવાર માટે દવાખાનામાં દાખલ કરવામાં આવ્યા હતા.

### હાઈવે પર રખડતા ઢોરનો ત્રાસ

ડીસા-રાધનપુર હાઈવે ટોલરોડ હોવા છતાં રખડતાં ઢોરોનો ત્રાસ વધતા અનેક વખત માર્ગ અકસ્માતના ગંભીર બનાવો બની રહ્યા છે.જેમાં અનેક લોકોએ પોતાના જીવ પણ ગુમાવ્યા છે.સરકાર આ રોડ પર ટોલટેક્ષ પણ ઉઘરાવે છે તેમ છતાં વાહન ચાલકોને સલામતી આપતા અચકાય છે.તેથી રખડતા ઢોરોના ત્રાસથી હાઈવે ગોઝારો પુરવાર થયો છે.ત્યારે હાઈવે ઓથોરીટીના સત્તાધીશો આ બાબતે સત્વરે ઘટતા પગલા ભરે તેમ વાહન ચાલકો ઝંખે છે.

# સમૌ પ્રાથમિક શાળામાં થયેલ કોમ્પ્યુટર ચોરીનો ભેદ ઉકેલાયો

ડીસા

પાટણ એલસીબી દ્વારા ઝડપાયેલ ત્રણ આરોપીઓની પુછપરછમાં ડીસા તાલુકાના સમૌ ગામની પ્રાથમિક શાળામાં બે મહિના અગાઉ થયેલ કોમ્પ્યુટર ચોરીનો ભેદ ઉકેલાયો છે.જેમાં આરોપી જબરસિંહ ભરતસિંહ જાદવ, રાજુસિંહ મોહનસિંહ જાદવ અને સંજય સુરજસિંહ જાદવે ગત તા.૧૦-૭-૨૦૧૭ ના રોજ સમૌ પ્રાથમિક શાળામાંથી પાંચ કમ્પ્યુટર સેટ કિ.રૂા.૮૭,૦૦૦ ની ચોરી કરી હોવાની કબુલાત કરતાં તેમને ડીસા તાલુકા પોલીસ મથકે વધુ કાર્યવાહી માટે લવાયા હતા.

# શિહોરી પંથકમાં વિજ કંપનીની સાત ટીમો દ્વારા વિજ ચેકિંગ

## ખેડૂતો સહિત વિજ ગ્રાહકોમાં ફફડાટ



વિજય સિલ્વા

પ્રતિ. શિહોરી

કાંકરેજ તાલુકાના ગામડાઓમાં ઉત્તર ગુજરાત વિજ કંપનીની સાત ટીમોએ વિજ ચોરી મુદ્દે આકસ્મિક તપાસણી હાથ ધરી હતી.જેથી ખેડૂતો અને વિજ ગ્રાહકોમાં ફફડાટ ફેલાયો હતો. ઉત્તર ગુજરાત વિજ કંપનીની સાત ટીમોએ ગઈકાલે સવારના સુમારે શિહોરી, કુવારબા, આકોલી, માનપુરા(શિ.)સહિતના ગામોમાં અચાનક વિજ લાઈનોની તપાસ હાથ ધરી હતી.વિજ કંપનીના અધિકારીઓ અને કર્મચારીઓના કાફલાને જુદા-જુદા ગામોમાં વિજ લાઈનોની ચકાસણી કરી હતી.જેથી ખેડૂતો સહિત વિજ ગ્રાહકોમાં ફફડાટ ફેલાયો હતો. જોકે કેટલી અનુસંધાન પાના નં.૬

# કાંકરેજ તાલુકામાં નર્મદા રથનું આગમન

## ટોટાણા ખાતે નર્મદા રથનું ભવ્ય સ્વાગત કરાયું



(કિશોર પ્રજાપતિ)

(પ્રતિ.) થરા

દિયોદર તાલુકાના લુદરા ખાતે વડાણા કેનાલ પાસે ગઈકાલે રાજયમંત્રી શંકરભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ પ્રમુખ અને રાજયમંત્રી કેશાજી ચૌહાણ, જિલ્લા પ્રભારી સચિવ, કલેકટર, ટીડીઓ, જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવે, મહામંત્રીઓ ભારતસિંહ ભટેસરીયા, ઉમેદદાન ગઢવી તેમજ અન્ય પદાધિકારીઓઓની ઉપસ્થિતિમાં નર્મદા રથનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

બાદમાં જે રથ કાંકરેજ તાલુકાના ટોટાણા ખાતે આવતાં તાલુકા યુવા ભાજપ દ્વારા બાઈક રેલી યોજી ભવ્ય સ્વાગત કરાયું હતું. જયારે સમગ્ર ટોટાણા ગ્રામજનોની હાજરીમાં બાલીકાઓ દ્વારા મા નર્મદા રથનું સામૈયું કરી પૂજન કરવામાં આવ્યું હતું બાદમાં પ્રાથમિક શાળા ખાતે સભા યોજાઈ હતી. જેમાં નર્મદા યોજના વિશે તેમજ નર્મદા યોજના માટે કોંગ્રેસે કરેલા અવરોધો તથા તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ઉપવાસનો ઉલ્લેખ કરી લોકોને વાકેફ કર્યા હતા. આ પ્રસંગે પ્રદેશ કિશાન મોરચાના ઉપાધ્યક્ષ કિર્તીસિંહ વાઘેલા, માર્કેટયાર્ડ ચેરમેન અણદાભાઈ પટેલ, જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ સુખદેવસિંહ સોઢા, તાલુકા ભાજપ પ્રમુખ ડાયાભાઈ પિલીયાતર, તાલુકા મહામંત્રી કિશોરભાઈ પ્રજાપતિ, મફાજી સોલંકી, હંસપુરી ગૌસ્વામી, રતનાભાઈ પરમાર, ડૉ.ભારતીબેન સોની, રમેશભાઈ જોષી, જેણુભા વાઘેલા, રમેશભાઈ દવે, રામજીભાઈ ગજ્જર, ભારતસિંહ વાઘેલા, કરશનભાઈ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. બાદમાં ટોટાણા, સુદ્રોસણ, ભદ્રેવાડી, શિયા, ઓઢા, નવા, કરશનપુરા, સાણંદપુરા, સોહનપુરા, ખારીયા વગેરે ગામોમાં રથ ફેરવવામાં આવ્યો હતો.